LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેનેડા સામે મોદી સરકારની આક્રમક નીતિ યોગ્ય

**ભારત** અને કેનેડાના સંબંધોમાં ફરી ડખો પડ્યો છે અને ભારતે કેનેડા ખાતેના પોતાના હાઈ કમિશનર સંજય કુમાર વર્માને પાછા બોલાવી લેવાનો નિર્ણય લેતાં બંને દેશોના રાજદ્વારી સંબંધોનો અંત આવી જવાનાં એંધાણ છે. ટેકનિકલી રાજદ્વારી સંબંધોનો અંત આવી જ ગયો છે કેમ કે હાઈ કમિશનર સર્વોચ્ચ રાજદ્વારી છે. ભારતે પહેલાં કેનેડાના ભારત ખાતેના રાજદૂતને ભારત છોડવા કહ્યું ને પછી પોતાના હાઈ કમિશનરને જ પાછો બોલાવી લીધો તેનો મતલબ એ કે, બંને દેશોમાં હવે એકબીજાના ટોચના અધિકારી નથી ને તેનો અર્થ રાજદ્વારી સંબંધોનો અંત જ કહેવાય.

કેનેડાએ તાજેતરમાં શીખ અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની કથિત હત્યામાં કેનેડા ખાતેના ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્માની સંડોવણીનો આક્ષેપ કર્યો હતો પણ ભારતીય વિદેશ મંત્રાલયે કેનેડાના નિવેદનને વાહિયાત ગણાવીને નકારી કાઢ્યું હતું.

કેનેડાએ એ છતાં સંજય કુમાર વર્માની સંડોવણીની રેકર્ડ વગાડવાનું ચાલુ રાખતાં ભારતે સોમવારે ૧૪ ઓક્ટોબરે ૬ કેનેડિયન રાજદ્વારીઓને દેશમાંથી હાંકી કાઢ્યા. આ તમામ રાજદ્વારીને ૧૯મી ઓક્ટોબરે મધ્યરાત્રિના ૧૨ વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે. સામે કેનેડાએ પણ ભારતના ૬ રાજદ્વારીને દેશ છોડવા ફરમાન કર્યું છે. બંને દેશોએ એકબીજાના રાજદ્વારીઓની હકાલપટ્ટી કરી નાખીને સ્કોર સરભર કર્યો પણ ભારતે પોતાના હાઈ કમિશનરને પણ પાછા બોલાવી લેવાનું નક્કી કરતાં બંને દેશોના રાજદ્વારી સંબંધો પર હાલ પૂરતું પૂર્ણવિરામ આવી ગયું છે.

કેનેડા ખાલિસ્તાન સમર્થક હરદીપ સિંહ નિજ્જરની હત્યાને મામલે ભારત સામે આંગળી ચીંધ્યા કરે છે. જૂન ૨૦૨૩માં નિજ્જરની હત્યા પછી કેનેડાએ આક્ષેપ મૂક્યો હતો કે, ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્મા આ હત્યામાં સામેલ છે. હરદીપ સિંહ નિજ્જરની હત્યા ૧૮ જૂને થઈ પછી કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું હતું કે, નિજ્જરની હત્યામાં ભારતનો હાથ છે. આ આક્ષેપોને ભારતે પાયાવિહોણા ગણાવ્યા હતા. ભારતે એ વખતે પણ કહેલું કે, આ મુદ્દે રાજકારણ રમાઈ રહ્યું છે અને ભારતને નિજ્જરની હત્યા સાથે કંઈ લેવાદેવા નથી.

કેનેડા એ પછી પણ આ મુદ્દાનો છાલ છોડવા તૈયાર નથી. હમણાં કેનેડા તરફથી ભારતને એક ડિપ્લોમેટિક કમ્યુનિકેશનમાં ફરી આક્ષેપ કરાયો કે, નિજ્જરની હત્યાની તપાસમાં બહાર આવ્યું છે કે, ભારતના હાઈ કમિશનર વર્મા અને અન્ય રાજદ્વારી આ હત્યામાં સામેલ હતા. ભારતે રાજદૂત સંજય કુમાર વર્માનો બચાવ કરતા કહેલું કે, આ આક્ષેપો એકદમ હાસ્યાસ્પદ અને ખોટા છે. સંજય કુમાર વર્મા જાપાન અને સુદાનમાં પણ ભારતના રાજદૂત રહ્યા છે અને તેમની સામે આંગળી ચીંધી શકાય એવું કશું નથી.

કેનેડાએ એ છતાં જૂની રેકર્ડ વગાડવાનું બંધ ના કરતાં અકળાઈને ભારતીય વિદેશ મંત્રાલયે કેનેડામાં આપણા હાઈ કમિશનર સહિતના અધિકારીઓને ભારત પરત બોલાવવાનો ફેંસલો કરીને આકરા તેવર બતાવ્યા છે. વિદેશ મંત્રાલયે સાફ શબ્દોમાં કહ્યું છે કે, કેનેડાની જસ્ટિન ટ્રુડો સરકાર ભારકીય હાઈ કમિશનર અને અન્ય અધિકારીઓની સુરક્ષા અંગે કોઈ ખાતરી આપવા તૈયાર નથી તેથી અમે તેમને પરત બોલાવી રહ્યા છીએ.

કેનેડા એ પછી પણ નિજ્જરની હત્યાની રેકર્ડ વગાડવાનું ચાલુ રાખ્યું છે. કેનેડાના ઈનચાર્જ ડી'અફેયર્સ એટલે કે વિદેશી બાબતોનો હવાલો સંભાળતા અધિકારી સ્ટીવર્ટ વ્હીલરે દાવો કર્યો છે કે, કેનેડાની સરકારે ભારતીય એજન્ટોનો નિજ્જર હત્યા સાથે સંબંધો હોવાના પુરાવા આપ્યા છે. હવે સમય આવી ગયો છે કે ભારત પોતાનું વચન પાળે અને તે તમામ આરોપીઓની તપાસ કરે.

કેનેડા ભારત સામે જે આક્ષેપો કરી રહ્યું છે એ સાચા છે કે ખોટા એ ખબર નથી પણ તેનાથી ભારતને કોઈ ફરક પડતો નથી. ભારતે નિજ્જરની હત્યા ના કરાવી હોય તો ઠીક છે પણ માનો કે નિજ્જરની હત્યા કરાવી હોય તો પણ તેમાં કશું ખોટું નથી કેમ કે નિજ્જર ભારતમાં અરાજકતા અને હિંસા ફેલાવવા માગતો હતો.

કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ કેનેડાની સસંદમાં નિવેદન આપેલું કે, હરદીપસિંહ નિજ્જર કેનેડાનો નાગરિક હતો પણ ભારતે કેનેડાની ધરતી પર તેની હત્યા કરાવીને કેનેડાના સાર્વભૌમત્વનો ભંગ કર્યો છે. નિજ્જર કેનેડાનો નાગરિક હતો એ વાત સાથે સહમત થવામાં આપણને કંઈ વાંધો નથી પણ ટ્રુડો કહે છે એમ નિજ્જર સામાન્ય નાગરિક નહોતો. ભારતમાં નિજ્જર સામે હત્યાઓ કરાવવા સહિતના આતંકવાદને લગતા કેસ હતા. નિજ્જર ભારતના ભાગલા કરવાનો હેતુ પાર પડે એ માટે આતંકવાદ ફેલાવતો હતો.

ભારત સરકારે નિજ્જરને આતંકવાદી જાહેર કરીને દસ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરેલું હતું. નિજ્જર પંજાબ સહિતના ભારતનાં રાજ્યોમાં અરાજકતા અને અશાંતિ ઊભી કરવા માગતો હતો એ જોતાં ભારત માટે નિજ્જર વિલન હતો. ભારતે તેની હત્યા કરાવી હોય તો તેનો ભારતને પૂરો હક હતો. ટ્રુડો કેનેડાના સાર્વભૌમત્વની બોન પૈણવા બેઠા છે પણ ભારતના સાર્વભૌમત્વનું શુ? નિજ્જર ભારતના ભાગલા કરવા માગતો હોય ને આપણે બેઠા બેઠા તમાશો જોયા કરીએ, કેનેડાના સાર્વભૌમત્વની ચિંતા કર્યા કરીએ એ શક્ય નથી.

દુનિયાનો કોઈ પણ દેશ પોતાની સુરક્ષા સામે ખતરો હોય ને દેશના ટુકડા કરવા માગતો હોય એવા નમૂનાને ઉપર જ પહોંચાડે. ભારતે પણ એ કર્યું તો તેમાં જરાય ખોટું વનથી. ટ્રુડોને કેનેડાના સાર્વભૌમત્વની એટલી જ ચિંતા હતી તો તેમણે નિજ્જરને પહેલાં રોકવાની જરૂર હતી. નિજ્જર કેનેડાની ધરતીનો ઉપયોગ ભારતમાં આતંકવાદ ફેલાવવા માટે કરતો હતો એ બંધ કરાવવાની જરૂર હતી. તેના બદલે કેનેડા નિજ્જરને છાવરતું હતું ને હવે કેનેડા નિજ્જરની હત્યા બદલ છાજિયાં લે, કેનેડાના સાર્વભૌમત્વની વાતો કરે એ ના ચાલે. ભાઈ, સાર્વભૌમત્વ તમારું એકલાનું નથી પણ અમારું પણ છે.

ભારત ને કેનેડા વચ્ચે સંબંધો વણસતાં ભારતીયો ચિંતામાં છે કેમ કે હજારો ભારતીય વિદ્યાર્થીઓ કેનેડામાં ભણે છે અને નોકરી-ધંધો કરવા માટે કેનેડા ગયા છે. તેમનાં સ્વજનોને ચિંતા થાય એ સ્વાભાવિક છે પણ તેમણે ચિંતા કરવાની જરૂર નથી. આ તણાવ કામચલાઉ છે અને બહુ જલદી તેનો અંત આવી જશે . ભારત અને કેનેડા બંનેના આર્થિક હિતો પરસ્પર જોડાયેલાં છે તેથી કોઈને પણ એકબીજાને અવગણવા પરવડે નહીં. આ કારણે બહુ જલદી બધું પૂર્વવત થઈ જશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), બુધવાર, તા. ૧૬-૧૦-૨૦૨૪, શરદ પૂર્ણિમા, કોજાગરી પૂર્ણિમા

- ભારતીય દિનાંક ૨૪, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ -૧૪
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૩મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૧૯-૧૭ સુધી, પછી રેવતી.
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૦-૩૯, રાત્રે ક. ૨૩-૨૦
- ઓટઃ સાંજે ક. ૧૬-૫૪ મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૦ (તા. ૧૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, "રાક્ષસ" નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, "ક્રોધી" નામ સંવત્સર, આશ્વિન શુક્લ - ચતુર્દશી. શરદ પૂર્ણિમા, કોજાગરી પૂર્ણિમા, વ્રતની પૂનમ, અગ્રહાયણ નવાન્ન પૂર્ણિમા, લક્ષ્મી અને ઈન્દ્ર પૂજન, પંચક, વિષ્ટિ ક. ૨૦-૪૧થી. સૂર્ય મહાનક્ષત્ર ચિત્રામાં, વાહન મહિષી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વ્રતની પૂનમનો ઉપવાસ, કુળદેવતા દેવી દર્શન, તીર્થદર્શન, નૈવેદ્ય, પૂષા દેવતાનું પૂજન, દૂધ પૌંઆની ખીરનો મહિમા. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કથા વાંચન, વિષ્ણુ-લક્ષ્મી પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, ધજા, કળશ પતાકા ચઢાવવી, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, શાંતિપૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, બુધ-શનિ ગ્રહદેવતાનું પૂજન, અહિર્બુધ્ન્ય દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, લીમડાનું વૃક્ષ વાવવું, સ્થિર પ્રકારનાં કાર્યો, પર્વ નિમિત્તે નવા વસ્ત્ર, આભૂષણ, બી વાવવું, નિત્ય થતાં પશુ લેવડદેવડના કામકાજ.
- આચમનઃ શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ કાવ્યમય સ્વભાવ, ચંદ્ર-રાહુ યુતિ ભયભીત મન રહ્યા કરે.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-રાહુ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યૂયુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ચૂંટણી પહેલાની 'મફત રેવડી'ને લાંચ માનવામાં 'આવે', સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને ચૂંટણી પંચને પાઠવી નોટિસ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને ભારતના ચૂંટણી પંચને એક અરજી પર નોટિસ જાહેર કરી છે જેમાં ચૂંટણી પહેલા રાજકીય પક્ષો દ્વારા આપવામાં આવતી 'મફત રેવડી'ને લાંચ તરીકે જાહેર કરવામાં આવે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડની આગેવાની હેઠળની બેન્ચે કેન્દ્ર અને ચૂંટણી પંચને નોટિસ જાહેર કરી હતી અને કર્ણાટકના રહેવાસી શશાંક જે શ્રીધરે પોતાની અરજીમાં કહ્યું હતું કે ચૂંટણી અગાઉ આપવામાં આવતી 'મફત રેવડી'ની જાહેરાતોને લાંચ જાહેર કરવામાં આવે. આ મતદાતાઓને એક રીતે લાંચ આપવાની એક રીત છે.

તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મફતની યોજનાઓથી સરકારના ખજાના પર બોજ પડે છે. રાજકીય પાર્ટીઓ વારંવાર આ પ્રકારની મફત યોજનાઓની જાહેરાતો કરી દે છે અને એમ પણ જણાવતી નથી કે તે આ યોજનાને કેવી રીતે પૂરી કરશે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે પારદર્શિતા ન હોવાના કારણે આ પ્રકારનાં વચનો પૂરાં થતાં નથી. તેનાથી મતદાતાઓ સાથે છેતરપિંડી થાય છે.

અરજદારે કહ્યું કે આવી યોજનાથી ચૂંટણી પ્રક્રિયા લેવડ દેવડની પ્રક્રિયા બની જાય છે. મફતની યોજનાઓ અને ચૂંટણી પહેલાંનાં વચનો વધી રહ્યા છે છતાં ચૂંટણી પંચ આ પ્રથાને રોકવામાં સફળ રહ્યું નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે લોકશાહીની અખંડિતતા જળવાઈ રહે તે રીતે ચૂંટણી યોજાવી જોઈએ. અરજદારે એવી પણ માગણી કરી હતી કે ચૂંટણીના થોડા સમય પહેલા મફત યોજનાઓ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આવો પ્રતિબંધ માત્ર સરકારને જ નહીં પરંતુ તમામ રાજકીય પક્ષોને લાગુ પડવો જોઈએ.

# એર ઈન્ડિયાની ફ્લાઈટનું અયોધ્યામાં ઈમરજન્સી લેન્ડિંગ, બૉમ્બ હોવાની મળી હતી સૂચના

અયોધ્યાઃ બૉમ્બની ધમકી બાદ એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટનું ઉત્તર પ્રદેશના અયોધ્યા એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. અયોધ્યાથી બેંગલુરુ જઇ રહેલી એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટનું ઇમરજન્સી લેન્ડિંગ કરાયું હતું. મહર્ષિ વાલ્મીકિ ઇન્ટરનેશનલ એરપોર્ટના ડાયરેક્ટર વિનોદ કુમારે પુષ્ટિ કરી હતી કે સુરક્ષા કારણોસર ફ્લાઈટને તરત જ લેન્ડ કરવામાં આવી હતી. ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતા જ સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી અને ફ્લાઈટને તરત જ અયોધ્યા એરપોર્ટ પર લેન્ડ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ ઈમરજન્સી લેન્ડિંગ પછી સુરક્ષાકર્મીઓએ આખા વિમાન અને તેના મુસાફરોની તપાસ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી બોમ્બની ધમકી મળ્યા બાદ આ સ્થિતિ સર્જાઈ હતી. આ માહિતી મળતાની સાથે જ જરૂરી સુરક્ષા પ્રોટોકોલ મુજબ પ્લેનને રોકીને તેની તપાસ કરાઇ હતી. પ્લેનમાંથી કોઇ વાંધાજનક વસ્તુ મળી નથી.

એર ઈન્ડિયા એક્સપ્રેસના પ્રવક્તાએ પીટીઆઈને જણાવ્યું હતું વિમાનમાં ૧૩૨ મુસાફરો હતા. વિમાન જયપુરથી આવી રહ્યું હતું અને અયોધ્યામાં થોડા સમય માટે રોકાયા બાદ બેંગલુરુ જવાનું હતું.

નોંધનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી ઘણાં વિમાનોમાં બોમ્બ હોવાની ધમકીઓ મળી રહી છે. સોમવારે મુંબઈથી ઊપડતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળ્યા બાદ તેને દિલ્હીમાં લેન્ડ કરવામાં આવી હતી. આ સિવાય મુંબઈથી જેદ્દાહ અને મસ્કત જતી ઈન્ડિગોની બે ફ્લાઈટને પણ બોમ્બ હોવાની ધમકી મળી હતી.

# ભારતે ટ્રુડોના આરોપો ફગાવ્યા

નવી દિલ્હીઃ ભારતે મંગળવારે કેનેડાના ભારતીય એજન્ટોને તે દેશમાં ગુનાહિત ગેંગ સાથે જોડવાના પ્રયાસોનાં આક્ષેપોને ફગાવી દીધા હતા અને ઓટાવાના દાવાને નકારી કાઢ્યો હતો કે તેણે નિજ્જર કેસમાં નવી દિલ્હી સાથે પુરાવા શેર કર્યા હતા.

સૂત્રોએ કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોના આરોપોને પણ નકારી કાઢ્યા હતા કે ભારત તેમના દેશમાં કેનેડિયન નાગરિકોને લક્ષ્યાંકિત કરતી અપ્રગટ કામગીરીઓ કરવા સહિતની પ્રવૃત્તિઓમાં સામેલ છે.

'કેનેડિયન પીએમ ટ્રુડોની ગઈકાલે પ્રેસ કોન્ફરન્સ એ જ જૂના ટ્રુડોએ તે જ જૂના કારણોસર તે જ જૂની વાતો કહી હતી,' તેવું એક સૂત્રએ જણાવ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે કેનેડાના અધિકારીઓના પુરાવા સોંપવા વિશેના નિવેદનો તદ્દન ખોટા છે.

સૂત્રોએ રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ દ્વારા ભારતીય એજન્ટોને બિશ્નોઈ ગેંગ સાથે જોડવાના પ્રયાસોને પણ નકારી કાઢ્યા હતા.

ભારતે છ કેનેડિયન રાજદ્વારીને હાંકી કાઢ્યા હતા અને શીખ ઉગ્રવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાની તપાસ સાથે રાજદૂતને જોડતા ઓટાવાના આરોપોને ફગાવી દીધા પછી કેનેડામાંથી તેના હાઈ કમિશનરને પાછા ખેંચવાની જાહેરાત કરી હતી.

પહેલા પાનાનું ચાલુ

## ડિજિટલ ટેક્નોલૉજી

કહ્યું હતું કે નાગરિકોને સુરક્ષા આપવા હું 'શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ' એની સ્પષ્ટ ગાઈડલાઈનની તરફેણ કરું છું.

તેમણે કહ્યું હતું કે વૈશ્વિક માળખા અને ડિજિટલ ટેક્નોલોજીની ગાઈડલાઈનની જરૂર છે. વૈશ્વિક સંસથાઓ ડિજિટલ ટેક્નોલોજી માટે નિયમો આધારિત માળખા સ્વીકારે એનો સમય પાકી ગયો છે.

ડિજિટલ નિયમો મહત્ત્વના છે. એનું કારણ ફક્ત એ નથી કે આમાં વ્યક્તિગત ગોપનીયતા, માધ્યમોની ગેરમાહિતી, ટેક્નિકલ મોટી કંપનીઓની પ્રતિબદ્ધતા અને સામાજિક મહત્ત્વ સંડોવાયેલુ છે, પરંતુ વસ્તુઓ અને સેવામાં વેપાર ડેટાના આંતરરાષ્ટ્રીય પ્રવાહ પર આધારિત હોય છે.

મોદીએ કહ્યું હતું કે ડિજિટલ ટુલ અને એપ્લિકેશન ભૌગોલિક સીમાને આંબી ગયા છે અને કોઈ એકલો દેશ તેના નાગરિકને સાયબર જોખમમાંથી બચાવી ન સકે. આથી વૈશ્વિક સ્તરે 'શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ' એ નક્કી કરવું જોઈએ. આ માટે આપણે સાથે મળીને કામ કરવું જોઈએ, વૈશ્વિક સંસ્થાઓએ આની જવાબદારી લેવી જોઈએ. મોદીએ આ માટે હવાઈ ઉડ્ડયન ક્ષેત્રનો દાખલો આપતાં કહ્યું હતું કે ડિજિટલ વિશ્વ માટે એ જ પ્રકારનું માળખું તૈયાર કરવું જોઈએ.

ગ્લોબલ એવિયેશન રેગ્યુલેશન આંતરરાષ્ટ્રીય ફ્લાઈટની સલામતી, સુરક્ષા અને કાર્યક્ષમતાની તકેદરી લેતી ટેક્નિકલ, કાનૂની અને ઓપરેશનલ જરૂરિયાતના સેટનો લે આઉટ છે.

ટેક્નોલોજીમાં 'શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ'એવી માર્ગદર્શિકાની જરૂરિયાત પર ભાર મૂકતાં વડા પ્રધાને ડિજિટલ ટુલ અને એપ્લિકેશનના સીમામુક્ત પ્રકારની સમજણ આપી હતી. તેમણે વૈશ્વિક સંસ્થાઓને સાયબર ખતરાનો સામનો કરવા આંતરરાષ્ટ્રીય સહકાર અને સહિયારા પ્રયાસનો અનુરોધ કર્યો હતો.

વડા પ્રધાને એસેમ્બલીના સભ્યોને એવું ધોરણ બનાવવાનો અનુરોધ કર્યો હતો કે જે સમાવેશક, સુરક્ષિત અને એથિકલ એઆઈ અને ડેટાની ગોપનીયતા ધોરણ જેવા ભાવિ પડકારોને પહોંચી લે એવું હોય.

વડા પ્રધાને વિગ્રહોથી પીડાતા વિશ્વમાં એકમતી અને જોડાણની જરૂરિયાત પર ભાર મૂકતાં કહ્યું હતું કે ભારત વિશ્વને લડાઈઓમાંથી બહાર લાવવામાં અને જોડવા માટે પ્રવૃત્ત છે. (એજન્સી)

### ભારત સિક્સ-જી ટેક્નોલૉજીમાં વિશ્વનું નેતૃત્વ કરશેઃ ગોયલ

નવી દિલ્હી : કોમર્સ અને ઈન્ડસ્ટ્રી મિનિસ્ટર પીયુષ ગોયલે એવો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ૬-જીમાં ભારત તંત્રજ્ઞાન વિકસાવામાં અને લોકોમાં દાખલ કરવામાં વિશ્વની આગેવાની લેશે. તેમણે કહ્યું હતું કે ૪-જી સર્વિસીસમાં ભારત થોડું પાછળ છે, પરંતુ દેશ ૫-જી સમાંતર રીતે દાખલ કરી રહ્યું છે. ગોયલે કહ્યું હતું કે ઉચ્ચ ગુણવત્તાવાળી ટેલિકોમ સર્વિસીસ અને ઉપકરણો વડે વિશ્વમાં ટેક્નોલોજી પ્રોવાઈડર બને એવી ભારતમાં ક્ષમતા છે. ઈન્ડિયા મોબાઈલ કૉંગ્રેસ ૨૦૨૪માં બોલતાં તેમણે કહ્યું હતું કે આપણે 'ટેલ્કો'માંથી 'ટેક્નો' બનવું જોઈએ.

## ભારત-અમેરિકા વચ્ચે

જોડાણ વધુ મજબૂત બનાવ્યું છે. અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીના એક અઠવાડિયા અગાઉ જ ડ્રોન પ્રાપ્ત કરવાના કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ ગયા અઠવાડિયે મળેલી કેબિનેટ કમિટી ઑન સિક્યોરિટી (સીસીએસ)ની બેઠકમાં 'એમક્યૂ-નાઈન-બી હન્ટર કિલર' ડ્રોનની પ્રાપ્તિની મંજૂરી આપવામાં આવી હતી. આ કરાર અંગેની વાટાઘાટમાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર જનરલ ઍટોમિક્સ ગ્લોબલ કોર્પોરેશનના ચીફ એક્ઝિક્યૂટિવ વિવેક લાલ પણ કરાર સહી કરવામાં આવ્યા તે સમયે હાજર હતા. પ્રાથમિક રીતે જોતાં સંરક્ષણ દળની ક્ષમતા વધારવા અને ખાસ કરીને ચીનની સરહદે ચાંપતી નજર રાખવા આ ડ્રોનની ખરીદી કરવામાં આવી રહી છે. ગયા વરસના જૂનમાં સંરક્ષણ ખાતાએ એમક્યૂ નાઈન-બી પ્રિડેટર આર્મ્ડ ડ્રોનની પ્રાપ્તિ માટે મંજૂરી આપી દીધી હતી. એમક્યૂ નાઈન-બી ડ્રોન, એમક્યૂ નાઈન 'રિપર' ડ્રોનની સુધરેલી આવૃત્તિ છે. જુલાઈ ૨૦૨૨માં કાબૂલના હાર્દસમા વિસ્તારમાં અલ કાઈદાના નેતા આયમન અલ જવાહિરીની હત્યા કરવા એમક્યૂ નાઈન 'રિપર' ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતીય નૌકાદળને ૧૫ સી ગાર્ડિયન ડ્રોન તો ભારતીય હવાઈ દળ અને સેના પ્રત્યેકને આઠ સ્કાય ગાર્ડિયન ડ્રોન પ્રાપ્ત થશે. (એજન્સી)

## ખરો કિલર તો

(૨૩) અને ધર્મરાજ રાઘે કશ્યપ (૧૯)ને પોલીસે ઘટનાની ગણતરીની મિનિટોમાં જ પકડી પાડ્યા હતા, જ્યારે તેમનો સાથી ઉત્તર પ્રદેશના બહરાઈચ જિલ્લામાં રહેતો શિવકુમાર ગૌતમ ફરાર થઈ ગયો હતો. ગૌતમની શોધ માટે પોલીસની એક ટીમ મધ્ય પ્રદેશ પણ રવાના થઈ હતી.

પકડાયેલા આરોપીઓએ પોલીસ પૂછપરછમાં દાવો કર્યો હતો કે સિદ્દીકી પર ગોળીબારની જવાબદારી ગૌતમ પર હતી અને તેણે જ ગોળીઓ ચલાવી હતી. ઉત્તર પ્રદેશમાં લગ્ન વખતે હવામાં ગોળીબાર કરવામાં આવતો હોય છે. ગૌતમે પણ લગ્ન વખતે અનેક વાર બંદૂકમાંથી ગોળીબાર કર્યો હતો, જેને પગલે તે ડર્યા વિના ફાયરિંગ કરી શકતો હતો, એમ એક પોલીસ અધિકારીનું કહેવું છે.

સિદ્દીકીની હત્યાની યોજના ત્રણથી ચાર મહિના પહેલાં બનાવવામાં આવી હતી અને હત્યારાઓની ગતિવિધિ પણ ચાલુ થઈ ગઈ હતી. સ્નેપચૅટના માધ્યમથી આરોપીઓ એકબીજાના સંપર્કમાં હતા. પકડાયેલા બન્ને શૂટરે યુ-ટ્યુબ પર ફાયરિંગના અનેક વીડિયો જોયા હતા. વીડિયો જોઈને જ ગોળીબાર કરવાનું તે શીખ્યા હોવાનું કહેવાય છે.

## તમિળનાડુ, આંધ્રમાં

કોર્પોરેશને હેલ્પલાઈન નંબર ૧૯૧૩ જાહેર કર્યો હતો. શાળાઓ અને કોલેજો માટે રજા જાહેર કરવામાં આવી છે અને સરકારે લોકોને હવામાન અપડેટ્સ માટે તમિલનાડુ એલર્ટ એપ તપાસવા વિનંતી કરી છે. મેટ્રો રેલ સહિતની ફ્લાઈટ અને ટ્રેન કામગીરીને અત્યાર સુધી કોઈ અસર થઈ નથી. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે દક્ષિણ બંગાળની ખાડીના મધ્ય ભાગમાં મંગળવાર સવાર સુધીમાં નીચા દબાણનો વિસ્તાર રચાયો છે. 'એક્સ' પરની એક પોસ્ટમાં, વિભાગે જણાવ્યું હતું કે આગામી બે દિવસ દરમિયાન તે ડિપ્રેશનમાં તીવ્ર બનશે અને પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ ઉત્તર તમિલનાડુ, પુડુચેરીને અડીને આવેલા દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે આગળ વધવાનું ચાલુ રાખે તેવી શક્યતા છે. બંગાળની ખાડી પર લો પ્રેશર વિસ્તારને પગલે આંધ્ર પ્રદેશના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો, જે સમુદ્રના દક્ષિણપૂર્વ ભાગથી પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધ્યો હતો અને મંગળવારે સવારે ત્યાં પડ્યો હતો. હવામાન વિભાગે મંગળવારે એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે હવામાન પ્રણાલી ડિપ્રેશનમાં તીવ્ર બનવાની અને આગામી બે દિવસમાં ઉત્તર તમિલનાડુ, પુડુચેરી અને નજીકના દક્ષિણ આંધ્ર પ્રદેશના કિનારા તરફ પશ્ચિમ-ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ અને યાનમમાં મંગળવારે જોરદાર ચોમાસાની ગતિવિધિ જોવા મળી હતી અને જોરદાર વરસાદ પડ્યો હતો. ભારે વરસાદ સાથે રાજ્યના રાયલસીમા પ્રદેશ માટે સમાન હવામાન પેટર્નની આગાહી કરવામાં આવી છે. ડઝનેક સ્થળે ભારે વરસાદ પડ્યો હતો. નેલ્લોર જિલ્લાના કાવલીમાં ૧૫ સેમી વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ અદંકી (બાપટલા) ૧૪ સેમી, કંદુકુર (નેલ્લોર) ૧૨ સેમી, યાનમ ૯ સેમી અને આત્મકુર (નેલ્લોર) ૮ સેમી વરસાદ નોંધાયો હતો. રાયલસીમા પ્રદેશમાંથી, વાયએસઆર કડપા જિલ્લાના કોડુરમાં ૧૦ સેમી વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ સુલ્લુર પેટા અને ગુદુર (તિરુપતિ) અનુક્રમે ૭ સેમી અને ૬ સેમી વરસાદ નોંધાયો હતો.

## ગુજરાતની વાવ

ગેનીબેન ઠાકોરે હરાવીને ભાજપની હેટ્રિકને રોકી હતી ત્યારબાદ તેમણે વાવ બેઠક પરથી રાજીનામું આપતા આ બેઠક ખાલી પડી હતી.

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજી મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરવા સાથે ૧૫ રાજ્યોની વિવિધ ૪૮ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી તથા ૨ લોકસભા બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જે પૈકી ગુજરાતની વાવ વિધાનસભા બેઠક માટે તા.૧૩મી નવેમ્બર, ૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. વાવ વિધાનસભા બેઠક માટે તા.૧૮ ઑક્ટોબરથી તા.૨૫ ઑક્ટોબર, ૨૦૨૪ સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય ઉમેદવારીપત્રો ભરી શકાશે. વાવ વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૩૨૧ પોલિંગ સ્ટેશન આવેલા છે. જેમાં તા.૧૫ ઑક્ટોબર, ૨૦૨૪ સુધીમાં ૧,૬૧,૨૯૩ પુરુષ, ૧,૪૯,૩૮૭ સ્ત્રી અને ૦૧ થર્ડ જેન્ડર મળી કુલ ૩,૧૦,૬૮૧ મતદારોનો સમાવેશ થાય છે. વાવ વિધાનસભાની પેટાચૂંટણી સંદર્ભે તા.૧૫મી ઓક્ટોબર એટલે કે આજથી આદર્શ આચારસંહિતા લાગુ પડશે.

## મહારાષ્ટ્રમાં

પ્રધાન એકનાથ શિંદેના વડપણ હેઠળની મહાયુતિ સરકાર તેની ફ્લેગશિપ યોજના 'લાડકી બહેન' પર મદાર રાખશે. મતદારોને આકર્ષવા આ યોજના અંતર્ગત રાજ્યની ગરીબ મહિલાઓને માસિક રૂ. ૧૫૦૦ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૨.૫ કરોડ લાભાર્થી મહિલાઓને આવરી લેવાની સરકારની યોજના છે. મહારાષ્ટ્રમાં અંદાજે ૪.૫ કરોડ મહિલા મતદાતા છે. મહારાષ્ટ્રમાં ૯.૬૩ કરોડ અને ઝારખંડમાં ૨.૬ કરોડ પાત્ર મતદાતા છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વિધાનસભાની ૪૭ બેઠક અને લોકસભાની વાયનાડ બેઠકની પેટાચૂંટણી ૧૩ નવેમ્બરે યોજાશે.

કૉંગ્રેસના સાંસદ વસંત ચવ્હાણનાં મૃત્યુને કારણે વાયનાડ લોકસભા બેઠકની પેટાચૂંટણી યોજવી જરૂરી બની ગઈ હતી.

ઉત્તરાખંડમાં કેદારનાથ વિધાનસભા બેઠક, મહારાષ્ટ્રમાં નાંદેડ લોકસભા બેઠકની પેટાચૂંટણી ૨૦મી નવેમ્બરે યોજાશે, એમ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે કહ્યું હતું.

હરિયાણા ચૂંટણીને મામલે કૉંગ્રેસ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો અંગે બોલતાં રાજીવકુમારે કહ્યું હતું કે વાસ્તવિકતાને આધારે ઈવીએમ અંગેની તમામ ૨૦ ફરિયાદના અમે જવાબ આપીશું. એક્ઝિટ પૉલમાં અનેક વિકૃતિઓ જોવા મળે છે અને તેમણે આત્મમંથન કરવાની જરૂર છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## ભારત-કેનેડાના

કે, ભારત વિરુદ્ધ ઉગ્રવાદ, હિંસા અને અલગતાવાદને ટ્રુડો સરકારના સમર્થનના જવાબમાં ભારત આગળ પગલાં લેવાનો અધિકાર અનામત રાખે છે.

૨૦૧૮ માં, તેમની ભારતની મુલાકાત, જેનો હેતુ વોટ બેંકની તરફેણ મેળવવાનો હતો. તેમની કેબિનેટમાં એવી વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેઓ ખુલ્લેઆમ ભારત સંબંધિત ઉગ્રવાદી અને અલગતાવાદી એજન્ડા સાથે જોડાયેલા છે. ડિસેમ્બર ૨૦૨૦ માં ભારતીય આંતરિક રાજકારણમાં તેમની દખલગીરી દર્શાવે છે કે તેઓ આ સંદર્ભમાં કેટલા આગળ જવા માટે તૈયાર છે, તેવું વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું.

ટ્રુડોએ સોમવારે પત્રકારો સાથે વાત કરતા ભારત સરકારના એજન્ટો પર કેનેડામાં હત્યા સહિત "વ્યાપક હિંસા" માં ભૂમિકા ભજવવાનો આરોપ મૂક્યો હતો.

ટ્રુડોએ ઓટાવામાં એક ન્યૂઝ કોન્ફરન્સમાં પત્રકારોને જણાવ્યું હતું કે, "શરૂઆતથી, ગયા ઉનાળાની જેમ, ન્યાયિક હત્યાના પ્રયાસના સંદર્ભમાં અમે અમારા ફાઇવ આઇઝ ભાગીદારો સાથે નજીકથી કામ કર્યું છે, ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સ સાથે, જ્યાં તેઓ ભારત તરફથી સમાન વર્તનમાંથી પસાર થયા છે." અમે કાયદાના શાસન માટે એકસાથે ઊભા રહીશું તેમ જ અમે અમારા સહયોગીઓ સાથે કામ કરવાનું ચાલુ રાખીશું, એમ તેમણે જણાવ્યું હતું.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે હજુ સુધી તેના બે નજીકના સાથી અને ભાગીદારો વચ્ચે રાજદ્વારી સંકટ પર કોઈ નિવેદન આપ્યું નથી.

ગયા વર્ષે નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંડોવણીના કેનેડાના આરોપને ભારત ભારપૂર્વક નકારી રહ્યું છે.

જય શ્રી કૃષ્ણ



અત્યંત દુ:ખ સાથે જણાવવાનું કે
**શ્રીમતી કોકિલા અનંત જાની**
(૯૨ વર્ષ)
સ્વ. અનંત રતિલાલ જાની (સોલિસિટર) ના ધર્મપત્ની તા. ૧૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.
પુત્રો-પુત્રી:
સ્વ. ચંદ્રહાસ જાની (સોલિસિટર)
પ્રિયહાસ જાની (સોલિસિટર)
કલ્યાણી જાની
પુત્રવધુ:
હર્ષા સી. જાની અને અર્ચિતા પી. જાની
પૌત્ર-પૌત્રીઓ:
જૈત્રા પી. જાની અને રચેતા જાની
નિરવ સી. જાની (સોલિસિટર) અને દીક્ષા જાની
નિકેત પી. જાની અને નીતિ જાની
નમ્રતા સી. જાની અને કરન એસ. રૂખાના
તેજસ શાહ અને વિધી શાહ
પ્રપૌત્ર-પ્રપૌત્રી:
આર્યા જાની અને અથર્વ જાની
: પ્રાર્થના સભા :
ગુરૂવાર, ૧૭ ઓક્ટોબર, ૨૦૨૪
સાંજે ૫ થી ૭
વાય. બી. ચવાન સેન્ટર, ૪થે માળે,
જન. જગન્નાથ ભોસલે માર્ગ, મંત્રાલય પાસે, મુંબઈ - ૨૧.



મોઢ વણિક મરણ



**સમીરભાઈ વ્રજેન્દ્રભાઈ તેલીવાલા**
તા. ૧૪.૧૦.૨૦૨૪ ના શ્રીજી ચરણ પામ્યા છે
તેઓ વ્રજેન્દ્રભાઈ અને પ્રેમીલાબેન ના પુત્ર, બીનાબેન ના પતિ, સ્વ. ઈજ્જતરાય શાંતીલાલ શાહ ના જમાઈ, જાનકી ના પિતા, તુષારભાઈ ગણાત્રા ના સસરા, ભાવનાબેન દિલપભાઈ થાણાવાલા અને અમિતભાઈ ના ભાઈ
લૌકિક વ્યવહાર બંધ છ


## બાબા સિદ્દીકી હત્યા કેસ

# કિલરને કૅશ આપનાર નિષદ યુપીથી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એનસીપી) અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકીની બાન્દ્રામાં ગોળી મારી હત્યા કરવાના કેસમાં પોલીસે કાવતરું ઘડનારાઓને નાણાં પૂરાં પાડનારા શખસને ઉત્તર પ્રદેશમાં પકડી પાડ્યો હતો. પુણેમાં ભંગારની દુકાન ચલાવતો આરોપી એ જ પરિસરમાં રહેતા ફરાર આરોપી શિવકુમાર ગૌતમના સંપર્કમાં હોવાથી પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.

ક્રાઈમ બ્રાન્ચની એન્ટી એક્સ્ટૉર્શન સેલ (એઈસી)ના અધિકારીઓએ ધરપકડ કરેલા આરોપીની ઓળખ હરીશકુમાર બાલકરામ નિષદ (૨૬) તરીકે થઈ હતી. કોર્ટે ૨૧ ઑક્ટોબર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે. વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ સિદ્દીકી હત્યા પ્રકરણમાં આરોપી નિષદે નાણાં અને લૉજિસ્ટિક સપોર્ટ પૂરાં પાડ્યાં હોવાનું તપાસમાં જણાયું હતું. એ સિવાય તે કાવતરાનો એક ભાગ હોવાનું પણ સામે આવ્યું હતું.

બાન્દ્રા પૂર્વના નિર્મલ નગર પરિસરમાં શનિવારની રાતે કારમાં ઘરે જવા નીકળેલા બાબા સિદ્દીકી પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. છાતીમાં ગોળી વાગવાથી સિદ્દીકીનું હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું. આ કેસમાં બે શૂટર ગુરમેલ સિંહ (૨૩) અને ધર્મરાજ કશ્યપ (૧૯)ને હુમલાની ગણતરીની મિનિટોમાં જ નિર્મલ નગર પોલીસે પકડી પાડ્યા હતા. બાદમાં કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચે પ્રવીણ લોણકર (૩૦)ની પુણેથી ધરપકડ કરી હતી. લોણકરની પૂછપરછમાં પુણેમાં જ ભંગારની દુકાન ચલાવતા નિષદનું નામ સામે આવ્યું હતું. જોકે લોણકર પકડાતાં નિષદ ફરાર થઈ ગયો હતો. નિષદ ઉત્તર પ્રદેશના તેના વતને હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી. યુપીના કૈસરગંજથી સોમવારે તાબામાં લેવાયેલા નિષદને મુંબઈ લાવવામાં આવ્યો હતો. ■

## ગોળીથી ઘવાયેલા બાબા સિદ્દીકીને મૃત્યુનો અણસાર આવી ગયો હતો?

### 'હું નહીં જીવી શકું' એવું સિદ્દીકીએ કાર્યકરને કહ્યું હતું



આરોપી હરીશકુમાર નિષદને અદાલતમાં હાજર કરાયો હતો. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સુપારી કિલરોની ગોળીથી ઘવાયેલા મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકીને હૉસ્પિટલે લઈ જતી વખતે જ મૃત્યુનો અણસાર આવી ગયો હતો અને આ અંગે તેમણે કાર્યકરને વાત પણ કરી હોવાનું કહેવાય છે. ઑફિસમાંથી સિદ્દીકી બહાર આવે તેની રાહ જોતા ઊભેલા હત્યારાઓએ દશેરાએ માતાજીની મૂર્તિના વિસર્જન નિમિત્તે ભક્તો માટે મફતમાં વહેંચાતું શરબત પણ પીધું હતું.

શનિવારની રાતે સિદ્દીકી નિર્મલ નગર ખાતેના ખેર નગરસ્થિત બિલ્ડિંગ નંબર-૩૫માં આવેલી પાર્ટીની ઑફિસમાં મીટિંગ માટે ગયા હતા. નવપાડા પરિસરમાં પાર્ટીની નવી ઑફિસ ખોલવા બાબતે મીટિંગમાં ચર્ચા થઈ હતી. સિદ્દીકી મીટિંગમાં વ્યસ્ત હતા ત્યારે ત્રણેય શૂટર ઑફિસથી થોડે જ અંતરે તેમની રાહ જોતા ઊભા હતા.

ગોળીબારમાં બે ગોળી છાતીમાં વાગતાં સિદ્દીકી ગંભીર રીતે ઘવાયા હતા. સિદ્દીકીને કારમાં હૉસ્પિટલે લઈ જતી વખતે તેમની સાથે લગભગ ૨૮ વર્ષ જૂનો કાર્યકર હતો. હવે હું જીવી નહીં શકું... હું મરી જઈશ, એવું તેમણે કાર્યકરને કહ્યું હતું. ■

## રૂમ શોધવાની જવાબદારી શિવકુમારની હતી

બાબા સિદ્દીકીની હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યા પછી શૂટરોને રહેવા માટેનું ઘર શોધવાની જવાબદારી શિવકુમાર ગૌતમને સોંપાઈ હતી. શિવકુમારે જ કુર્લા પરિસરમાં એજન્ટની મદદથી રૂમ શોધી કાઢી હતી. સૌપ્રથમ સપ્ટેમ્બર શિવકુમાર એ રૂમમાં રહેવા આવ્યો અને પછી કશ્યપ અને સિંહ આવ્યા હતા. આરોપીઓની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે સિદ્દીકીને ઓળખી કાઢવા માટે આરોપીઓને તસવીર અને ફ્લેક્સ આપવામાં આવ્યા હતા. ■

## રૂમનું ડબલ ભાડું ચૂકવ્યું

કુર્લા પશ્ચિમમાં આવેલી પટેલ ચાલની રૂમ નંબર-૨૨૫માં કોન્ટ્રાક્ટ કિલરો રહેતા હતા. ઘરમાલિકને બેગણું ભાડું ચૂકવીને એજન્ટ મારફત આ રૂમ મેળવવામાં આવી હતી. સપ્ટેમ્બર મહિનાથી ત્રણેય શૂટર આ રૂમમાં રહેવા આવ્યા હતા. ગુરમેલને અનેક વાર સિગારેટ ફૂંકતાં પડોશીઓએ જોયો હતો. તે ઈંગ્લિશ પણ ફાંકડું બોલતો હતો. ત્રણેય જણ સારા પરિવારના હોવાનું ચાલીના રહેવાસીઓને લાગતું હતું. અત્યારે રૂમને તાળું લગાવવામાં આવ્યું છે અને ઘરમાંનો સામાન અસ્તવ્યસ્ત પડ્યો હોવાનું બારીમાંથી નજરે પડે છે. ગાદલાં-કપડાં અને કોલ્ડ ડ્રિન્કસની ખાલી બૉટલો ઘરમાં પડી છે. હત્યારાઓ જે રૂમમાં રહ્યા હતા તે લોકો માટે જાણે જોણું બની ગઈ છે. ■

## 'અંકલ-આન્ટી... કૈસે હો?' પૂછનારા નીકળ્યા કોન્ટ્રાક્ટ કિલર!

રાજકીય નેતા બાબા સિદ્દીકીની હત્યાની સુપારી લેનારા ત્રણેય કોન્ટ્રાક્ટ કિલર મીઠાબોલા હતા અને કુર્લાની જે ચાલમાં રહેતા હતા ત્યાંના રહેવાસીઓને હંમેશાં અંકલ-આન્ટી કહીને માનથી બોલાવતા હતા. ચાલમાં ભાડેની રૂમમાં રહેનારા આ મીઠાબોલા જ કોન્ટ્રાક્ટ કિલર હોવાની જાણ થતાં રહેવાસીઓને આંચકો લાગ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી જેલમાં બંધ ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈએ સ્વીકારી હતી. બિશ્નોઈ ગૅન્ગે સિદ્દીકીની હત્યાની સુપારી શિવકુમાર ગૌતમ, ગુરમેલ સિંહ અને ધર્મરાજ કશ્યપે લીધી હતી. હત્યા પહેલાં સિદ્દીકીના ઘર અને ઑફિસની રૅકી કરવા ત્રણેય જણ કુર્લાની એક ચાલમાં ભાડેની રૂમમાં રહ્યા હતા. અમુક મહિના પહેલાં તેમણે આ રૂમ ભાડે લીધી હતી. કુર્લામાં રહેતા હતા ત્યારે ત્રણેય જણ રહેવાસીઓ સાથે પ્રેમથી વર્તતા હતા. ■

## શૂટરોનાં સોશિયલ મીડિયા એકાઉન્ટની તપાસ

ગૅન્ગસ્ટર તરીકે પોતાની છાપ ઊભી કરવા મથતાં બાબા સિદ્દીકીના શૂટરોનાં સોશિયલ મીડિયા એકાઉન્ટની પોલીસ તપાસ કરી રહી છે. વળી, ગૅન્ગસ્ટર તરીકેની છાપ ઊભી કરવા માગતા ફરાર શૂટર શિવકુમાર ગૌતમના ઈન્ટાગ્રામ એકાઉન્ટ પર વિચિત્ર પોસ્ટ્સ પોલીસને જોવા મળી હતી. ગૌતમે ૨૪ જુલાઈએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોતાની તસવીર પોસ્ટ કરી હતી, જેની ફોટોલાઈન 'યાર તેરા ગૅન્ગસ્ટર હૈ જાની' લખી હતી. ફોટોમાં તે બાઈક પર બેસેલો નજરે પડે છે અને બૅકગ્રાઉન્ડમાં હરિયાણવી ગીત વાગી રહ્યું છે. ૮ જુલાઈએ પણ તેણે વિવાદાસ્પદ પોસ્ટ ઈન્સ્ટાગ્રામ પર મૂકી હતી, જેમાં તેણે 'શરીફ બાપ હૈ... હમ નહીં' લખ્યું હતું. ■






## મુંબઈ લોકલની ગિરદીનો વધુ એક ભોગ

# ડોંબિવલીનો આયુષ દોશી બેલેન્સ ગુમાવી ટ્રેનમાંથી નીચે પટકાયો ને જીવ ગુમાવ્યો



થાણેઃ ડોંબિવલીવાસીઓ માટે મંગળવારનો દિવસ ફરી એક દુઃખદ સમાચાર લઇને આવ્યો હતો. ડોંબિવલી પશ્ચિમસ્થિત રહેતા ૨૦ વર્ષીય આયુષ જતીન દોશીએ મંગળવારે સવારે લોકલ ટ્રેનની મુસાફરીમાં પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. ટ્રેનમાં ભારે ગિરદીનો ભોગ આયુષ બન્યો હતો. આ ઘટનાને કારણે આયુષના પરિવારજનો પર દુઃખનો ડુંગર તૂટી પડ્યો હતો. ડોંબિવલી પશ્ચિમમાં આવેલી મધુ કુંજ સોસાયટીમાં રહેતા આયુષ સવારે નિયમિત રીતે સવારે ડોંબિવલીથી ટ્રેનનો પ્રવાસ કરી રહ્યો હતો. ફાસ્ટ લોકલ ટ્રેનમાં ભારે ભીડને કારણે બેલેન્સ ગુમાવનાર આયુષ નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘાયલ આયુષને ડોંબિવલીસ્થિત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેને ડોક્ટરોએ મૃત ઘોષિત કર્યો હતો. દરરોજ એકાદ ડોંબિવલીવાસીનો જીવ ટ્રેનોમાં થતી ભીડને કારણે ગુમાવવાનો વારો આવી રહ્યો છે. તેમ છતાં પરિસ્થિતિ બદલવાનાં કોઇ ચિહ્નો દેખાતાં નથી. હજી કેટલાં કુટુંબોએ આવી વેદના સહન કરવાનો વારો આવશે. ડોંબિવલીવાસીઓને આવી પરિસ્થિતિમાંથી બહાર પાડવાનો માર્ગ ક્યારે મળશે? ■

# શુભમને પોલીસે જવા ન દીધો હોત તો બાબા સિદ્દીકી કદાચ જીવતા હોત

મુંબઈઃ મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને એનસીપી (અજિત પવાર જૂથ)ના નેતા બાબા સિદ્દીકીની દશેરાના દિવસે અંધાધૂંધ ગોળી મારીને નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. બાબા સિદ્દીકીને તેમની ઑફિસની પાસે જ ગોળી મારવામાં આવી હતી, જેમાં તેમનું મોત થયું હતું. આ ઘટનાથી સમગ્ર મુંબઈ હચમચી ઊઠ્યું હતું. સરકારી સુરક્ષામાં હોવા છતાં પણ કોઇ તેમની હત્યા કરી જાય એ વાત બધાને ઘણી ખટકી હતી. ઘણા વર્ષો બાદ મુંબઈમાં આટલી મોટી રાજકીય હત્યા કરવામાં આવી છે. હવે આ કેસમાં નવી માહિતી સામે આવી છે કે તેમની હત્યા કદાચ ટાળી શકાઇ હોત. જો પોલીસે આ કેસના મુખ્ય આરોપી શુભમ લોણકરને જવા દીધો ના હોત તો કદાચ આ હત્યા ટાળી શકાય હોત. સલમાન ખાનના ફ્લેટમાં ગોળીબારની ઘટના બની ત્યારે પોલીસે આ કેસમાં શુભમ લોણકરની અટકાયત કરી હતી અને મુંબઈ પોલીસની ક્રાઇમ બ્રાન્ચે શુભમની પૂછપરછ કરી હતી.

સલમાન ખાનના ઘર પર ગોળીબાર કરનારા એક શકમંદને આશ્રય આપવા બદલ ક્રાઇમ બ્રાન્ચે શુભમની પૂછપરછ કરી હતી. જોકે, સજ્જડ પુરાવાના અભાવે ક્રાઇમ બ્રાન્ચ પોલીસે તેને છોડવો પડ્યો હતો. હવે બાબા સિદ્દીકી હત્યાના કેસમાં પણ મુખ્ય આરોપી તરીકે શુભમનું નામ આવ્યું છે. આ હકીકતની જાણ થતા જ મુંબઈના પોલીસ કમિશનર વિવેક ફણસલકરે શુભમની પૂછપરછ કરનારા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ પર ગુસ્સો વ્યક્ત કર્યો હતો. ■




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ચોમાસાએ સત્તાવાર વિદાય લીધી, પણ હજી છત્રી સાથે રાખજો: બે-ત્રણ દિવસ વરસાદી માહોલ રહેશે

## પખવાડિયામાં જ ઑક્ટોબરનો સરેરાશ કરતા વધુ વરસાદ પડી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં હાલ છેલ્લા પાંચ-દિવસથી સાંજ પડવાની સાથે જ વીજળીના કડાકા સાથે વરસાદ પડી રહ્યો છે ત્યારે હવામાન વિભાગે ૧૫ ઑક્ટોબર, મંગળવારે મુંબઈ સહિત સમગ્ર દેશમાંથી નૈૠત્યના ચોમાસાએ સત્તાવાર રીતે વિદાય લીધી હોવાની જાહેરાત કરી હતી.

સામાન્ય રીતે મુંબઈમાં નૈૠત્યના ચોમાસાની વિદાય સત્તાવાર રીતે આઠ ઑક્ટોબરના હોય છે, પરંતુ આ વખતે ચોમાસાની વિદાય અઠવાડિયા સુધી લંબાઈ ગઈ હતી. ગયા વર્ષે પણ મુંબઈમાં ચોમાસું લંબાઈ ગયું હતું અને આઠ ઑક્ટોબરને બદલે છેક ૨૩ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ નૈૠત્યનું ચોમાસું પાછું ખેંચાયું હતું. હવામાન ખાતાએ ૧૫ ઑક્ટોબરના મુંબઈ સહિત સમગ્ર દેશમાંથી નૈૠત્યના ચોમાસાની વિદાયની સત્તાવાર જાહેરાત કરી છે, છતાં હાલ બંગાળના ઉપસાગરના મધ્યમાં લો પ્રેશર સર્જાયું છે, તેની અસર હેઠળ મુંબઈ સહિત મહારાષ્ટ્રના અનેક જિલ્લામાં ૧૬થી ૧૯ ઑક્ટોબર વચ્ચે વીજળીના ગડગડાટ અને જોશભેર પવન ફૂંકાવાની સાથે વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન વિભાગે મુંબઈમાં ૧૯ ઑક્ટોબર સુધી વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. ૧૬ ઑક્ટોબર માટે મુંબઈ, થાણે અને રાયગડ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. એ સાથે જ થાણે માટે પણ ૧૮-૧૯ ઑક્ટોબર માટે યલો એલર્ટ જાહેર કરી વીજળીના ગડગડાટ સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

સામાન્ય રીતે ઓક્ટોબરના બીજા અઠવાડિયા દરમિયાન ચોમાસું પાછું ખેંચાઈ જતું હોય છે. જોકે આ વર્ષે ઓક્ટોબરમાં નોંધપાત્ર વરસાદી પ્રવૃત્તિ નોંધાઈ છે. કોલાબામાં અત્યાર સુધી ૧૧૩.૨ મિ.મી. અને સાંતાક્રુઝમા ૭૧.૫ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો છે. કોલાબામાં પહેલી ઑક્ટોબરથી અત્યાર સુધી નોંધાયેલા વરસાદે ઑક્ટોબર મહિનાના સરેરાશ વરસાદના આંકડા ૮૯.૩ મિ.મી.ને વટાવી દીધો છે. ગયા વર્ષે એટલે કે ૨૦૨૩માં ઓક્ટોબરમાં કોલાબામાં સરેરાશ વરસાદ પણ ૨૪.૨ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૧૧.૧ મિ.મી. જેટલો પડ્યો હતો.વર્ષે ચોમાસાનું બે દિવસ પહેલા એટલે કે નવ જૂનના જ મુંબઈમાં આગમન થઈ ગયું હતું. મુંબઈમાં સામાન્ય રીતે જૂનની આસપાસ ચોમાસું બેસતું હોય છે. ચોમાસાના છેલ્લા ચાર મહિનામાં મુંબઈમાં સરેરાશ ૩,૦૬૮ મિ.મી. વરસાદ પડ્યો છે, છેલ્લા ત્રણ વર્ષનો સૌથી વધુ વરસાદ છે. ૨૦૨૩માં મુંબઈમાં ૨,૯૭૮.૩ મિ.મી. અને ૨૦૨૨માં ૨,૬૫૮.૩૬ મિ.મી. વરસાદ પડ્યો હતો.

# ભરૂચમાંથી અપહરણ કરાયેલી મહિલાને મીરા રોડ પોલીસે ૨૪ કલાકમાં જ બચાવી લીધી

મીરા ભાયંદર: વતન લઈ જવાના બહાને નવપરિણીત મહિલાનું અપહરણ કર્યાના ૨૪ કલાકથી ઓછા સમયમાં, મીરા રોડ પોલીસના ક્રાઈમ ડિટેક્શન યુનિટે ૧૯ વર્ષીય આરોપીને ગુજરાતના ભરૂચમાંથી ઝડપી મહિલાને છોડાવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, મીરા રોડના શાંતિ પાર્ક વિસ્તારમાં રહેતા કિશોર સુથાર (૩૦) એ તેની પત્ની રહસ્યમય રીતે ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી, જ્યારે તેઓ નજીકના વિસ્તારમાં ગરબા જોઇને પરત ફરી રહ્યા હતા. બીજા દિવસે, સુથારને ઇન્સ્ટાગ્રામ પર એક મેસેજ મળ્યો જેમાં એક અજાણ્યા માણસે તેની પત્નીનું અપહરણ કર્યું હોવાનો દાવો કર્યો હતો અને ૫૦,૦૦૦ રૂપિયાની ખંડણીની માગ કરી હતી. યુવક દ્વારા આ રકમ બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કર્યા બાદ આરોપીએ ફરી ૫૦,૦૦૦ રૂપિયાની માગણી કરાતા તેણે મીરા રોડ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

વરિષ્ઠ પોલીસ નિરીક્ષક ચંદ્રકાંત સરોદેની દેખરેખ હેઠળ એપીઆઇ પ્રવિણ ભોસલેની આગેવાની હેઠળની ટીમે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. બેંક એકાઉન્ટ નંબર અને સીસીટીવી કેમેરા દ્વારા કબજે કરાયેલા ફૂટેજના આધારે, આરોપીની ઓળખની ખાતરી કરવામાં આવી હતી. ઈલેક્ટ્રોનિક સર્વેલન્સે દિનેશ કુમારની ભરૂચ (ગુજરાત)માં હાજરી જાહેર કરી હતી.

# થાણેમાં કચરાના ઢગલા



(જયપ્રકાશ કેળકર)

મુખ્યપ્રધાન એકનાથ શિંદેના હોમટાઉનમાં જ ઠેર ઠેર કચરાના ઢગલા પડયા છે અને ચારથી પાંચ દિવસથી ડમ્પર, જેસીબી અને પોકલેન્ડ મશીનની મદદથી સાફ કરવામાં આવશે એવો દાવો થાણે પાલિકાના ડેપ્યુટી કમિશનર મનીષ જોશીએ કરતા જણાવ્યું હતું કે ટેક્નિકલ કારણથી થાણેના ડાયઘરમાં કચરો નાખવાનું બંધ છે. તેથી કલવા, મુંબ્રા, દીવાનો કચરો સીપી ટેન્કના ટ્રાન્સફર સ્ટેશનમાં આવી રહ્યો છે. અહીં રોજનો ૪૫૦ ટન કચરો ૯૦ વાહનોમાં આવવાને કારણે કન્જેકશન વધવા માંડયો હતો. તેથી ઘંટાગાડીને કચરો ખાલી કરવામાં ચારથી પાંચ કલાકનો સમય લાગતા તેનો કચરો ભેગો કરવાનો ફેરો બેના બદલે એક થઈ ગયો હતો. નાગરિકોએ રસ્તા પર કચરો ફેંકવાનું ચાલુ કરી દીધું હતું. જોકે હવે ડાયઘર પ્લાન્ટ ચાલુ કરી દેવામાં આવ્યો છે અને આગામી ચાર-પાંચ દિવસમાં તમામ કચરો ઉપાડી લેવામાં આવશે.

# સંસ્થા સમાચાર

## પૂ. ધીરગુરુદેવના અનુગ્રહથી અમદાવાદમાં આશરે ૨૧ કરોડના ખર્ચે ધર્મસંકુલનું નવનિર્માણ

શ્રી કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન સમાજ - અમદાવાદના ઉપક્રમે બોપલ વિસ્તારમાં વકીલ સાહેબ બ્રીજ સામે આશરે ૨૧ કરોડના ખર્ચે પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી લાભુબેન હિંમતલાલ કપાસી - ધર્મસંકુલ, વીણાબેન ભૂપતલાલ ખેતાણી - ધર્મનાથ ઉપાશ્રય, કુમુદબેન ન્યાલચંદ વોરા-મેડિકલ સેન્ટર, હસુમતી પોપટલાલ ધોળકીયા - આયંબિલ ભવન વગેરેનું ૬ માળમાં બાંધકામ પૂર્ણતાભણી છે. સર્વ કાંતિભાઈ કપાસી વગેરે સંઘ સેવકોએ ઉદ્ઘાટન અને ચાતુર્માસ અર્થે પધારવા વિનંતી કરેલ. કમાણી જૈન સંઘે સન્માન કરેલ. જ્યારે ઈન્દોર સંઘે ૬૦ વર્ષ જૂના જૈન ભવનમાં નૂતનીકરણ માટે તેમજ શેષકાળમાં પધારવા યોગેશ કોઠારી, નિમેશ કોઠારી વગેરેએ વિનંતી કરેલ. આગામી ચાતુર્માસ પૂ. વિમલાજી મ.સ. પૂ. પદ્માજી મ.સ. આદિનું ઘોષિત કરાયું હતું.

# મતદારો જ હવે ન્યાય કરશે: આદિત્ય ઠાકરે

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ મંગળવારે જણાવ્યું હતું કે તેમનો પક્ષ મહારાષ્ટ્રમાં ન્યાય અને સરકારમાં પરિવર્તનની રાહ જોઈ રહ્યો છે. હવે મતદારો દ્વારા એ આપવામાં આવશે. મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાશે, જ્યારે ૨૩ નવેમ્બરે મતગણતરી કરવામાં આવશે.

ભારતીય ચૂંટણી પંચ (ઇસીઆઈ)એ મંગળવારે આ જાહેરાત કરી હતી. ઠાકરેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે 'મહારાષ્ટ્રના પ્રતિનિધિ તરીકે આપણે બધા જે ક્ષણની રાહ જોઈ રહ્યા છીએ તે આવી ગઈ છે: ૨૦ નવેમ્બર એ મતદાનનો દિવસ છે.'

છેલ્લા બે વર્ષમાં મહારાષ્ટ્રને લૂટનારી એકનાથ શિંદે - ભાજપ સરકારને હટાવી મહા વિકાસ અઘાડી (એમવીએ) પરિવર્તન લાવવા માંગે છે એવો આક્ષેપ કરી આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે 'અમે ન્યાયની રાહ જોઈ હતી પરંતુ હવે મતદારો જ ન્યાય કરશે. જય મહારાષ્ટ્ર!'

એકનાથ શિંદે અને અન્ય વિધાનસભ્યોના બળવા બાદ જૂન ૨૦૨૨માં શિવસેનામાં ભંગાણ પડ્યું હતું. ત્યારબાદ શિંદે ભાજપના ટેકાથી રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા. એ જ રીતે એનસીપી નેતા અજિત પવારે પોતાના પક્ષના નેતૃત્વ સામે બળવો પોકાર્યો હતો અને ગયા વર્ષે જુલાઈમાં સરકારમાં જોડાયા હતા. (પીટીઆઈ)

# અંધેરીમાં ભાજપના ભૂતપૂર્વ સાંસદના ભત્રીજાએ કરી આત્મહત્યા

મુંબઈ: બિલ્ડિંગના છઠ્ઠા માળેથી કૂદકો મારી ભાજપના ભૂતપૂર્વ સંસદસભ્યના ભત્રીજાએ કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના અંધેરીમાં બની હતી. અંધેરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મૃતકની ઓળખ સાગર રામકુમાર ગુપ્તા (૨૧) તરીકે થઈ હતી. સાગર ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ સાંસદ સંગમ લાલ ગુપ્તાનો ભત્રીજો હોવાનું જાણવા મળ્યું હતું. અંધેરી પૂર્વમાં અંબુજવાડી ખાતેની હરિદર્શન બિલ્ડિંગના સાતમા માળે રહેતો સાગર એન્જિનિયરિંગનો વિદ્યાર્થી હતો. મંગળવારની બપોરે કૉલેજમાંથી ઘરે આવેલો સાગર પરિવારના સભ્યોને કંઈ કહ્યા વિના બિલ્ડિંગના છઠ્ઠા માળે ગયો હતો. છઠ્ઠા માળેથી ડક્ટ એરિયામાં તેણે કૂદકો માર્યો હતો. સાગર નીચે પડતાં જ અવાજ સાંભળીને ઈમારત પરિસરમાંથી પસાર થનારા અમુક રહેવાસીઓ દોડી આવ્યા હતા અને ઘટનાની પોલીસને જાણ કરી હતી. લોહીલુહાણ હાલતમાં બેભાન સાગરને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસને ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી નહોતી. પરિણામે તેણે અંતિમ પગલું શા માટે ભર્યું તેની જાણ થઈ શકી નહોતી. આ પ્રકરણે અંધેરી પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સાગર કોઈ વાતને લઈ ડિપ્રેશનમાં હતો કે કેમ તેની જાણકારી મેળવવા પોલીસ તેના કૉલેજના મિત્રોની પૂછપરછ કરશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## છેલ્લા પાનાનું ચાલુ

### ચૂંટણી પંચ

પ્રચાર કરવા માટે ઓછામાં ઓછો ૪૦ દિવસનો સમય આપે છે, પણ આ વખતે ૩૫ દિવસ જ આપવામાં આવ્યા છે અને જે પ્રચાર માટે ખૂબ ઓછો સમય છે.

વિપક્ષને ઓછો સમય આપવો એ કોઇ યોજનાનો ભાગ હોઇ શકે છે, એવો દાવો વડેટ્ટીવારે કરીને ઉમેર્યું હતું કે શિવસેના-ભાજપ-એનસીપી સરકારે ચૂંટણીના ભાગરૂપે છુટ્ટા હાથે યોજનાઓની લ્હાણી કરી છે, જેને કારણે રાજ્યની તિજોરી પર ફટકો પડ્યો છે.

જો વિપક્ષ સત્તા પર આવે તો એમવીએ ગઠબંધન સત્તા પર આવે તો યોજનાઓનાં ભાવિ વિશે પૂછવામાં આવતાં વડેટ્ટીવારે કહ્યું હતું કે અમને એવું જણાય છે કે અમુક યોજનાઓ રાજ્યની તિજોરીને અસર કરનારી છે, પણ અમે એ તમામને રદ કરીશું નહીં. એ યોજનાઓ જે ખરેખર લોકોપયોગી હશે, તેનું મૂલ્યાંકન કરીને તેને ચાલુ રાખીશું. આ ઉપરાંત અમારું વહીવટીતંત્ર સાર્વજનિક સ્થળોએ મહિલાઓની સુરક્ષા સુધારવાને પ્રાથમિકતા આપશે.

### ૨૩ નવેમ્બરે

એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાને પગલે કાયદો અને વ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવ્યા હતા અને ચૂંટણી પહેલા મહાયુતિ સરકાર માટે આ બાબત નીચાજોણું સાબિત થઈ હતી. છેલ્લા પખવાડિયામાં શિંદે સરકારે ૧,૫૦૦ જેટલા નિર્ણયો લીધા છે, જેમાં રાજ્યની કેબિનેટની બેઠકમાં ૧૬૦ જેટલા નિર્ણયોનો પણ સમાવેશ થાય છે.

કૉંગ્રેસના નેતા રત્નાકર મહાજને જણાવ્યું હતું કે ભાજપના મતદાતાઓ ઘટી રહ્યા છે અને કૉંગ્રેસે કૃષિ સંકટ, બેરોજગારી અને ફુગાવા જેવા મુખ્ય મુદ્દા ઊભા કરીને લોકોનો વિશ્વાસ મેળવ્યો છે.

સિંધુદૂર્ગ જિલ્લમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવી, કાયદો અને વ્યવસ્થાની નબળી સ્થિતિ, મરાઠા આરક્ષણ વગેરે મુદ્દાઓ વિપક્ષ ઉઠાવી રહ્યો છે. વિશ્લેષકો અનુસાર લોકસભાની ચૂંટણીમાં મહાયુતિને નુકસાન પહોંચાડનાર મરાઠા આરક્ષણની માગણી વિધાનસભા ચૂંટણીમાં ગાજશે. (પીટીઆઈ)

### મહારાષ્ટ્રની હાલની

રાજકારણમાં ભાજપના મુખ્ય હાથ એવા જનતા મતદાનમાં શી પ્રતિક્રિયા આપે છે તે જોવું મહત્ત્વનું રહેશે. આ અગાઉ પણ થોડા મહિના પહેલાં પાર પડેલી લોકસભા ચૂંટણીમાં રાજ્યમાં કોંગ્રેસ પક્ષને સૌથી વધુ ફાયદો થયો હતો. કોંગ્રેસ રાજ્યમાં સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવ્યો હતો. આમાં ભાજપની ઘણી પીછેહઠ થઇ હતી. ભાજપની ઘણી બેઠકો પર ફટકો પડ્યો હતો.

લોકસભાની ચૂંટણીનાં પરિણામોને ધ્યાનમાં રાખીને જ મહાયુતિ સરકારે અનેક લોકોપયોગી યોજના અને વિકાસકામોનાં ભૂમિપૂજન કર્યાં હતાં. લાડકી બહિણ યોજના એ સરકારની સૌથી મોટી મહત્ત્વાકાંક્ષી યોજના છે.

મહિલાઓને એસટી બસમાં હાફ ટિકિટમાં પ્રવાસ કરવાનો નિર્ણય તેમ જ ૭૫ વર્ષથી વધુ વય ધરાવતા નાગરિકોને નિ:શુલ્ક એસટી પ્રવાસના નિર્ણયને કારણે સત્તાપરિવર્તન કરીને સત્તામાં આવેલી મહાયુતિ સરકારને ચૂંટણીમાં કેટલો ફાયદો થશે, એ તો સમય આવ્યે જ ખબર પડશે.

### પ્રચારમાં કયા મુદ્દા

ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાયું છે. ઠાકરે જૂથના અમુક નેતાઓએ ઉદ્ધવ ઠાકરે ત્વરિત પ્રચારમાં સહભાગી થાય એવો દાવો કર્યો છે. બીજી બાજુ પક્ષ છોડીને ગયેલા નેતાઓ ફરી પાછા શરદ પવારના જૂથમાં સામેલ થઇ રહ્યા છે.

આ ચૂંટણીમાં શરદ પવારનો પક્ષ ખૂબ જ ફોર્મમાં છે. આથી જ સત્તાધારી એનસીપીમાંથી અનેક નેતાઓ શરદ પવારમાં પાછા ફરી રહ્યા છે.

શરદ પવારે કોલ્હાપુરના કાગલ સ્થિત સરજિત ઘાટગે, ઈંદાપુરમાં હર્ષવર્ધન પાટીલ અને ફલટણમાં વિધાનસભ્ય દીપક ચવ્હાણ અને સાતારા જિલ્લા પરિષદના ભૂતપૂર્વ અધ્યક્ષ સંજીવરાજે નિંબાળકરે પક્ષપ્રવેશ કરતાં ભાજપ અને મિત્ર પક્ષોને ચૂંટણી પહેલાં જ મોટો ઝટકો આપી દીધો છે.

### આ ચૂંટણી તો

એક સારી રાજકીય સંસ્કૃતિ છે, એવું શરૂઆતથી જ મનાઇ રહ્યું છે. આવું હોવા છતાં રાજકીય સંસ્કૃતિને હવે શું ખરેખર નજર લાગી ગઇ છે કે શું? રાજકારણમાં ઘટેલી ઘટનાઓને કારણે લોકોમાં ભારે રોષ ભભૂક્યો છે કે શું? એ બધું હવે ચૂંટણીમાં સામે આવશે.

આમ જોવા જાવ તો છેલ્લા કેટલાક સમયથી ચૂંટણીની તારીખ ક્યારે નક્કી થશે તેની પર તમામ લોકોનું લક્ષ્ય હતું. જમ્મુ-કાશ્મીર અને હરિયાણામાં ચૂંટણી પાર પડી ત્યારે મહારાષ્ટ્રમાં પણ ચૂંટણી થશે, એવી આશા હતી, પણ ચૂંટણી પંચને તાણ વધી જશે તેમ જ અપૂરતા મેનપાવરને કારણે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી આગળ ધકેલવામાં આવી હતી. દરમિયાન બંને રાજ્યોની ચૂંટણી બાદ કેન્દ્રીય ચૂંટણી પંચે મુખ્ય કમિશનર સહિત અન્ય કમિશનરો મહારાષ્ટ્રમાં આવ્યા હતા. આ અધિકારીઓએ ચૂંટણીની તૈયારી માટે સર્વે તૈયાર કર્યો હતો, તેમ જ વિવિધ રાજકીય પક્ષોના મુખ્ય નેતા સાથે બેઠકો કરવામાં આવી હતી. ચૂંટણી અધિકારીઓની મહારાષ્ટ્ર મુલાકાત બાદ રાજ્યમાં વિધાનસભાનું બ્યૂગલ નજીકના સમયમાં ફૂંકાશે એવું નક્કી થયું હતું અને આખરે એ મંગળવારે ફૂંકાયું હતું.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધોરાજી હાલ બોરીવલી વિજયભાઈ જયંતિલાલ દોશી રવિવાર, તા. ૧૩-૧૦-૨૪ના અરિહંતશરણ થયેલ છે. સ્વ. ઉષાબહેનના પતિ. સ્વ. શાંતાબહેન વનેચંદ શેઠના જમાઈ. સુરેશભાઈ, મીનાબહેન અને અમીતાબહેનના ભાઈ. હેમાલી કવિન્દ્રકુમાર વોરા અને મોના મૃગેશકુમાર નેગાંધીના પિતા. વિશ્વા અને યુગાંતના નાના. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દિગંબર મુમુક્ષુ જૈન**

બોટાદ નિવાસી સ્વ. મનસુખલાલ મગનલાલ કામદારના પુત્ર અરવિંદભાઈ (ઉં. વ. ૮૭) તે સ્વ. સ્વાતીબેનના પતિ. તે વિશ્વેશ, અવનેશ તથા શ્વેતા કુણાલ દોશીના પિતાશ્રી તથા ભૈરવીના સસરા. સ્વ. વાડીલાલ કામદાર તથા સ્વ. ધીરજબેન, સ્વ. લાભુબાઈ મહાસતીજી, પુષ્પાબેન અને કોકિલાબેનના ભાઈ. મંજુલાબેન હીરાલાલ ગોસલીયા (ગોવાવાળા)ના જમાઈ. તા. ૧૨-૧૦-૨૪ને પૂના મુકામે દેહપરિવર્તન થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ ઘાટકો પર સ્વ.તારાબેન તુલસીદાસ ભાઈચંદ મહેતાના પુત્ર મહેશ (ઉં. વ. ૮૦) તે વર્ષાબેનના પતિ. સચિન તથા સ્વ આશિતના પિતા. સ્વ.રમેશભાઈ, કોકીલાબેન તથા મર્દુલાબેનના ભાઈ. હાલ મલેશિયા સ્વ. મનસુખલાલ માવાણીના જમાઈ તા.૧૪.૧૦.૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ મીરારોડ સ્વ.ત્રિભોવનદાસ જીનાભાઈ મેહતાના સુપુત્ર પૂનમચંદભાઈ મેહતા (ઉં. વ. ૮૯) તા.૧૧.૧૦.૨૪ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.નીલાબેનના પતિ. અમિતાબેન, નયનાબેન, બા.બ્ર. આરતીબાઈ મહાસતીજી, જયેશભાઈ, વિજયભાઈ, મનોજભાઈના પિતાશ્રી. સ્વ.સીમાબેન, અ.સૌ.હિનાબેનના સસરા. સ્વ.વિજિયાબેન, સ્વ.ચંદનબેન, સ્વ.નીરુબેન, સ્વ.વસંતભાઈ, સ્વ.સુરેશભાઈના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગેલડાના જયંતીલાલ મોરારજી સૈયા (ઉં. વ. ૮૨) ૧૪-૧૦ના અવસાન પામેલ છે. મુલબાઇ મોરારજી વેલજી સૈયાના સુપુત્ર. જ્યોતિ (લતા)ના પતિ. મિતેષ, બેરાજાના અલ્પા અપૂર્વના પિતાશ્રી. જગદીશ, ગીરીશ, કસ્તુર રાઘવજી, વસુમતી પ્રેમચંદ, રંજન વીરચંદ, પ્રભા કલ્યાણજી, મધુરી પ્રવિણચંદ્ર, હેમલતા રમણીકના ભાઇ. નાનબાઇ જાદવજી શીવજી માલદેના જમાઇ. પ્રાર્થના : નારાણજી શામજી વાડી, માટુંગા (સે.રે.) સમય : ૪ થી ૫.૩૦. ઠે. મીતેષ સૈયા, ૩૦૫, સદાનંદ, રામનગર, ડોંબીવલી (ઇ.).

પ્રાગપુરના ચંચળબેન (લધીબાઈ) હરશી દેઢિયા (ઉં. વ. ૯૪) તા. ૧૩-૧૦-૨૪ના અવસાન પામ્યા છે. હરશી લખમશીના ધર્મપત્ની. વેલબાઈ લખમશી રાઘવજીના પુત્રવધૂ. સ્વ. રાયચંદ, ગિરીશ, શાંતા, ભાનુ, નીતા, સ્વ. ગુણવંતીના માતુશ્રી. કપાયા રાણબાઈ વીરજી દેરૂના સુપુત્રી. ધનજીભાઈ, લક્ષ્મીબેન કુંવરજી શીવજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ગિરીશ દેઢિયા, બી-૨૦૩, ૐ વક્રતુંડ, ભક્તિ મંદિર રોડ, પાંચ પખાડી, થાણા (વે).

મોટા આસંબીયા હાલે કલકતાના ગં.સ્વ. રીટાબેન રોહિતભાઈ સાવલા (ઉં. વ.૬૬) તા. ૧૩-૧૦-૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. લીલાવંતી હંસરાજ માડણના પુત્રવધુ. સ્વ. રોહિત સાવલાના ધર્મપત્ની. માલતી ડુંગરશીના સુપુત્રી. રશ્મિન, મનોજ, બાડા પૂર્ણિમા, કૈલાસ છાડવાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રીટા રોહિત સાવલા, ૩૭-બી, બકુલ બગાન રોડ, ભવાનીપુર, કોલકત્તા - ૭૦૦૦૨૫.

# હિન્દુ મરણ

શેરગઢવાળા હાલ ગોરેગામ નિવાસી ચંદ્રકાંત હરિદાસ શેઠના ધર્મપત્ની ઇન્દિરાબેન શેઠ (ઉં. વ. ૮૫) તે સ્વ. જયેન્દ્ર હરિદાસ શેઠ અને પૂર્ણિમા જયેન્દ્ર શેઠના ભાભી. તે શ્રીમતી દિવ્યા સુનીલ ગાંધી અને દેવયાની રાજેશ દોશીના મમ્મી. તે હર્ષલ સુનીલ ગાંધી અને શ્રીમતી રાશિ હર્ષલ ગાંધીના નાનીમા. તે બિપીન ચંદુલાલ વૈદ્ય, રાજેશ ચંદુલાલ વૈદ્ય, મીતાબેન જયંત ઘીયા, ભારતીબેન મહેન્દ્ર દોશી અને પલ્લવીબેન યોગેન્દ્ર વાઘાણીના બહેન મંગળવાર તા. ૧૫/૧૦/૨૦૨૪ ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે. ૬૦૪, આશ્મી બિલ્ડિંગ,પ્લોટ નંબર ૧૦૪, જવાહર નગર રોડ નંબર ૫, ગોરેગામ (વેસ્ટ),

**કોળી પટેલ**

ગામ વેસ્મા, હાલ ગોરેગામ શશીકાંતભાઈ રણછોડભાઈ પટેલ (ઉં.વ. ૭૬) તા. ૭-૧૦-૨૪, સોમવારના અવસાન પામેલ છે. તેમજ બંને પક્ષનું બેસણું ગુરુવાર, તા. ૧૭-૧૦-૨૪ના દિને બપોરે ૪ થી ૬. તેમજ પુચ્છપાણી શુક્રવાર, તા. ૧૮-૧૦-૨૪ના દિને બપોરે ૩ થી ૪ દરમિયાન નિવાસસ્થાને રાખવામાં આવેલ છે. નિવાસસ્થાન: ૧૦૩, સદ્ગુરૂ એપાર્ટમેન્ટ, વાલભાટ રોડ, સુરજ હાઈટ નજીક, ગોરેગામ (ઈસ્ટ).

**કોળી પટેલ**

ગામ ખરસાડ હરિ ફળીયા હાલ મુંબઈ કમુબહેન રતિલાલ પટેલ (ઉં. વ. ૮૯) ૧૪-૧૦-૨૪ના અવસાન પામેલ છે. તે જયંતીભાઈ, જ્યોતિબેન, દક્ષાબેનના માતા. ભારતીબેન, સ્વ.મહેશભાઈ, ચંદ્રકાંતભાઈના સાસુ. જીતેશ, ખુશ્બુના દાદી. હર્ષદાના દાદીસાસુ. બેસણું ૧૮/૧૦ ૨૪ન શુક્રવારના ૨:૦૦ થી ૫:૦૦. તેમજ પુષ્પપાણી ૨૪/૧૦/૨૪ ગુરુવારે ૨:૦૦ થી ૪:૦૦. નિવાસસ્થાને મલાડ, કુરાર, બ્રહ્મા, વિષ્ણુ મહેશ કો. ઓપરેટિવ હાઉસિંગ. ફ્લેટ નં ૬૦૨, કુરાર વિલેજ, શંકર મંદિરની બાજુમાં, મલાડ (પૂર્વ).

**નવગામ ભાટિયા**

અમરેલીવાળા હાલ અંધેરી ચેતનભાઈ (ઉં. વ. ૬૫) તે સ્વ. જયાબેન હિંમતભાઈ સંપટના પુત્ર. તે જયવંતીબેન જમનાદાસ ઉદેશી (નાગપૂર)ના જમાઈ. તે રેણુકાના પતિ. તે આશિષ, જય, નિધિના પિતા. તે અ.સૌ. શ્રદ્ધાના સસરા. તે પ્રતિમાબેન જગદિશભાઈ છીછીયા, સ્વ. બિમલ, દેવેન્દ્ર, આનંદ, સ્વરૂપ, દર્શન, પ્રસાદના ભાઈ. ૧૪-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૭-૧૦-૨૪ના ૪.૩૦ થી ૬.૩૦ સંન્યાસ આશ્રમ, ફર્સ્ટ ફ્લોર, એસી હોલ, વિલેપાર્લા (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

**બ્રહ્મભટ્ટ સદાવ્રતી**

સ્વ. કેશવલાલ હરજીવન ભટ્ટના પત્ની લીલાવતી ભટ્ટ ૧૩-૧૦-૨૪ના રામશરણ થયા છે. પ્રાર્થનાસભા ૧૭-૧૦-૨૪ના ૪ થી ૬. તેજેસ્વર મંદિર હોલ, કામાગલ્લી, હંસોટી લેન, ઘાટકોપર (વે). તે સ્વ. પ્રકાશ, અતુલ, દિપક, પુષ્પાબેન રાજાપાડાના માતા. ડિમ્પલ, સંગીતા, સ્વ. અરુણાના સાસુ. રાહુલ, કપીલ, હર્ષલના દાદી. અમિત, મનીષ, દક્ષાના નાની.

**કરહાડે બ્રાહ્મણ**

અનિલભાઈ રામકૃષ્ણ ટેમ્બે, (ઉં. વ. ૭૩) તે અનુરાધાના પતિ. સારિકા, શ્વેતાના પિતા. ઊમાબેનના દિયર. સુમુખ, સાયલીના કાકા. યોગેશ જોષી, શશિભૂષણ વૈધના સસરાનું શુક્રવાર ૧૧-૧૦-૨૪ના નિધન થયું છે. પ્રાર્થનાસભા આર્યન હાઈસ્કૂલ હોલ, ૭૫, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ-૪ ખાતે બુધવાર ૧૬ ઓક્ટોબરે સાંજે ૫ થી ૭ સુધી રાખેલ છે.

**વિસા સોરઠિયા વણિક**

ગં. સ્વ. વિજયાબેન ધરમદાસ શાહ પોરબંદરવાળા હાલ મુંબઈ (ઉં. વ. ૮૫) તે સ્વ. ધરમદાસ લાલજી શાહના ધર્મપત્ની તથા કમલેશ, કીર્તિ અને અશોકના માતુશ્રી. તે શિલ્પા, પ્રીતિ અને પાયલના સાસુ. તે કુનાલ, પૂજા, કાજોલ, મિલોની અને જયના દાદી. તે સ્વ. પ્રવીણભાઈ, સ્વ. કિશોરભાઈ અને હરીશભાઈના ભાભી. તે સ્વ. જીવતીબેન વલ્લભદાસના દીકરી. તા. ૧૩-૧૦-૨૪ના રવિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. વિજયાબેન રમેશચંદ્ર વિઠ્ઠલદાસ કોટક ગામ કોટડી મહાદેવપૂરીવાળા હાલ થાણાના પુત્ર પીયૂષ (ઉં. વ. ૪૯) તે બિજલબેનના પતિ. ધ્રુવના પિતા. સ્વ. અમીષીના પિતા. જાગૃતિ વિક્રમ પારેખ, જયશ્રી યોગેશ દૈયાના ભાઈ. સ્વ. રેખા સુરેશચંદ્ર ઉપાધ્યાયના મોટા જમાઈ. તા. ૧૪-૧૦-૨૪ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ઠા. ચત્રભુજ ચગસોતા (ઉં. વ. ૭૧) સ્વ. ઠા. નારાણજી વેલજી ચગસોતા (પુજાણી)ના નાના પુત્ર. સ્વ. ખીમજી, સામજીભાઈના ભાઈ. વસંતબેનના દિયર. સ્વ. મથરાદાસ વેલજી, સ્વ. મુલજી કુંવરજી, સ્વ. ગોવિંદજી લીલાધર અને સ્વ. વિઠ્ઠલદાસ લીલાધરના ભત્રીજા. સ્વ. મણીબેન, ભરતભાઈ, સ્વ. રમેશ અને જયેશના પિતરાઈ ભાઈ. રાજેશ, ભૂપેન્દ્ર, પ્રતાપ, નરેન્દ્ર, મીનાબેન જગદીશભાઈ (બીટ્ટા) અને જયશ્રીબેન અનિલભાઈના કાકા રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૧૦-૨૪ બુધવારના દરિયાસ્થાન મંદિર કોઠારા મધ્યે ૪ થી ૫. મુંબઈ મધ્યે પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી.

**જૂનાગઢ ગિરિનારાયણ બ્રાહ્મણ**

સ્વ. ચંદ્રિકા પંડ્યા તે સ્વ.સુરેશ પંડ્યાના ધર્મપત્ની, મનિષ પંડયાના માતુશ્રી. સ્વ.લાભશંકર ભટ્ટ, સ્વ.મહેશ, રજનીભાઇ (રજુભાઈ), સ્વ.લીલાવંતીબેન, સ્વ.જશુમતીબેન, અ.સૌ.કિશોરીબેનના બેન. સ્વાતિનાં સાસુ. વિરાજ અને યશનાં દાદી. તા.૧૪/૧૦/૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે.

**મેઘવાળ**

ગામ બગદાણા હાલ મુંબઈ સ્વ.આલજીભાઈ બારીયા (ઉં. વ. ૫૭) તે સ્વ.કાળીબેન અને સ્વ. માણસુરભાઈ જીવણભાઈ બારીયાના પુત્ર. કમળાબેનના પતિ. ભારતી, દિવ્યા, અને રવિના પિતાજી. પ્રવિણભાઈ, લાલજીભાઈ, તેજાભાઈ અને કાંતાબેનના ભાઈ. સુરત નિવાસી સાંડીસના ભાણેજ જમાઈ રવિવાર,૧૩ ઓક્ટોબર,૨૦૨૪ના રામશરણ પામ્યા છે. તેમની બારમાની વિધિ ગુરુવાર ૧૭/૧૦/૨૦૨૪ના ૫.૦૦ કલાકે, રામદેવનગર મદિર સભાગૃહ, જે. આર.બોરિચા માર્ગ, આર્થરરોડ જેલ પાછળ ,કસ્તુરબા હોસ્પિટલ સામે, મુંબઈ-૪૦૦૦૧૧.

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**

ગામ આગિયોલ હાલ દહિસર નિવાસી પ્રફુલ જોષી (ઉં. વ. ૭૩) તે સ્વ. અનસુયાબેન અને જગન્નાથ જોશીના પુત્ર, ગં.સ્વ.ભાવનાબેન (મંજુ)ના પતિ. તે ચિરાગ - ધ્રુવલ, જીગ્ના - સંતોષ ભટ્ટ, જલ્પા- રાકેશ શર્માના પિતા. હર્ષદભાઈ, જ્યોત્સનાબેન મહેતા, જયશ્રી ભટ્ટના ભાઈ. ગં.સ્વ.શારદાબેન જયંતિલાલ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તા.૧૭. ઓક્ટો. ૨૦૨૪ ગુરૂવારના ૪ થી ૬, બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, તન્વી દિયા મોડા, ઇ- ૩૦૨, દિયા મોડા ઇન્ડસ્ટ્રિઅલ એસ્ટેટ બિલ્ડીંગ, દહિસર પેટ્રોલ પંપની બાજુમાં, એસ.વી.રોડ, દહીસર ઇસ્ટ, પિયરપક્ષનું બેસણુ સાથે જ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

હમનખૂડી નિવાસી હાલે કલ્યાણ વિનોદભાઈ ઘનસોત્તા (ઉં. વ. ૬૩) સોમવાર તા.૧૪.૧૦.૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે ભારતીબેન (માલતીબેન)ના પતિ. સ્વ.મંજુલાબેન હીરજી ઘનસોત્તાના સુપુત્ર, ગં.સ્વ.મમાબાઇ ગંગારામ અનમ ગામ વડસરના જમાઈ. વિલાસ, મનીષાના મોટાભાઈ, પરેશ, ઉદય, જયેશના પિતાશ્રી, બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૧૬/ ૧૦/ ૨૦૨૪ને બુધવારે ૪.૦૦ થી ૬.૦૦. જલારામ હૉલ, લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ પશ્ચિમ. લૌકીક વ્યવહાર બંધ છે.

**અહમદવાડી શ્રીમાળી સોની**

સુરતવાળા હાલ કાંદિવલીમાં સ્વ. રણજિતલાલ છગનલાલ અને ગં.સ્વ. કલાવતી કંચનવાલાના પુત્ર સ્વ. શૈલેન કંચનવાલા ૧૪/૧૦/૨૪ના અવસાન પામ્યા છે. નયનાબેનના પતિ. સ્વ.ભારતીબેન, સ્વ.નરેશભાઈ, પૂર્ણિમાબેન, શ્રીમતી વર્ષા પરેશ મહેતાના મોટાભાઈ. કુંજેશ, અંજેશ અને શ્રીમતી હેતલ કૌશિક ઝવેરીના પિતા. નૈતિક અને પ્રિયાંશના દાદા. સાક્ષી અને શિખાના નાના. પ્રાર્થનાસભા ૧૭/૧૦/૨૪ના ૪ થી ૬. પાવન ધામ, મહાવીર નગર, કાંદિવલી (પશ્ચિમ), લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભુજ**

સૌ.પુષ્પાબેન ભાઈલાલભાઈ કાનજી પુજારા જલારામ ફરસાણવાળાની પુત્રી બિંદુબેન (ઉં. વ. ૫૦) કચ્છ ગામ ભુજ, હાલે નાસિક તે અમિતના બેન. અ.સૌ.મીરાના નણંદ. સ્વ.લીલાબેન શાંતીલાલ કાનજી પુજારાની ભત્રીજી. સ્વ.ગંગાબેન પુરૂષોત્તમ મુલજી સોનેતાની દોહિત્રી. જયદીપ, કાશ્મિરાના ફૈબા. ૧૩/૧૦/૨૪ના નાસિક મધ્યે શ્રીજીચરણ પામેલ છે.

**બ્રહ્મક્ષત્રિય**

અમરેલી નિવાસી હાલ બેંગલોર સ્વ.ધીરજલાલ ત્રિભુવન સોનેજીના ધર્મપત્ની સુભદ્રાબેન (ઉં. વ. ૮૯) તા.૭/૧૦/૨૪ને સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે હેમંત, સુધીર, સોનેજીના માતુશ્રી. અ.સૌ. રશ્મી, અ.સૌ.મયુરીના સાસુ. શીલ, અદિતિ, મીરાના દાદી. સ્વ.ભગવાનજીભાઈ, સ્વ.કાંતિભાઈ, સ્વ.પરમાનંદભાઈ, સ્વ.નંદલાલભાઈ, સ્વ.દામોદરભાઈ સોનેજી, સ્વ.સવિતાબેન જમનાદાસ ભેડા, ગં.સ્વ.કંચનબેન રમણીકલાલ મણિયાર, અ.સૌ.પુષ્પાબેન વસંતરાય છાટબાર (ધીરજલાલ)ના ભાઈના ધર્મપત્ની. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

કચ્છ મુન્દ્રા નિવાસી હાલ કાંદિવલી સ્વ.ભગવાનદાસ જોશી (પણીયા) (ઉં. વ. ૮૭) તા.૧૪/૧૦/૨૪ના શ્રીજીચરણ પામેલ છે, તે સ્વ.મણીબેન માવજી પણીયાના પુત્ર. ગં.સ્વ.ભાનુમતીના પતિ. સ્વ.જમનાદાસ, ઈશ્વરલાલ, ચંદાબેન, વેલાબેન, જયાબેનના ભાઈ. માધવી, જયેશ, રેખાના પિતા. હર્ષા, દેવેન્દ્ર, સ્વ. વિનોદના સસરા. સ્વ.કલાવંતી હીરજી હર્ષ, અંજાર નિવાસીના જમાઈ. પ્રાર્થનાસભા તા.૧૬/૧૦/૨૪ બુધવારે ૪ થી ૬. વાંઝાવાડી, મથુરાદાસ રોડ, ધનામલ સ્કૂલની સામે, કાંદીવલી (વેસ્ટ).

**ગિરનારા પરજીયા સોની**

મુંબઇ નિવાસી હાલ બોરીવલી સ્વ. ચંદ્રકાંતભાઈ અને સ્વ. નિર્મલાબેન ઝવેરીના પુત્ર તથા નિરંજનભાઈ અને મંજુલાબેન ઝવેરીના જમાઈ. ભરતભાઈ (ઉં. વ. ૬૦) તે કાશ્મીરાબેનના પતિ. મિતાલી તથા નિલયના પિતા. અશ્વિનભાઈના ભાઈ ૧૩/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા બોડાવાળા હાલ કાંદિવલી માલતીબેન રજનીકાંત દયાળજી મહેતાના પુત્ર સચિન (ઉં. વ. ૪૭) તે રાધિકાબેનના પતિ. મહેરના પિતા. દીપા મનીષકુમાર દોશીના ભાઈ. અતુલભાઈ મનુભાઈ પારેખ અમરેલીવાળાના જમાઈ ૧૪/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ડભોઇ વિસા લાડ**

બોરીવલી નિવાસી સુદર્શન મંજુલાલ દેસાઈ (ઉં. વ. ૮૪) ૧૫.૧૦.૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. ઇન્દુમતી/મંજુલાલ ઓ. દેસાઈના પુત્ર. અનીશ, બીનાના પિતા. નૈમિષા, પરાગભાઇના સસરા. હેતા, વંશી, મિહિકા, ગૂંજના દાદા. સ્વ. અનિલા, સ્વ. મહેશભાઈ, રમેશભાઈ, નયના, પારુલના ભાઈ. સ્વ. ગુણવંતીબેન સુતરીયાના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ડિજનરેટિવ સ્પાઇન ડિસીસને સમજીએઃ સ્લિપ ડિસ્ક અને સ્પાઇનલ સ્ટેનોસિસ વિશે વ્યાપક અભિગમ

★ **ડિજનરેટિવ સ્પાઇન ડિસીસ શું છે?:**

ડિજનરેટિવ સ્પાઇન ડિસીસ એક એવી બીમારી છે જે વધતી ઉંમર સાથે થતી હોય છે જેમાં કરોડરજ્જુની ડિસ્ક નબળી પડી જાય છે. આ કુદરતી સમસ્યાને કારણે સામાન્ય જીવનની ગુણવત્તા અને હલનચલન પર ગંભીર પરિણામ થતું હોય છે. આ સમસ્યાને કારણે સ્પાઇનલ સ્ટેનોસિસ અને સ્લિપ ડિસ્ક જેવી સમસ્યા થતી હોય છે. મારા દર્દીઓ જ્યારે મારી પાસે સલાહ લેવા આવે અથવા ફરિયાદ કરતા આવે ત્યારે સૌથી પહેલા હું તેમને આ રોગ કહો કે બીમારી વિશે સમજાઉં છું. આજે આપણે આ માંદગીને સમજીશું અને તેની વિશે ચર્ચા કરીશું. આ બીમારી પર કેવી રીતે નિયંત્રણ મેળવી શકાય એ અંગે પણ જાણીશું.

ઉંમરની સાથે શરીરના અન્ય અવયવોની જેમ કરોડરજ્જુ પણ ઘસાઇ જાય છે. કરોડરજ્જુની જે રીતની રચના હોય છે એના દરેક જોઇન્ટ્સ વચ્ચે એક ગાદી જેવી હોય છે તે નબળી પડી જાય છે જેના કારણે ડિસ્કમાં અસહ્ય પીડા થાય અને અસ્વસ્થતા લાગે. કરોડરજ્જુની આ માંદગીના અન્ય સંકેત છે સ્પાઇનલ સ્ટેનોસિસ જેમાં કરોડરજ્જુની નળી (સ્પાઇનલ કેનલ) સાંકડી થતી જાય છે.



ડૉ. પ્રદીપ સિંઘ
Consultant Spine Surgeon MBBS, MS, DNB, PhD, FMISS

★ **સ્લિપ ડિસ્કઃ તેના વિશે શું જાણવાની જરૂર છેઃ**

હર્નિએટેડ ડિસ્ક જેને સ્લિપ ડિસ્ક કહેવામાં આવે છે તેમાં કરોડરજ્જુના જોડાણ વચ્ચે જે ચિકણો જૅલ જેવો પદાર્થ હોય છે તે બહારની કડક સપાટી તોડીને બહાર આવી જાય છે. આ ઇજા, વૃદ્ધત્વ અથવા વારંવાર તાણને કારણે થઇ શકે છે. અસ્વસ્થતા, નબળાઇ લાગવી, હાથ-પગ નબળા પડી ગયા હોય એવું લાગવું, શરીર નકામું પડી ગયું હોય એવો અનુભવ થવા વગેરે તેના લક્ષણો છે. જો કે આ માંદગીનું નિદાન અશક્ય લાગે છે, પરંતુ અનેક લોકો યોગ્ય સારવાર દ્વારા રાહત મેળવે છે.

★ **સ્પાઇનલ સ્ટેનોસિસઃ સંકોચન વિશે સમજવુંઃ**

બીજી તરફ સ્પાઇનલ સ્ટેનોસિસની વ્યાખ્યા કરોડરજ્જુની નળી સંકુચિત થવી, જેને કારણે આપણી નર્વ સિસ્ટમ પર અસર પહોંચે છે. પીઠ, હાથ-પગમાં દુખાવો, ચાલવામાં મુશ્કેલી, સંતુલન જાળવી રાખવામાં સમસ્યા વગેરે તેના સામાન્ય લક્ષણો છે. વૃદ્ધત્વને કારણે થતા બદલાવ જેમ કે લિગામેન્ટ્સની જાડાઇ વધવી, હાડકાં નબળા પડવાને કારણે આ સમસ્યા સમય સાથે વધી શકે છે. સ્પાઇનલ સ્ટેનોસિસ અને કરોડરજ્જુ સંબંધિત અન્ય બીમારીઓ માટે યોગ્ય સારવારની જરૂર છે. આવા કોઇ પણ લક્ષણો દેખાય ત્યારે નીચે જણાવ્યા પ્રમાણેના પર્યાય વિશે વિચારી શકો છો.

★ **૧) મેડિકલ ઇવેલ્યુએશનઃ** કરોડરજ્જુને સ્વસ્થ રાખવા માટે સૌથી પહેલા તેની દેખરેખ રાખવાની જરૂર છે. દર્દીને જ્યારે પીઠમાં દુખાવો થવા લાગે છે અથવા ન્યૂરોલોજિકલ સિમ્પ્ટમ દેખાવા લાગે ત્યારે સૌથી પહેલા તેમને પોતાના હેલ્થકેર પ્રોવાઇડર અથવા તબીબીની સલાહ લેવી જોઇએ. આ સમસ્યાના મૂળ સુધી પહોંચવા માટે તેમને કદાચ એમઆરઆઇ અથવા એક્સ-રે કરાવવાની સલાહ આપવામાં આવે છે.

★ **૨) ફિઝિઓથેરેપીઃ** આ સમસ્યાના નિવારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે ફિઝિકલ થેરેપી. ફિઝિઓથેરેપિસ્ટ કરોડરજ્જુની આસપાસના સ્નાયુઓને મજબૂત કરવા, હલનચલનને સરળ બનાવવા સાથે કસ્ટમાઇઝ્ડ પ્રોગ્રામ બનાવી શકે છે. તેને કારણે દુખાવો ઓછો થવામાં અથવા સમસ્યા વધુ ખરાબ ન થાય તેમાં મદદ કરે છે.

★ **૩) વ્યાયામઃ** રોજિંદા શારીરિક વ્યાયામ કરોડરજ્જુને સ્વસ્થ રાખવામાં મદદરૂપ થાય છે. ઓછી અસરવાળી કસરતો, જેમ કે સાયક્લિંગ અથવા સ્વિમિંગ, તે કરોડરજ્જુ પર ભાર મૂક્યા વિના મહત્ત્વના સ્નાયુઓને મજબૂત બનાવી શકે છે.

★ **૪) જીવનશૈલીમાં ફેરફારઃ** સામાન્ય બદલાવ, જેવા કે કાર્યસ્થળ પર કાર્યશૈલીમાં સુધારો, યોગ્ય શારીરિક વજનની જાળવણી, લાંબા સમય સુધી બેઠાડું જીવન કે જેઓ કરોડરજ્જુના સ્વાસ્થ્યને મદદ કરે છે. ટૂંકા ગાળાનો વિરામ કે થોડું ચાલવું અથવા સ્નાયુઓને ખેંચવું પણ ફાયદારૂપ થઇ શકે છે.

★ **૫) દવાઓઃ** દુખાવો દૂર કરતી દવાઓ જેવી કે આઈબ્યુપ્રોફીન અથવા તો એસેટામાઈનોફિન થોડા સમય સુધી દુખાવામાં રાહત આપી શકે છે. અમુક કિસ્સાઓમાં બળતરા અને દુખાવો ઓછો કરવા માટે ડોક્ટર તરફથી વધુ ડોઝની દુખાવાઓની દવાઓ આપવામાં આવે છે. જેમાં કોર્ટિકોસ્ટીરોઇડનો પણ સમાવેશ થાય છે.

★ **૬) વૈકલ્પિક ઉપચારોઃ** દર્દીઓ વૈકલ્પિક ઉપચારો પણ અપનાવી શકે છે જેવા કે એક્યુપંચર તેમજ માલિશનો પણ સહારો લઇ શકે છે. આ બધું થોડા સમય સુધી દર્દમાંથી રાહત આપે છે.

★ **૭) શસ્ત્રક્રિયાઃ** જે કિસ્સાઓમાં દર્દનું પ્રમાણ વધુ હોય છે અને વૈકલ્પિક સારવાર પદ્ધતિઓ કામમાં નથી આવતી તે કિસ્સાઓમાં શસ્ત્રક્રિયા જરૂરી બની જાય છે. દબાણ દૂર કરવા શસ્ત્રક્રિયાઓમાં કરોડરજ્જુના મણકાની વચ્ચેનું અંતર વધારવું, અથવા તો ક્ષતિગ્રસ્ત ભાગોને દૂર કરવા જેવી ક્રિયાઓ કરવામાં આવે છે.

★ **૮) શિક્ષણ અને માહિતીઃ** તમારી સમજ વધારવી એ સૌથી મોટું પરીબળ છે. પોતે એવા સમૂહોમાં જોડાવું જોઇએ કે જ્યાં આ પ્રકારની પીડાઓમાંથી કેવી રીતે બચવું, વધારો થતો અટકાવવો અથવા તો એના આગોતરા પગલાં કે જેથી આવું ભવિષ્યમાં ના થાય તેની કાળજી રાખવી વગેરેનું શિક્ષણ આપવામાં આવતું હોય.

મારા ખ્યાલ મુજબ લક્ષણોની ઓળખ કરીને કરોડરજ્જુની સારવાર કરવી એ યોગ્ય અને પૂરતો રસ્તો નથી. શારીરિક, લાગણીશીલ અને અમુક સમયે આધ્યાત્મિક પાસાઓને પણ આવરી લેવાથી સંપૂર્ણ સારવાર અથવા તો ઇજાઓમાં સુધારો થઇ શકે છે.

સંપૂર્ણ સારવાર માટેની યોજનાઓમાં નિષ્ણાત ડૉક્ટરો, થેરાપિસ્ટ, અને ડાયેટિશિયનનો પણ સમાવેશ થાય છે. કરોડરજ્જુના રોગમાં સ્લિપડિસ્ક, કરોડરજ્જુમાં ખામી, કરોડરજ્જુના આકારમાં ફેરફાર, જેવા રોગનો સમાવેશ થાય છે. જાગરૂકતા, ફિઝિયોથેરાપી, જીવનશૈલીમાં ફેરફાર, શસ્ત્રક્રિયા જેવા અલગ અલગ વિકલ્પો જીવનના સ્તરને સુધારી શકે છે. યાદ રાખો કે આવા કિસ્સાઓમાં નિષ્ણાતોની સલાહ લેવી સૌથી જરૂરી બાબત બની જાય છે. યોગ્ય સારવાર, સમર્થનના કારણે ઘણા માણસો આ પ્રકારના લક્ષણો અને રોગોમાંથી મુક્તિ મેળવીને પોતાનું સામાન્ય જીવન જીવી રહ્યા છે.

વધુ વિગતો માટે સંપર્ક : ડૉ. એલ એચ હિરાનંદાની હૉસ્પિટલ (પવઈ)
હિલસાઇડ એવેન્યુ, હિરાનંદાની ગાર્ડન્સ, પવઇ, મુંબઇ-૪૦૦૦૭૬.
ફોન : ૦૨૨ - ૭૧૦૨ ૩૩૦૦/ ૩૫૦૦
વેબસાઇટ : www.hiranandanihospital.org
ફેસબુક : @Hiranandani Hospital
ઇન્સ્ટાગ્રામ : drlhhiranandanihospital

# કીહોલ સ્પાઇન સર્જરીઃ પીઠદર્દના દુઃખાવાની સંભાળમાં એક ક્રાંતિ

પીઠનો દુખાવો એ સૌથી સામાન્ય તબીબી ફરિયાદોમાંની એક છે, જે વિશ્વભરના લાખો લોકોને અસર કરે છે. ક્રોનિક (લાંબાગાળાના) પીઠની સમસ્યાઓ જીવનની ગુણવત્તા પર ઊંડી અસર કરે છે. તબીબી ઉપચાર અને/અથવા ફિઝિયોથેરાપીનો પ્રતિસાદ ન આપતા પસંદગીના દર્દીઓએ સર્જિકલ સોલ્યુશનનો આશરો લેવો પડશે.


કીહોલ સ્પાઇન સર્જરી, ઉર્ફે મિનિમલી ઇન્વેસિવ સ્પાઇન સર્જરી (MISS), પરંપરાગત ઓપન સ્પાઇન સર્જરીની સરખામણીમાં ઓછા જોખમો, નાના ડાઘ અને ઓછા જોખમો સાથે દર્દીઓને અસરકારક ઉકેલ ઓફર કરતી નોંધપાત્ર લીપ ફોરવર્ડ રજૂ કરે છે. આ પ્રક્રિયા કેવી રીતે કાર્ય કરે છે તે સમજવું એ ક્રોનિક (લાંબાગાળાના) પીઠની સમસ્યાઓ સાથે કામ કરતા કોઈપણ માટે નિર્ણાયક છે.



ડૉ. ખુર્શીદ અન્સારી
MS, MCH, FRCS
Neurosurgery (UK)
Minimal Invasive Brain & Spine Surgeon

▸ **કીહોલ સ્પાઇન સર્જરી શું છે?**

કીહોલ સ્પાઇન સર્જરીમાં નાના ચીરાનો ઉપયોગ કરવામાં આવે છે, સામાન્ય રીતે એક ઇંચ કરતા વધુ લાંબા હોતા નથી, જેના દ્વારા સ્પાઇન સુધી પહોંચવા માટે વિશિષ્ટ સાધનો દાખલ કરવામાં આવે છે. અદ્યતન ઇમેજિંગ તકનીકો, જેમ કે રીઅલ-ટાઇમ એક્સ-રે અથવા 3D નેવિગેશન સિસ્ટમ્સ, સાધનોને ચોકસાઇ સાથે માર્ગદર્શન આપવા માટે ઉપયોગ કરવામાં આવે છે. પ્રાથમિક ધ્યેય દર્દીના દુખાવાના મૂળ કારણને શોધવાનો હોય છે - પછી તે હર્નિએટેડ ડિસ્ક, હાડકાના સ્પુર અથવા સ્પાઈનલનો સ્ટેનોસિસ હોય - જ્યારે આસપાસના સ્નાયુઓ અને પેશીઓમાં વિક્ષેપ ઓછો કરે છે.




આ પરંપરાગત ઓપન સ્પાઇન સર્જરીથી વિપરીત છે, જેમાં મોટા ચીરોની જરૂર પડે છે અને ઘણીવાર અસરગ્રસ્ત વિસ્તાર સુધી પહોંચવા માટે સ્નાયુઓ અને અન્ય પેશીઓને કાપવાની ફરજ પડે છે.

▸ **કીહોલ અભિગમ સાથે સ્પાઈનલની કઈ સર્જરી કરી શકાય છે?**

૧. **માઇક્રોડિસેક્ટોમીઃ** આ હર્નિએટેડ ડિસ્કની સારવાર માટે કરવામાં આવે છે. એક નાનો ચીરો બનાવવામાં આવે છે અને સર્જન ડિસ્કના તે ભાગને દૂર કરે છે જે નજીકના ચેતાતંતુને સંકુચિત કરતો હોય છે. કીહોલના અભિગમમાં, સ્નાયુ પેશીઓને કાપવાને બદલે કાળજીપૂર્વક અલગ કરવામાં આવે છે, તેમની અખંડિતતા જાળવી રાખે છે અને પુનઃપ્રાપ્તિને ઝડપી બનાવે છે.

૨. **લેમિનેક્ટોમીઃ** સ્પાઇનલ સ્ટેનોસિસ (સ્પાઈનલની નહેરને સાંકડી કરવી) ધરાવતા દર્દીઓ માટે કીહોલ લેમિનેક્ટોમી કરવામાં આવી શકે છે. સર્જન સ્પાઈનલ અથવા ચેતાતંતુ પરના દબાણને ઘટાડવા માટે વર્ટે બ્રા (લેમિના)ના ભાગને દૂર કરે છે, ફરી એકવાર ન્યૂનતમ ચીરોનો ઉપયોગ કરીને.

૩. **સ્પાઇનલ ફ્યુઝનઃ** એવા કિસ્સાઓમાં કે જ્યાં સ્પાઈનની અસ્થિરતા ચિંતાનો વિષય છે, ઓછામાં ઓછા આક્રમક સ્પાઇનલ ફ્યુઝનની ભલામણ કરવામાં આવી શકે છે. આ પ્રક્રિયા હાડકાની કલમો, સળિયા અથવા સ્ક્રૂનો ઉપયોગ કરીને બે અથવા વધુ સ્પાઈનને એકસાથે જોડીને સ્થિર કરે છે.

૪. **એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જરીઃ** આમાં નાના ચીરા દ્વારા દાખલ કરાયેલા નાના કેમેરા (એન્ડોસ્કોપ)નો ઉપયોગ સામેલ છે. કેમેરો સર્જનને વાસ્તવિક સમયના વિઝ્યુઅલ પૂરા પાડે છે, જે ડિસેક્ટોમી અને ફોરેમિનોટોમી પ્રક્રિયા કરવા માટે ખાસ રચાયેલ સાધનોનો ઉપયોગ કરે છે. તે ઘણીવાર સ્થાનિક અથવા પ્રાદેશિક એનેસ્થેસિયા હેઠળ કરવામાં આવે છે અને દર્દીઓ સર્જરીના તે જ દિવસે ઘરે જઈ શકે છે.

૫. **મીનીમલ ઈન્વેસિવ સ્પાઈનલ ટ્યુમર રીમુવલઃ** સર્જન ત્વચામાં એક નાનો ચીરો બનાવે છે અને ગાંઠમાં ટનલ બનાવવા માટે ટ્યુબ્યુલર રીટ્રેક્ટર દાખલ કરે છે. પછી ગાંઠને દૂર કરવા માટે ટનલ દ્વારા સ્પાઈન પર કામ કરવા માટે નાના સાધનોનો ઉપયોગ કરે છે

▸ **કીહોલ સ્પાઇન સર્જરીના ફાયદા**

આ ન્યૂનતમ આક્રમક અભિગમના મુખ્ય ફાયદાઓમાં સમાવેશ થાય છે

૧. નાના ચીરો અને ડાઘ
૨. સ્નાયુઓને થતા નુકસાનમાં ઘટાડો
૩. ઝડપી પુનઃપ્રાપ્તિ સમય
૪. જટિલતાઓનું ઓછું જોખમ
૫. ઓછી પોસ્ટઓપરેટિવ પીડા

▸ **સર્જરી કોના માટે ફાયદા કારક છે?**

જ્યારે કીહોલ સ્પાઇન સર્જરી ઘણા ફાયદા આપે છે, તે દરેક દર્દી માટે યોગ્ય નથી. આ સર્જરીની નીચે મુજબના દર્દીમાટે ભલામણ કરી શકાય.

- ▸ હર્નિએટેડ ડિસ્ક
- ▸ સ્પાઇનલ સ્ટેનોસિસ
- ▸ ડીજનરેટિવ ડિસ્ક રોગ જે જ્ઞાનતંતુ સંકોચનનું કારણ બને છે
- ▸ સ્પોન્ડિલોલિસ્થેસીસ (વર્ટેબ્રા સ્લિપેજ)

વધુ જટિલ પરિસ્થિતિઓ અથવા ગંભીર સ્પાઈનલની અસ્થિરતા ધરાવતા દર્દીઓને હજુ પણ પરંપરાગત ઓપન સર્જરીની જરૂર પડી શકે છે. કીહોલ સર્જરી શ્રેષ્ઠ વિકલ્પ છે કારણ કે તે નિર્ધારિત કરવા માટે એમઆરઆઈ અથવા સીટી સ્કેન જેવા ઇમેજિંગ અભ્યાસો સહિત સ્પાઈનના નિષ્ણાત દ્વારા સંપૂર્ણ મૂલ્યાંકન આવશ્યક છે.

નિષ્કર્ષઃ કીહોલ સ્પાઇન સર્જરી સ્પાઈનની વિકૃતિઓની સારવારમાં ક્રાંતિનું પ્રતિનિધિત્વ કરે છે, જે દર્દીઓને પરંપરાગત સર્જરીનો ઓછો આક્રમક વિકલ્પ પ્રદાન કરે છે.

વધુ વિગતો માટે સંપર્ક : ડૉ. એલ એચ હિરાનંદાની હૉસ્પિટલ (પવઈ)
હિલસાઇડ એવેન્યુ, હિરાનંદાની ગાર્ડન્સ, પવઇ-મુંબઇ-૪૦૦૦૭૬.
ફોન : ૦૨૨ - ૭૧૦૨ ૩૩૦૦/ ૩૫૦૦
વેબસાઇટ : www.hiranandanihospital.org
ફેસબુક : @Hiranandani Hospital
ઇન્સ્ટાગ્રામ : drlhhiranandanihospital

# જોખમી પેટ્રો પેદાશોની ગેરકાયદે આયાતઃ સાંતાક્રુઝની ત્રણ કંપની સામે એફઆઈઆર

થાણેઃ ૧ કરોડ ૪૦ લાખ રૂપિયાથી વધુ કિંમતના જોખમી પેટ્રોલિયમ પેદાશોની કથિત ગેરકાયદે આયાત કરી હેરફેર કરવા બદલ મુંબઈસ્થિત ત્રણ કંપનીઓના પ્રતિનિધિ સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો હોવાનું નવી મુંબઇ પોલીસે મંગળવારે જણાવ્યું હતું. ઉરણના આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર શિવાજી હુલગેએ જણાવ્યું હતું કે મળેલી બાતમીના આધારે કસ્ટમ્સના સત્તાવાળાઓએ ૧૨ જુલાઈએ એક આયાત કંપનીના પરિસરમાં દરોડા પાડ્યા હતા.

અધિકારીઓને પેટ્રોલિયમ પદાર્થવાળા આઠ ટેન્કર મળી આવ્યાં હતાં.

સામગ્રીની હેરફેર કરનારી ત્રણ કંપનીએ આ પ્રવાહીને ખોટી રીતે 'પ્રોસેસ ઓઇલ ૪૦' તરીકે જાહેર કર્યું હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. આ ઓઈલ સામાન્ય રીતે ઉત્પાદન પ્રક્રિયા માટે વપરાય છે અને એજ્વલનશીલ પદાર્થ નથી.

જોકે, પકડાયેલું પ્રવાહી અત્યંત જ્વલનશીલ 'પેટ્રોલિયમ હાઇડ્રોકાર્બન ઓઇલ' હોઈ એની હેરફેર માટે વિશેષ પરવાનો અને કડક સલામતી તેમજ સાવચેતી આવશ્યક હોવાનું પછી કરવામાં આવેલા પરીક્ષણમાં સિદ્ધ થયું હોવાની જાણકારી અધિકારીએ આપી હતી. પદાર્થના જોખમી સ્વરૂપથી વાકેફ હોવા છતાં, કંપનીઓએ કથિત રીતે જરૂરી લાઈસન્સ વિના એની હેરફેર કરી જે જાહેર સલામતી માટે અત્યંત જોખમી હતું.

મુંબઈના સાંતાક્રુઝસ્થિત ત્રણેય કંપનીઓના પ્રતિનિધિઓ વિરુદ્ધ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, પેટ્રોલિયમ અધિનિયમ, વિસ્ફોટક અધિનિયમની જોગવાઈઓ તેમજ હાઈ સ્પીડ ડીઝલ ઓઇલ અને લાઇટ ડીઝલ ઓઇલ (મર્યાદિત ઉપયોગ) ઓર્ડર ૧૯૭૪ અને મોટર સ્પિરીટ એન્ડ હાઇસ્પીડ ડીઝલ (સપ્લાય, ડિસ્ટ્રિબ્યુશન અને ગેરરીતિઓ નિવારણ) ઓર્ડર ૨૦૦૫ના ઉલ્લંઘન હેઠળ પણ કેસ નોંધવામાં આવ્યો છે એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# કરોડરજ્જુની સ્વસ્થતા સરળ શબ્દોમાંઃ
## સ્પાઈનલ કૉર્ડ ટ્યુમર્સ, વૅસ્ક્યુલર એનોમલીસ અને અદ્યતન સારવાર

કરોડરજ્જુની ગાંઠ, રક્તવાહિનીમાં અનિયમિતતા અને ઉચ્ચ કક્ષાની સારવાર શરીરને ટેકો આપવામાં અને હલનચલન કરવામાં અને મગજ તથા શરીરને જોડનારી કરોડરજ્જુને સંરક્ષણ દેવામાં મણકાની માળા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કરોડરજ્જુમાં ગાંઠ કે રક્તવાહિનીમાં વિસંગતિને લીધે મોટી અસમર્થતા આવી શકે. કરોડરજ્જુના હેલ્થને જાળવવા આ ભયસૂચક નિશાનીઓ અને છેલ્લામાં છેલ્લા તંત્રજ્ઞાનની જાણકારી લેવી ઘટે.



ડૉ. સચિન ગિરી
Consultant Neurosurgeon
MBBS, MS, MBA, FCPS, FIAGES, FMAS, M.Ch, FINR, FRCS

★ **કરોડરજ્જુની ગાંઠ અને રક્તવાહિનીની અનિયમિતતા શું છે?**

કરોડરજ્જુની ગાંઠ એ કરોડરજ્જુ પર કે આસપાસ થતી અનિયમિત વૃદ્ધિ છે. આ ગાંઠ સૌમ્ય (બિનકેન્સરજન્ય) કે જોખમી (કેન્સરજન્ય) હોઈ શકે. સૌમ્ય ગાંઠ પ્રસરતી નથી, પરંતુ તે કરોડરજ્જુ કે જ્ઞાનતંતુ પર દબાણ લાવે છે જેથી પક્ષાઘાત સંવેદનાનો અભાવ કે યુરિન પરનો અંકુશ છૂટી જાય છે. જોખમી ગાંઠો વધુ આક્રમક હોય છે અને એની તત્કાળ સારવાર ગાંઠનો પ્રસાર થાય એ પહેલાં કરવી જોઈએ.



★ **રક્તવાહિનીમાં વિસંગતિ**

આમાં રક્તવાહિની અનિયમિત થઈ જાય છે. આના સામાન્ય દાખલા સ્પાઈનલ આર્ટરી ઓવેનરી માલફોર્મેશન્સ (એવીએમ) અને ડ્યુરલ આર્ટરીઓવેન્સ ફિસ્તુલાસ (ડીએવીએફ) છે જેમાં ખરાબ રક્તવાહિનીમાંથી લોહી વહે અથવા કરોડરજ્જુને લોહીના પુરવઠા આપવામાં વિક્ષેપ થતાં ગંભીર પરિણામો આવે છે.

★ **ચિહ્ન અને લક્ષણ**

★ **૧. પીઠનો સતત દુઃખાવો :** પીઠના સામાન્ય દુઃખાવાથી વિપરિત ગાંઠ કે રક્તવાહિનીની અનિયમિતતામાં દુઃખાવો સતત અને તીવ્ર હોય છે. સૂતી વખતે આ દુઃખાવો વકરી જાય છે. સ્ટાન્ડર્ડ પેનકિલર્સનો આમાં કંગાળ પ્રતિસાદ મળે છે.

★ **૨. કમજોરીઃ** સીડી ચડતી વખતે કે બૂટ પહેરતી વખતે હાથ અને પગમાં ઉત્તરોત્તર નબળાઇ આવે છે.

★ **૩. સંવેદના ગુમાવવી :** સ્પર્શની પ્રતીતિ કરવામાં કે હાથ-પગમાં પીડાને સમજવામાં ખલેલ પહોંચે છે.

★ **૪. કઢંગ :** ચાલવા, સમતુલા રાખવામાં કે બૂટની દોરી બાંધવા કે દાગીના પહેરવા જેવી પ્રવૃત્તિ કરવામાં મુશ્કેલી.

★ **૫. પેશાબ અને ઝાડા :** ઝાડા પેશાબમાં અવરોધ કે કબજિયાત
પેશાબ કે ઝાડાને રોકવામાં મુશ્કેલી બહુ થાય છે.

★ **૬. ચક્કર આવવાઃ** રક્તવાહિનીની અનિયમિતતાને લીધે કરોડરજ્જુના લોહીના પુરવઠામાં વિક્ષેપ થાય છે અને થાક કે ચક્કર આવે છે.

★ **સામાન્ય માન્યતાની પોલ ઉઘાડી પાડીએ**

★ **પહેલી માન્યતા :** પીઠનો દુઃખાવો એટલે ગાંઠ : મોટા ભાગના પીઠના દુખાવા સ્નાયુની તાણ કે ડિસ્કની સમસ્યાને લીધે થાય છે.

★ **બીજી માન્યતાઃ** કરોડરજ્જુની ગાંઠ થાય તે તત્કાલ તીવ્ર લક્ષણો જોવા મળે છે. પીઠમાં નજીવો દુખાવો કે સંવેદનહીનતા જેવા લક્ષણો ઉત્તરોત્તર અનેકવાર વિકસે છે.

★ **ત્રીજી માન્યતા : સૌમ્ય ગાંઠ નિરુપદ્રવી હોય છે :** સૌમ્ય ગાંઠો પ્રસરતી નથી. પરંતુ તે જ્ઞાનતંતુ કે કરોડરજ્જુ પર દબાણ આણે છે જેથી ગંભીર હેલ્થ ઇસ્યુ ઉભા થાય છે.

★ **ચોથી માન્યતા :** કરોડરજ્જુની ગાંઠની સર્જરી અતિશય જોખમી અને સાજા થવામાં લાંબો સમય લેનારી હોય છે. સર્જરીમાં પ્રગતિ જેવી કે મિનિમલી ઇન્વેસ્ટિવ અને એડવાઇસ્ડ ઇન્ટ્રા-ઓપરેટિવ ઇમેજિંગ ટેક્નિકને લીધે સ્પાઇનલ સર્જરી સલામત છે અને આમાં ઝડપી રિકવરી થાય છે.

★ **કટિંગ એજ સારવાર**

★ **૧. એડવાન્સ ઇમેજિંગઃ** હાઇ રિઝોલ્યુશન MRI અને સીટી ઇન્ટ્રા ઓપરેટિવ અલ્ટ્રા સોનોગ્રાફી ડિજિટલ સબસ્ટ્રાકશન એન્જિયોગ્રાફી (ડીએસએ) ને કારણે ડૉક્ટરો ચોક્સાઇપૂર્વક વિસંગતિ શોધીને યોગ્ય રીતે આયોજન કરી શકે છે.

★ **૨. મિનિમલ ઇન્વેઝિવ સર્જરી (MIS):** નાના કાપાનો ઉપયોગ થવાથી સ્નાયુઓને નુકસાન ઓછું થાય છે અને રિકવરી ઝડપથી થાય છે.

★ **૩. રોબોટિક-આસિસ્ટેક સર્જરી / નેવિગેશન આસિસ્ટેડ સર્જરી :** જટિલ કિસ્સાઓમાં સર્જરીની ચોક્સાઇ વધારવા માટે.

★ **૪. ઇન્ટરવેન્શનલ પ્રોસિજર :** વેસ્ક્યુલર વિસંગતિઓની સારવાર માટે એડવાન્સ્ડ ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી પ્રક્રિયાઓમાં એન્ડો વાસ્કયુલર એમ્બોલાઇઝેશનનો સમાવેશ અસામાન્ય રક્તવાહિનીઓને અવરોધિત કરવા અને તેમને રક્તસ્રાવથી અટકાવવા માટે થાય છે.

★ **૫. એડવાન્સ્ડ માઇક્રોસ્કોપ્સ :** ન્યુરોસર્જન શસ્ત્રક્રિયા વખતે ખાસ ફિલ્ટર સાથે માઇક્રોસ્કોપનો ઉપયોગ તંદુરસ્ત પેશીઓને નુકસાન ઘટાડવા માટે અને સામાન્ય પેશીઓથી ગાંઠની પેશીઓને અલગ પાડવા માટે કરે છે.

------- **નિષ્કર્ષ : વહેલું નિદાન મહત્ત્વનું છે** -------

*તમારી કરોડરજ્જુના સ્વાસ્થ્ય સંબંધી સારવારનું પ્રથમ પગલું જાણકારી મેળવવી છે. જો સતત પીઠનો દુઃખાવો, નબળાઇ અથવા અન્ય અસામાન્ય લક્ષણોનો અનુભવ થાય તો તરત જ તમારા ડોકટરની સલાહ લો. આકરા નિદાનથી આશાનો અંત આવતો નથી. હા.... કરોડરજ્જુની ગાંઠો અને વેસ્કયુલર વિસંગતિઓ ગંભીર સ્થિતિ છે. પ્રારંભિક તબક્કામાં તપાસ અને અદ્યતન સારવાર સાથે પરિણામોમાં ઘણો સુધારો થાય છે. ચાર્લ્સ આર. સ્વિન્ડોલ કહે છે તેમ ''જીવન ૧૦ ટકા આપણી સાથે થાય એ છે અને ૯૦ ટકા એ છે કે આપણે તેને કેવી પ્રતિક્રિયા આપીએ છીએ...''*

*લેખક ડૉ. સચિન ગિરી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બન્ને સ્તરે પ્રતિષ્ઠિત સંસ્થામાં બે દાયકાનો સર્જિકલ અનુભવ ધરાવે છે અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ન્યુરોસર્જન છે.*

વધુ વિગતો માટે સંપર્ક : ડૉ. એલ એચ હિરાનંદાની હૉસ્પિટલ (પવઈ)
હિલસાઇડ એવેન્યુ, હિરાનંદાની ગાર્ડન્સ, પવઇ-મુંબઇ-૪૦૦૦૭૬.
ફોન : ૦૨૨ - ૭૧૦૨ ૩૩૦૦/ ૩૫૦૦
વેબસાઇટ : www.hiranandanihospital.org
ફેસબુક : @Hiranandani Hospital
ઇન્સ્ટાગ્રામ : drlhhiranandanihospital






Deepak Somaiya



Theatrix



Deepak Somaiya



Deepak Somaiya



Deepak Somaiya

# વાવ બેઠક પર કૉંગ્રેસનો દબદબો: કૉંગ્રેસના એક માત્ર સાંસદ ગેનીબેન ઠાકોર સતત બે વાર જીત્યાં હતાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:બનાસકાંઠા જિલ્લાના વાવ વિધાનસભા બેઠક પરથી ચૂંટાયેલા કૉંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર ગત લોકસભા ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક પરથી કૉંગ્રેસના સાંસદ તરીકે ચૂંટાયા બાદ ખાલી પડેલી આ બેઠકની હવે ૧૩મી નવેમ્બરે પેટા ચૂંટણી યોજાવાની છે. આ બેઠક પર સામાન્ય રીતે કૉંગ્રેસનો દબદબો રહ્યો છે. ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે બરોબરીનો ચૂંટણી જંગ જામશે. જોકે ગુજરાતમાં કૉંગ્રેસના એક માત્ર સાંસદ ગેનબેન ઠાકોરનો આ મતવિસ્તાર હોવાથી કૉંગ્રેસનું પલ્લું ભારે માનવામાં આવી રહ્યું છે.

૧૯૮૫થી અત્યાર સુધીમાં વાવ વિધાનસભા બેઠક પર ત્રણ વાર કૉંગ્રેસ, એકવાર જનતા દળ અને બે વાર ભાજપે જીત મેળવેલી છે. વાવ બેઠક પર સૌથી વધુ કૉંગ્રેસનો દબદબો જોવા મળ્યો છે. વાવ વિધાનસભા બેઠક પર ઠાકોર અને ચૌધરી સમાજના મતદારોનું પ્રભુત્વ છે, જોકે ચૌધરી સમાજ મોટા ભાગે ભાજપ તરફ ઢળેલો છે જ્યારે ઠાકોર સમાજની વોટ બેંક પર કૉંગ્રેસની પક્કડ મજબૂત છે.

વર્ષ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં શંકર ચૌધરી સામે થરાદથી ચૂંટણી હારેલા ગુલાબસિંહને આ વખતે વાવ બેઠકથી પેટાચૂંટણીના પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યા છે. તાજેતરની લોકસભાની ચૂંટણીમાં ગેનીબેન ઠાકોરને દિલ્હી સુધી મોકલવામાં ગુલાબસિંહે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

બીજી તરફ ભાજપમાં પણ ત્રણ ઉમેદવારોના નામની ચર્ચા થઇ રહી છે. ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં ગેનીબેન ઠાકોરના સામે વાવ વિધાનસભા સીટ પર સ્વરૂપજી ઠાકોર ચૂંટણી લડ્યા હતા અને ગેનીબેન સામે હાર્યા હતા. બીજું નામ વાવ વિસ્તારના આગેવાન તરીકે ઓળખાતા ગજેન્દ્રસિંહ રાણાનું નામ ચર્ચામાં રહ્યું છે.

વાવ વિધાનસભા બેઠકનો ઇતિહાસ જોઇએ તો ૧૯૮૫માં અસ્તિત્વમાં આવેલી વાવ બેઠકમાં વાવ, ભાભર અને સુઈગામ એમ કુલ ત્રણ તાલુકાઓનો સમાવેશ થાય છે. વાવ વિધાનસભાની પ્રથમવાર ૧૯૮૫માં પરબત પટેલ કૉંગ્રેસમાંથી જીતી આવ્યા હતા. ૧૯૯૦ માવજીભાઈ પટેલ જનતા દળમાંથી જીતી આવ્યા હતા. ૧૯૯૮માં રાજપૂત હેમાજી કોંગ્રેસમાંથી જીતી આવ્યા હતા. તો ૨૦૦૭માં પરબત પટેલ ભાજપમાંથી જીત મેળવી હતી. ૨૦૧૨માં શંકર ચૌધરી ભાજપમાંથી અને ૨૦૧૭ અને ૨૦૨૨ની ચૂંટણીમાં ગેનીબેન ઠાકોર કૉંગ્રેસમાંથી જીત્યા હતા. ■

# નવી ગુજરાત ટેક્સટાઇલ પૉલિસી ૨૦૨૪ની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં કાપડ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતની 'નવી ટેક્સટાઈલ પૉલિસી-૨૦૨૪' રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય પ્રધાને ટેક્સટાઈલ પૉલિસીની જાહેર કરી છે. રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. જીઆઇડીસીના રૂ.૫૬૪ કરોડના વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરાયું. ૫,૫૦૦ ઉદ્યોગ યુનિટ્સને રૂ.૧ હજાર કરોડથી વધુ મૂલ્યની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારે જાહેર કરેલી નવી ટેક્સટાઇલ પૉલિસી મુજબ હવે ટેક્સટાઇલ એકમને ૨૦૦૦થી ૫૦૦૦ પે રોલ પ્રતિ વ્યક્તિ ૫ વર્ષ સુધી અપાશે તેમજ ૭ ટકા સબસિડી ૮ વર્ષ માટે આપવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાત્મા મંદિરમાં ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી થઈ રહી છે. દર વર્ષે વિકાસ સપ્તાહ ઉજવણી કરવાનું નક્કી જ છે. ગુજરાત સદીઓથી કાપડના ઉત્પાદન, વેપારનું કેન્દ્ર છે. ટેક્સટાઇલ સ્ટેટ ગુજરાત ગણાય છે. ટેક્સટાઇલ સેક્ટરમાં ૭૨ હજાર કરોડના રોકાણની જાહેરાત કરવામાં આવી છે. જાન્યુઆરીમાં વાઈબ્રન્ટ ગુજરાતમાં જાહેરાત થઈ હતી. ■

# માંગરોળ ગેંગ રેપના દુષ્કર્મીનું ગાંધીનગરમાં વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી કરાયું: મહત્ત્વનો પુરાવો રેકોર્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના માંગરોળ ગેંગરેપ કેસના આરોપી રાજુનો ગાંધીનગરમાં વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સાથે જે વ્યક્તિની બાઈકનો દુષ્કર્મ દરમિયાન ઉપયોગમાં લેવાયેલા બાઈકના માલિક તનવીરનો પણ વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

ગેંગરેપ અને ત્રણ રાજ્યમાં ૯ ગુના આચરનાર આરોપી રાજુને પોલીસ ગાંધીનગર લઈને પહોંચી હતી. ગુનાહિત ઇતિહાસ ધરાવનાર આરોપી રાજુ અને મુન્ના તેમજ શિવશંકરે સગીરા અને તેના મિત્રને માર મારી સગીરા પર ગેંગરેપ આચર્યું હતું અને ત્યારબાદ બાઈક ત્યાં છોડીને નાસી ગયા હતા. આ બાઈક ઘટનાસ્થળથી ૫૦૦ મીટર દૂર મળી આવી હતી. આ બાઈકના મૂળ માલિક સુધી પહોંચીને આખરે પોલીસે રાજુ, શિવશંકર અને મુન્નાની ધરપકડ કરી હતી. આ કૃત્ય કર્યા બાદ આરોપી રાજુએ પોતાના ફોનથી બાઈકના માલિક તનવીરને કોલ કર્યો હતો અને જણાવ્યું હતું કે, અમે એક યુવતી સાથે દુષ્કર્મ આચર્યું છે અને બાઇક ત્યાં મૂકીને નાસી ગયા છીએ. આ સાંભળીને બાઇકનો માલિક તનવીર ચોંકી ગયો હતો.

આરોપી રાજુએ તનવીરને કહ્યું હતું કે, તું ત્યાંથી બાઈક લઈને બીજી જગ્યાએ મૂકી દેજે, અમે ત્યાં જઈ શકીએ એમ નથી. અમે દુષ્કર્મ આચર્યું છે. તનવીરે આ સમગ્ર વાત પોતાના મોબાઈલમાં રેકોર્ડ કરી લીધી હતી. રાજુ ગુનાહિત ઇતિહાસ ધરાવે છે અને દુષ્કર્મ આચર્યું છે અને તેમાં પણ તેની બાઈક સામેલ છે, જેથી તે પોતે ન ફસાઈ જાય. આ માટે આ સમગ્ર જાણકારી પોલીસને પણ બાઇક માલિકે આપી દીધી હતી. આ રેકોર્ડિંગમાં આરોપી પોતાના ગુનાનો સ્વીકાર કરી રહ્યો છે, જેથી આ પોલીસ માટે મહત્ત્વનો પુરાવો માનવામાં આવ રહ્યો છે. ■

# રાજ્યનાં ૨૦૬ જળાશયોમાં ૯૫ ટકાથી વધુ જળસંગ્રહ: નર્મદા ડેમમાં ૯૯ ટકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ચોમાસામાં સારા વરસાદના પરિણામે રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૯૫ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જ્યારે, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૩,૩૦,૨૧૩ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૯૯ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ રાજ્યના કુલ ૨૦૭ જળાશયોમાં ૯૬.૭૫ ટકા જળસંગ્રહ થયો છે.

રાજ્યના જળસંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવ્યા અનુસાર મંગળવારે સવારે ૮.૦૦ કલાકની સ્થિતિએ રાજ્યના ૧૩૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ ભરાયા છે. જ્યારે ૪૬ જળાશયો ૭૦થી ૧૦૦ ટકા, ૧૩ જળાશયો ૫૦થી ૭૦ ટકા, ૦૪ જળાશયો ૨૫થી ૫૦ ટકા અને ૦૪ જળાશયો ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. આ ઉપરાંત દક્ષિણ અને મધ્ય ગુજરાતના કુલ ૩૦ જળાશયો ૧૦૦ ટકા જેટલા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયો ૯૪.૪૦ ટકા, કચ્છના ૨૦ જળાશયો ૮૨.૯૮ ટકા તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૭૪.૩૩ ટકા પાણીનો સંગ્રહ થયો છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે આ સમયે રાજ્યમાં ૨૦૭ જળાશયોમાં ૯૫.૬૮ ટકા જ્યારે, આ વર્ષે ગઈ કાલની સ્થિતિએ રાજ્યમાં ૯૬.૮૨ ટકા જળસંગ્રહ નોંધાયો હતો.

આ ઉપરાંત રાજ્યના ઉકાઈ, ભાદર-૨, કડાણા, વણાકબોરી, ભાદર, ઓઝત-વિઅર (વંથલી), કરજણ, દમણગંગા, પાનમ, સસોઈ, રાણા ખીરસરા તેમજ ફોફલ-૧, ઓઝત-૨, માછણનાળા, છાપરવાડી-૨, આજી-૩, અને વર્તુ-૨ ડેમ ૧૦૦ ટકા જેટલા ભરાયા છે. જ્યારે, ધરોઈ ડેમ ૯૦.૪૮ ટકા, વાડીમાં ૮૯.૬૭ ટકા, ઓઝત- વિઅરમાં ૮૨.૫૬ ટકા તેમજ આજી-૪ ડેમમાં ૭૧.૭૯ ટકાનો જળસંગ્રહ નોંધાયો છે. ■

# અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ચાર વિદેશી સાયબર ક્રિમિનલ પકડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:દિલ્હી અને બેંગલોરમાં બેઠા બેઠા ગુજરાતના લોકોની ઓનલાઇન છેતરતી ગેંગનો પર્દાફાશ કરીને અમદાવાદ સાયબર ક્રાઇમ બ્રાન્ચે પહેલી વાર ચાર વિદેશીઓને ઝડપી પાડયા છે. અને સિનિયર સિટિઝનને છેતરતી આ ગેંગને ઝબ્બે કરી છે, એવું ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

ગૃહ રાજ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું, કે એક કેસની નાગરિકે ફરિયાદ નોંધાવી હતી, જેમાં ૭૭ લાખ રૂપિયા અંગે ફરિયાદ નોંધાઈ હતી અને જેમાં તપાસ કરતા આ સમગ્ર કેસ અમદાવાદ સાયબર ક્રાઈમે ડિટેક્ટ કર્યો છે. આ કેસમાં સાયબર ક્રાઈમની ટીમે ચાર વિદેશી નાગરિકોને ઝડપી પાડ્યા છે. આજના સમયમાં સૌથી મોટી ચેલેન્જ સાયબર એટેક છે, કારણ કે તે ના માત્ર ફાઈનાન્સિયલ ક્રાઈમ પણ સાથે સોશિયલ ક્રાઈમ પણ છે. આવા કિસ્સાઓમાં આપણા સારા નાગરિકોએ જીવ પણ ગુમાવ્યો છે.

સામાન્ય રીતે સાયબર ક્રાઈમના ગુનાઓમાં સીમકાર્ડ, બેંક કાઉન્ટ, આપનાર કે રૂપિયાઓનું ટ્રાન્જેક્શન કરનાર આરોપીઓ પકડાતા હતા. પરંતુ પહેલીવાર ૪ તાઈવાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. જે ચારેય આરોપીઓએ દેશમાં અલગ અલગ સેન્ટરો પર ડાર્ક રૂમ બનાવી ગણતરીને મિનિટોમાં જ કરોડો રૂપિયા યુએસડીટીમાં કન્વર્ટ થઈ શકે તેવી એપ્લિકેશન વિકસાવી હતી. સાથે જ સાયબર ક્રાઈમની આખી સિન્ડિકેટમાં દરેક વ્યક્તિને અલગ જવાબદારીઓ સોંપી હોવાનો ખુલાસો થયો છે.

છેલ્લા બે મહિનામાં સાયબર ક્રાઈમે વડોદરા, દિલ્હી અને મુંબઈમાં રેડ કરી કુલ ૧૩ આરોપીઓની ધરપકડ કરી હતી. જે ૧૩ આરોપીઓની તપાસ બાદ ૪ તાઇવાની નાગરિકોની વિગત ખૂલી હતી. જેમા મુ ચી સંગ, ચાંગ હાવ યુન, વાંગ યુન વેઈ ઉર્ફે સુમોકા અને શેન વેઈ હાવ ઉર્ફે ક્રિશની પણ ધરપકડ કરવામાં આવી છે.

આ ચારેય આરોપીઓએ મુંબઈ, બેંગલોર, દિલ્હી અને વડોદરામાં ડાર્ક રૂમ બનાવ્યા હતા. જે ડાર્કરૂમની મદયમથી તેમણે બનાવેલી એપ્લિકેશનની મદદથી છેતરપિંડી કરી મેળવવામાં આવતી રકમ ગણતરીની મિનિટોમાં જ હવાલા અને બૅન્ક એકાઉન્ટ થઈ યુએસડીટીમાં કન્વર્ટ કરવામાં આવતી હતી. સાથે જ છેતરપિંડી માટે કંબોડિયા, વિયેતનામ, લાવોશ અને મ્યાનમારમાં કોલ સેન્ટર શરૂ કર્યા હતા.

ઝડપાયેલા ચારેય તાઈવાની આરોપીઓની પૂછપરછ કરતા હકીકત સામે આવી કે આરોપીઓ દિલ્હી અને બેંગ્લોરમાં સાયબર ક્રાઇમ માટે યુવકોને ભરતી કરવા તથા તેમણે આપેલી એપ્લિકેશનના મેન્ટેનન્સ અને એપ્લિકેશનના વેચાણ માટે આવ્યા હતા. ચાર તાઈવાની આરોપીની નીચે કામ કરતા ૧૩ સ્થાનિક આરોપીઓની પણ અગાઉ સાયબર ક્રાઇમે ધરપકડ કરી હતી, જેમાં ૭૬૨ જેટલા સીમકાર્ડ, ૧૨૦ મોબાઇલ, ૯ રાઉટર, ૯૬ ચેકબુક અને ૫૦થી વધુ એટીએમ કાર્ડ કબજે કર્યા હતા.

સાથે જ ઝડપાયેલા આરોપીઓ અને તેમાં વપરાયેલા એકાઉન્ટની તપાસ કરતા એનસીઆરબીના રેકોર્ડ મુજબ ૪૫૦ કરતાં વધુ ગુના નોંધાયા હોવાની હકીકત સામે આવી છે. જોકે સંપૂર્ણ તપાસ બાદ આ આંકડો રૂ.૧૦૦૦ને પાર થાય તેવી શક્યતા જોવાઈ રહી છે. ■

# દાહોદના ઝંબુઆ નજીકથી ૧૬૮ કરોડનું ડ્રગ્સ ઝડપાયું: ચારની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં આવેલી એક કંપનીમાંથી દિલ્હી પોલીસ અને ગુજરાત પોલીસે સંયુક્ત દરોડા પાડીને રૂ.૫ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યા બાદ દાહોદ જિલ્લાના ઝંબુઆ પાસે કરોડોના ડ્રગ્સનો પર્દાફાશ થયો છે.

ગુજરાત અને મધ્ય પ્રદેશની બોર્ડર પાસે આવેલા ઝંબુઆ પાસે કેન્દ્ર સરકારની ડીઆરઆઇની ટીમે દરોડા પાડ્યા હતા. જેમાં આ જગ્યા પરથી રૂપિયા ૧૬૮ કરોડનો ૧૧૨ કિલો ડ્રગ્સનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. ઉપરાંત આ ઘટનામાં દાહોદના બે અને વડોદરાનો એક આરોપી સહિત ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી.

ઝંબુઆ નજીક મેઘનગર જીઆઇડીસી વિસ્તારમાં આવેલી મેઘનગર ફાર્મ કેમ ૫ કંપનીમાં ગતરોજ દિલ્હીની ડાયરેક્ટેડ રેવન્યૂ ઇન્ટેલિજન્ટની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન ઉપરોક્ત દવા બનાવતી કંપનીમાંથી ૩૬ કિલો ડ્રગ પાઉડર ૭૬ કિલોગ્રામ લિક્વિડ ફોર્મમાં મળી કુલ ૧૧૨ કિલો મેફેડ્રોન ડ્રગનો જથ્થો જપ્ત કરી કંપનીને સીલ મારવામાં આવી હતી. કંપનીમાં હાજર વિજય ગોવિંદ સિંઘ રાઠોડ (રહે. પુષ્પક બંગલા છાણી વડોદરા), રતન નેવાભાઈ નળવાયા, વૈભવ રતન નળવાયા, તેમજ રમેશ દીતીયા બસી (રહે.વેરાવલી તળાવ ફળિયા મેઘનગર) મળી કુલ ચાર ઇસમોની ધરપકડ કરી તેમની વિરુદ્ધ એમડીપીએસ ન્યુ એક્ટ ૨૧(સી), ૨૫,૨૭(એ), ૨૪ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી.

દવા બનાવતી કંપની મેઘનગર ફાર્મ કેમ પ્રાઇવેટ લી કંપનીમાંથી ડીઆરઆઇની ટીમે ડ્રગ્સ કબજે કર્યું હતું. આ ઉપરાંત પાઉડર ,કેપ્સુલ ફોર્મ તેમજ ઇન્જેક્શન ફાર્મ વસ્તુઓ કબ્જે કરી હતી. ત્યારે વધારે તપાસ કરતા આ કંપનીનો માલિક ગુજરાતનો હોવાનું જાણવા મળ્યું છે. પકડાયેલા લોકોમાંથી દાહોદના પિતા પુત્ર ઓપરેટર હેલ્પર તરીકે કામ કરતા હતા. ■

# રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ: પૂર્વ ટીપીઓ સાગઠિયાની જામીન અરજી રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ ટીઆરપી અગ્નિકાંડ કેસમાં સંડોવણી ખૂલ્યા બાદ મનપાના ટાઇન પ્લાનિંગ ઓફિસર સાગઠિયાની ધરપકડ કરવામાં આવી હતી તેમ જ સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો, લાંબા અંતરાલ બાદ સાગઠિયા કરેલી જામીન અરજી સ્થાનિક કોર્ટે ફગાવી દીધી છે.

અગ્નિકાંડ કેસ અને એસીબીએ કરેલા કેસમાં રાજકોટ મહાનગરપાલિકાના સસ્પેન્ડેડ ટીપીઓ મનસુખ ધનજી સાગઠિયાએ ચાર્જશીટ બાદની જામીન અરજી રાજકોટ સેશન્સ કોર્ટમાં કરી હતી. આ જામીન અરજીની સુનાવણીમાં સાગઠિયાએ પોતાનો બચાવ રજૂ કરતા દલીલ કરેલી કે, ટીઆરપી ગેમઝોનનું ડિમોલિશન મ્યુ. કમિશનરે ન કર્યું. મારી પાસે ડિમોલિશનના પાવર્સ નહોતા, કમિશનર પાસે ડિમોલિશનની સત્તા છે. છતાં તેને આરોપી નથી બનાવાયા. અગ્નિકાંડના આ કેસમાં મને ખોટી રીતે ફસાવી દેવાયો છે. આ તરફ પૂરે પૂરી તૈયારી સાથે કોર્ટ સમક્ષ સરકાર તરફે હાજર થયેલા વકીલે વર્ષ ૨૦૦૮થી લઈ ૨૦૨૪ સુધીના સાગઠિયાએ કરેલા ડિમોલિશનના હુકમોનો રેકર્ડ રજૂ કરી દલીલ કરી કે, સાગઠિયાની જવાબદારી ફિક્સ છે. તેણે અગાઉ પણ આવી સ્થિતિમાં પોતાના સત્તા સ્થાનેથી આવા હુકમો કર્યા છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે, ગેરકાયદે બાંધકામ ટીપીઓ દૂર કરી શકે છે. જવાબદારીની ફેંકાફેંકી કરી સાગઠિયા બીજા પર જવાબદારી ઢોળી દઈ જામીન મેળવવા માગે છે. એસીબીએ તેના પર કેસ કર્યો છે, જેમાં ૨૩ કરોડની અપ્રમાણસર મિલકત થાય છે. આ આર્થિક લાભો આવા કિસ્સામાં સાગઠિયાએ મેળવી અપ્રમાણસર મિલકત ઊભી કરી છે. વર્ષ ૨૦૦૮થી અનેક નોટિસો સાગઠિયાએ ફટકારી છે. શું આ બધી નોટિસો ખોટી છે? આ આરોપી સાગઠિયાએ પોતાનું ગુનાહિત કૃત્ય છુપાવવા અગ્નિકાંડના દિવસે રાતે એક વાગ્યે પોતાની ઑફિસે પહોંચી જૂના રજિસ્ટરનો નાશ કરી નવું રજિસ્ટર બનાવ્યું હતું. સરકારી વકીલની દલીલો ધ્યાને લઈ કોર્ટે અગ્નિકાંડ કેસમાં સાગઠિયાની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. ■

# માંડવીના જમીન કૌભાંડમાં સામેલ બે મુંબઈગરા સહિત ચાર આરોપીને જેલવાસની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અન્યની જમીનને બારોબાર વેચી મારવાના બે દાયકા જૂના ગુનામાં બે વયોવૃદ્ધ મુંબઈગરાઓ સહિત ચાર શખ્સોને લાંબી ચાલેલી કાનૂની લડત બાદ આખરે જેલવાસ ભોગવવાનો વારો આવ્યો છે. મુંબઈ રહેતા મૂળ માંડવી તાલુકાના ભોજાય ગામના વતની પ્રેમજી જેઠા દેઢિયાએ વર્ષ ૨૦૦૬માં ભોજાય નજીક આવેલા હાલાપર સાંભરાઈ ગામની સીમમાં સર્વે નંબર ૧૩૦/૨ની જમીન માલિક દેવજી તેજશી શાહ પાસેથી ૬૦ હજાર રૂપિયામાં ખરીદી હતી. દલાલી પેટે ૧૫૦૦ રૂપિયા મળી તેમણે કુલ ૬૧ હજાર ૫૦૦ રૂપિયા ચૂકવ્યા હતા. ત્રણ વર્ષો બાદ તેમને જાણકારી મળી હતી કે તેમણે જે જમીન ખરીદી તે દેવજી તેજશી શાહ અને તેમના વારસદારોનો હકીકતમાં વર્ષોથી કોઈ અતોપત્તો જ નથી અને પાંચ લોકોએ બોગસ દસ્તાવેજો બનાવીને તેમને આ પારકી જમીન વેચી મારી હતી.

ભોગ બનનારે પાંચ આરોપીઓ સામે માંડવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું કે, આરોપી કિરીટ હિરજી શાહ (હેલિયા), હાસમ જુમા ઉઠાર અને સુરુભા જીતુભા જાડેજા મોટી સાંભરાઈના રહેવાસી હતા. તેમણે કાવતરું રચીને રસિક અમરશી વાઘેલા (દરજી) (રહે. દહીંસર, મુંબઈ)ને દેવજી તેજશી શાહ બનાવીને નકલી વેચાણ દસ્તાવેજ તૈયાર કરાવ્યો હતો જેમાં પ્રતાપ કલ્યાણજી શાહ (રહે.ચીજબંદર, મુંબઈ) તથા અન્ય સહઆરોપીઓએ મદદગારી કરી, વેચાણ દસ્તાવેજમાં ખોટી ઓળખ આપીને સાક્ષી તરીકે સહીઓ કરી આપી હતી.

આ જમીન કૌભાંડમાં માંડવી પોલીસે ગત ૨૨મી જૂન,૨૦૦૯ના રોજ પાંચ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી અને ત્યારબાદ ચાલેલી ટ્રાયલ દરમિયાન પાંચમા આરોપી સુરુભા જાડેજાનું અવસાન થતાં તેની સામેનો કેસ પડતો મૂકી દેવામાં આવ્યો હતો. ૨૯-૦૧-૨૦૧૯ના રોજ માંડવી (મુંદરા)ના અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે ચારેય આરોપીને દોષી ઠેરવી એકથી ત્રણ વર્ષની સાદી કેદ અને કુલ છ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટના ચુકાદા સામે આરોપીઓએ ભુજની અદાલતમાં અપીલ કરી હતી. ભુજના આઠમા અધિક ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટે નીચલી અદાલતનો ચુકાદો કાયમ રાખીને આરોપીઓને સજા ભોગવવા હુકમ કર્યો હતો. આ ચુકાદા સમયે કોર્ટરૂમમાં હાજર રસિક વાઘેલા (ઉં.વ.૮૨), કિરીટ શાહ (ઉં.વ. ૫૨) અને હાસમ ઉઠાર (ઉં.વ.૬૪)ને કસ્ટડીમાં લઈ સજા ભોગવવા માટે જેલમાં મોકલી આપવા તથા ગેરહાજર પ્રતાપ શાહ (ઉં.વ.૭૯) સામે પકડ વોરન્ટ ઈસ્યૂ કરવા હુકમ કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# ગુજરાતમાં ૪૭ તાલુકામાં પાછોતરો વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં મંગળવારે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાકમાં ૪૭ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. સૌથી વધુ અમરેલી જિલ્લામાં નોંધાયો છે. બગસરા તાલુકામાં સૌથી વધુ ૩.૨૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા અને ભાણવડમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. ૪ તાલુકામાં બે ઈંચથી વધુ જ્યારે છ તાલુકામાં એક ઈંચ કરતા વધારે વરસાદ વરસ્યો હતો.

બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આ સાથે જ મધ્ય અરબી સમુદ્રમાં એક ડિપ્રેશન સર્જાયું હોવાનું પણ કેન્દ્રિય હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. ભારે પવન અને ભારે વરસાદની શક્યતાના પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં ૧૬-૧૭ ઑક્ટોબરે અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ■

# મોદીના ડ્રીમ પ્રોજેક્ટ: ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અત્યાર સુધીની ૨૩ વર્ષની સંકલ્પ સિદ્ધિને જનજનમાં ઉજાગર કરવા ગુજરાતભરમાં વિકાસ સપ્તાહની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ભારતભરમાં ગુજરાત આજે મોડેલ સ્ટેટ તરીકે ઊભરી આવ્યું છે, ત્યારે દેશના વડા પ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા ગાંધીનગર ખાતે આવેલ ગિફ્ટ સિટી, વિકસિત ભારત એટ ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યો છે.

અમદાવાદ અને ગુજરાતના પાટનગર ગાંધીનગર વચ્ચે સાબરમતી નદીના કિનારે ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક સિટી એટલે કે ગિફ્ટ સિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારની પહેલ અને ભારત સરકારના સહયોગથી ગાંધીનગર ખાતે આકાર પામેલ ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસિસ સેન્ટર તરીકે વિકાસ પામ્યું છે.

દેશના વડા પ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૦૭ માં ગિફ્ટ સિટીની સ્થાપના કરવામાં આવી હતી. વૈશ્વિક સ્તરે નાણાકીય રીતે સમૃદ્ધ એવા ન્યૂયોર્ક, લંડન, ટોક્યો, પેરિસ, સિંગાપોર અને દુબઈ જેવા દેશોની જેમ ભારતને પણ ફાઈનાન્સિયલ સેન્ટર તરીકે વિકસાવવાના હેતુસર ગિફ્ટ સિટીની રચના કરવામાં આવી છે.

ગાંધીનગર ખાતે હાલમાં ૮૮૬ એકર જમીનમાં ફેલાયેલી ગિફ્ટ સિટીને વૈશ્વિક સ્તરની વ્યાપારી, રહેણાંક અને સામાજિક સુવિધાઓ સાથે સુઆયોજિત અને ટેકનોલોજીથી સક્ષમ સ્માર્ટ સિટી તરીકે વિકસાવવામાં આવી રહી છે. ગિફ્ટ સિટી મલ્ટિ સર્વિસ સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં આવેલા ભારતની એકમાત્ર ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસિસ સેન્ટર અને ડોમેસ્ટિક ટેરિફ એરિયા ધરાવે છે. ગિફ્ટ સિટીમાં હાલમાં ૨૦ જેટલી બિલ્ડિંગ કાર્યરત છે તથા બીજા વધુ પ્રોજેક્ટ્સ પણ પ્રગતિમાં છે.

ગિફ્ટ સિટીની લોકપ્રિયતા અને ગુજરાત સરકારની પ્રોત્સાહક નીતિઓના કારણે વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ અહીંયા આવી રહી છે, જેના પરિણામસ્વરૂપ ગિફ્ટ સિટીમાં ૭૦૦ થી વધુ બિઝનેસની સ્થાપના થઇ છે. આ ઉદ્યોગોના કારણે ગિફ્ટ સિટીમાં સીધી અને પરોક્ષ રીતે અંદાજિત ૨૫૦૦૦ જેટલી રોજગારીનું સર્જન થયું છે. ■

# સૌરાષ્ટ્રનાં બે મત્સ્ય ઉતરણ કેન્દ્રોને ₹ ૫૪.૫૦ કરોડથી વધુના ખર્ચે અપગ્રેડ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદર જિલ્લાના નવીબંદર તેમ જ ગીર સોમનાથ જિલ્લાના ધામલેજ અને હિરાકોટ મત્સ્ય ઉતરણ કેન્દ્રોને કુલ મળી રૂ. ૫૪.૫૦ કરોડથી વધુના ખર્ચે અપગ્રેડ કરવામાં આવશે.

ગીર સોમનાથના ધામલેજ મત્સ્ય ઉતરણ કેન્દ્રને રૂ. ૨૬.૪૦ કરોડથી વધુ, હિરાકોટ મત્સ્ય ઉતરણ કેન્દ્રને રૂ. ૧૪.૬૦ કરોડથી વધુ તેમ જ પોરબંદરના નવીબંદર મત્સ્ય ઉતરણ કેન્દ્રને રૂ. ૧૩.૪૮ કરોડથી વધુના ખર્ચે અપગ્રેડ કરાશે.

ગુજરાતના મત્સ્યોદ્યોગ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના દરિયાકાંઠે ૧૦૭ જેટલા નાના-મોટા મત્સ્ય બંદરો અને મત્સ્ય ઉતરણ કેન્દ્રો કાર્યરત છે. સરકારનો મક્કમ નિર્ધાર છે.

રાજ્યના મત્સ્ય બંદરો અને ઉતરણ કેન્દ્રોને અદ્યતન માળખાકીય સુવિધાઓથી સુસજ્જ કરવાના નિર્ધારને પરિપૂર્ણ કરવા માટે સરકાર તૈયાર છે.

મત્સ્ય ઉતરણ કેન્દ્રોની અપગ્રેડેશન અને આધુનિકરણની કામગીરીથી પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લાના આશરે ૩૫,૦૦૦થી વધુ માછીમારોને તેમ જ ૮,૦૦૦થી વધુ નાની-મોટી બોટોને તેનો સીધો લાભ મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અપગ્રેડેશન કામગીરીમાં હાલ ૧૦૦ ટકા રાજ્ય પુરસ્કૃત મત્સ્ય કેન્દ્રો ખાતે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની યોજના હેઠળ આ ત્રણેય મત્સ્ય ઉતરણ કેન્દ્રો ખાતે પ્રોટેક્શન બંડ, સ્લોપીંગ હાર્ટ, ઇન્ટરનલ રોડ નેટવર્ક, ઓક્શન હોલ, નેટ મેન્ડિંગ શેડ, શોર પ્રોટેક્શન, બોટ રિપેરીંગ શોપ, દરિયાઈ સિક્યુરિટીને લગતી સુવિધાઓ, પાણીની સુવિધાનું નેટવર્ક, લાઈટિંગ સુવિધાઓ, ફાયર ફાઈટિંગને લગતી સુવિધાઓ, ટોઈલેટ બ્લોક અને રેસ્ટ શેડ જેવી વિવિધ માળખાકીય સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવશે. ■

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com



# રિટેલ રોકાણકારોને ફક્ત રોકડામાં રસ છે

## ફ્લિપિંગ બિહેવિયરઃ લિસ્ટિંગના ઉછાળા સાથે જ શેર વેચી મારવાનું વલણ

**શેરબજારમાં** ભલે અફડાતફડી અને ઉથલપાથલનો માહોલ હોય, પરંતુ પ્રાઇમરી માર્કેટમાં જોરદાર ધમધમાટ ચાલી રહ્યો છે અને તેનું કારણ છે નવા લિસ્ટ થનારા શેરોનું તોફાની પ્રીમિયમ! બજારમાં નરમાઇનો ટોન હોય તો પણ અનેક આઇપીઓના શેર સારા તગડાં પ્રીમિયમ સાથે લોન્ચ થયા હોવાના દાખલા છે.

તાજેતરની વાત કરીએ તો બજાજ હાઉસિંગનું લિસ્ટિંગ જોરદાર ઉછાળા સાથે થયું અને તેમાં આઇપીઓને લગતા કેટલાક વિક્રમ સ્થપાયા છે, ક્રોસ અને ટોલિન્સનું લિસ્ટિંગ પણ જોરદાર રહ્યું. શેરબજારમાં ત્રીજી ઓકટોબરે ૧૭૭૦ પોઇન્ટના જોરદાર કડાકા વચ્ચે કેઆરએન હીટ એક્સચેન્જર એન્ડ રેફ્રિજરેટરનો શેર તેના રૂ. ૨૨૦ના ઇશ્યૂ ભાવ સામે ૧૧૩.૬૩ ટકાના જોરદાર પ્રીમિયમ સાથે રૂ. ૪૭૦ના ભાવે લિસ્ટેડ થયો હતો અને ૧૨૫.૯૦ ટકા ઊછળીને રૂ. ૪૯૭ સુધી પહોંચ્યો હતો.

મંગળવારે પ્રાથમિક મૂડીબજારમાં ખાસ આતુરતા અને ઉત્સુકતાની લહેર જોવા મળી હતી, કારણ કે ઇતિહાસનો સૌથી મોટો રૂ. ૨૭,૮૦૦ કરોડનો આઇપીઓ ખૂલી રહ્યો હતો. જોકે, હ્યુન્ડાઇનું જાહેર ભરણું મંગળવારે ભરણું ખુલતા પહેલા જ તેના ગ્રે માર્કેટ પ્રીમિયમમાં ૮૯ ટકાનો જોરદાર કડાકો જોવા મળ્યો હતો અને બપોર સુધીમાં તો તેમાં બે ટકાનું ડિસ્કાઉન્ટ બોલાતું જોવાયું હતું.

આ કિસ્સામાં તેના શેર જોરદાર પ્રીમિયમ સાથે ખૂલવાને સ્થાને ડિસ્કાઉન્ટમાં ખૂલે એવી સંભાવના વધુ હોવાનું બજારમાં ચર્ચાઇ રહ્યું છે ત્યારે રોકાણકારો શું કરશે? આ સવાલ એટલા માટે કે આજના લેખનું આ મધ્યબિંદુ છે. શેરબજારમાં લાંબાગાળાનું રોકાણ હંમેશાં લાભદાયી હોવાનું સાંભળવા મળે છે, પરંતુ હાલ રોકાણકારોનું વલણ બદલાયું છે અને ફ્લિપિંગ બિહેવિયર જોવા મળે છે.

સમયના પરિવર્તન સાથે રોકાણકારોની નવી ફાલની વિચારસરણીમાં પણ ફેરફાર થયો છે. શેરબજારમાં આજે રોકાણકારો ઓછા અને સટોડિયાઓ જ વધારે છે. આ વાતને પુષ્ટિ મળે એવો નિષ્કર્ષ ખુદ શેરબજારની નિયામક ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના અભ્યાસમાં મળ્યો છે.

આ અભ્યાસ જણાવે છે કે રિટેલ ઇન્વેસ્ટર્સને ફાળવવામાં આવેલા ૫૪ ટકા આઇપીઓ શેર તેમણે એક સપ્તાહની અંદર બજારમાં ફૂંકી માર્યા હતા. સેબીએ તાજેતરમાં જ મેઇન બોર્ડ આઇપીઓમાં રોકાણકારોની વર્તણૂક પરનો અભ્યાસ બહાર પાડ્યો હતો, જેમાં ૧૪૪ જાહેર ભરણાંના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું અને જાણવા મળ્યું હતું કે વ્યક્તિગત રોકાણકારોમાં શેર લાગતાવેંત જ તરત રોકડી કરી લેવાનું વલણ જામ્યું છે.

અભ્યાસ અનુસાર એપ્રિલ ૨૦૨૧ અને ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન મૂડીબજારમાં આવેલા અને રિટેલ સેગમેન્ટમાં ફાળવાયેલા આઇપીઓમાં અડધાથી વધુના રોકાણકારોએ લિસ્ટિંગના એક સપ્તાહની અંદર જ તે શેર વેચી નાંખ્યાં હતા, કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સેબીના રિપોર્ટ અનુસાર આ સંખ્યા મૂલ્યના આધારે શેરના ૭૦ ટકા સુધી પહોંચી ગઈ છે.

મેઇન બોર્ડના કુલ ૧૪૪ જાહેર ભરણાંને આધારે હાથ ધરાયો હતો. જે શેર વધે એટલે તરત વેચી નાખવા અને ઘટે તો પકડી રાખવા એ જાણે આજકાલ રોકાણકારોનો સ્વભાવ બની ગયો છે. આ પ્રકારની વર્તણૂકને માર્કેટ જાર્ગોનમાં ‘ફ્લિપિંગ બિહેવિયર’ કહેવાય છે. રોકાણકારોની વર્તણૂક પર આજકાલ મળી રહેલા ઊંચા વળતરની ભારે અસર થઇ છે. ઉક્ત સમયગાળામાં જે શેરના ભાવ વીસ ટકા કે એથી વધુ વધ્યાં એવા ૬૭.૬ ટકા શેર રોકાણકારોએ એક સપ્તાહની અંદર વેચી નાખ્યાં, તેનાથી વિપરિત જ્યારે વળતર નકારાત્મક હતું ત્યારે મૂલ્યના ધોરણે માત્ર ૨૩.૩ ટકા શેર વેચાયા હતા.

કોરોના પછી શરૂ થયેલા ડીમેટ ખાતાના ઘોડાપૂરને કારણે આઇપીઓની પણ ભરમાર વધી છે. આઇપીઓમાં શેરો માટે બિડ કરવા માટે ઉપયોગમાં લેવાતા ડીમેટ ખાતાઓના સંદર્ભમાં, અભ્યાસમાં જાણવા મળ્યું છે કે એપ્રિલ ૨૦૨૧-ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન આઇપીઓ માટે ફાળવવામાં આવેલા કુલ ડીમેટ ખાતામાંથી લગભગ અડધા, કોવિડ પછીના સમયગાળામાં ખોલવામાં આવ્યા હતા. વધુમાં, ૨૦૧૬ અને ૨૦૨૩ની વચ્ચે છેલ્લાં આઠ વર્ષમાં કુલ ફાળવેલા ડીમેટ ખાતાઓમાંથી ૮૫ ટકા ખાતા (અધ્યયન હેઠળના આઇપીઓના સમયગાળામાં) ખોલવામાં આવ્યા હતા.

એપ્રિલ ૨૦૨૧ અને ડિસેમ્બર ૨૦૨૩ વચ્ચેના સમયગાળામાં કુલ ૧૪૪ નવી કંપનીઓએ મેઇન બોર્ડ આઇપીઓ દ્વારા શેરબજારમાં પદાર્પણ કર્યું હતું, જેમાં આવી ૨૬ જેટલી ઓફરો સાથે શેરના ભાવમાં ૫૦ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. વધુમાં ૯૨થી વધુ આઇપીઓમાં ૧૦ ગણાથી વધુ સબ્સ્ક્રિપ્શન જોવા મળ્યું હતું અને માત્ર બે આઇપીઓ અંડરસબ્સ્ક્રાઇબ થયા હતા. નોંધવું એ રહ્યું કે અમુક આઇપીઓએ લિસ્ટિંગમાં કશું ઉકાળ્યું ના હોવા છતાં આઇપીઓનો ઉત્સાહ ઓસર્યો નથી.

ભૌગોલિક ધોરણના અભ્યાસ અનુસાર લગભગ સિત્તેર ટકા આઇપીઓ રોકાણકારો ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના હતા. રસપ્રદ વાત એ છે કે, ગુજરાતે આઇપીઓમાં સૌથી વધુ ફાળવણીને કોર્નર કરી હતી. ગુજરાતના રિટેલ રોકાણકારોએ રિટેલ કેટેગરીમાં કુલ ફાળવણીના ૩૯.૩ ટકા મેળવ્યા હતા, ત્યારબાદ મહારાષ્ટ્ર (૧૩.૫ ટકા), રાજસ્થાન (૧૦.૫ ટકા)નો ક્રમ હતો.

નોન-ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર (એનઆઇઆઇ) કેટેગરીમાં પણ કુલ ફાળવણીના લગભગ ૪૨.૩ ટકા સાથે ગુજરાત ટોચનું સ્થાન ધરાવે છે, ત્યારબાદ મહારાષ્ટ્ર (૨૦.૪ ટકા) અને રાજસ્થાન (૧૫.૫ ટકા) છે. જે આઇપીઓમાં ૨૦ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો તેમાંથી એક સપ્તાહની અંદર ૭૯.૧ ટકા શેર એનઆઇઆઇ વર્ગે વેચી માર્યા, જ્યારે રિટેલ રોકાણકારોએ ૬૧.૯ ટકા શેરમાં રોકડી કરી લીધી

નોંધનીય છે કે, સેબીના અભ્યાસ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૩માં ઇક્વિટી કેશ સેગમેન્ટમાં ૭૦ ટકા વ્યક્તિગત રોકાણકારોને નુકસાન થયું હતું. બજાર નિયામકે જાહેર કર્યું હતું કે, દસમાંથી નવ ઇક્વિટી એફએન્ડઓ ટ્રેડર્સે નાણાં ગુમાવ્યા છે, જેમાંના ૮૪ ટકા પુરુષ હતા અને તેમાંના ૭૫ ટકાની ઉમર ૪૦ વર્ષથી ઓછી હતી. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ટ્રમ્પ વિરુદ્ધ હેરિસ મુકાબલો :

# અબ આ રહા હૈ મજા..!

## જોકે, અમેરિકાના પ્રેસિડન્ટની આ ચૂંટણી વિભાજનકારી ને લોહિયાળ ન બને તો સારું....

**વિશ્વના** સૌથી શક્તિશાળી દેશના પ્રમુખ કોણ બનશે એના પર બધાની મીટ મંડાઈ રહી છે. પાંચમી નવેમ્બરે અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી છે ત્યારે અમેરિકાના ઉપપ્રમુખ અને ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર ભારતીય મૂળના કમલા હેરિસ અને અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ અને રિપબ્લિક પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેનો જંગ રસપ્રદ અને રસાકસીભર્યો થતો જાય છે.

છેલ્લામાં છેલ્લા ઓપિનિયન પોલ પ્રમાણે કમલા હેરિસ એમનાં પ્રતિસ્પર્ધી ડોનાલ્ડ ટ્રમ્પ પર એકદમ પાતળી સરસાઈ ધરાવે છે. લાખો ડૉલરનો સવાલ એ છે કે શું અમેરિકાને પ્રથમ મહિલા પ્રમુખ મળશે કે ડોનાલ્ડ ટ્રમ્પ બીજી મુદત માટે પ્રમુખ બનશે?

અમેરિકાના પ્રમુખ જો બાઈડેન અને ટ્રમ્પ વચ્ચેની ડિબેટમાં બાઈડેને એટલો હતાશાજનક દેખાવ કર્યો હતો કે પક્ષ અને ફંડ આપનાર દાતાઓના પ્રેસર સામે ઝુકીને ૨૧ જુલાઈએ એમણે પીછેહઠ કરીને પોતાની ડેપ્યુટી કમલા હેરિસને નોમિનેટ કરી હતી. કમલા જુલાઈમાં રેસમાં આવી ત્યાર બાદ ડેમોક્રેટિક પક્ષનો દેખાવ સુધરતો જાય છે. કમલાએ તો ટ્રમ્પ સાથેની ડિબેટમાં કમાલ ને ધમાલ કરી દેખાડીને એણે ટ્રમ્પ પર સરસાઈ મેળવી હતી. કમલાએ તો ટ્રમ્પને બીજી ડિબેટ માટે પડકાર ફેંક્યો હતો, પરંતુ ટ્રમ્પે હજુ સુધે આ પડકાર સ્વીકાર્યો નથી.

ડિબેટ પછી કમલાએ ઓપિનિયન પોલમાં ૩.૩ પોઈન્ટની સરસાઈ મેળવી એજ રીતે, કમલાએ ફંડ ઉધારવામાં પણ ટ્રમ્પને પાછળ મૂકી દીધા છે. કમલાએ ત્રણ મહિનામાં એક અબજ ડૉલર ભેગા કર્યા છે. ટ્રમ્પને આટલી રકમ ભેગી કરવા લગભગ ૨૦૨૪નું આખું વર્ષ લાગ્યું છે. એ ફેક્ટર પણ કમલાની ફેવરમાં છે. કમલા ૫૯ વર્ષનાં છે. ટ્રમ્પ





કરતાં કમલા ૧૮ વર્ષ નાનાં છે. આથી જ કમલાએ એક નવા દાવમાં ચૂંટણીના ૨૩ દિવસ પહેલાં પોતાના ફિટનેસ અને મેડિકલ રિપોર્ટ બહાર પાડીને ટ્રમ્પને પડકાર્યા છે .

પોતાનો ફિટનેસ રેકોર્ડ જાહેર કરીને કમલાએ રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પને પણ પોતાનો હેલ્થ રેકોર્ડ જાહેર કરવાની માગ કરી છે.એ કહે છે કે ટ્રમ્પ નથી ઈચ્છતા કે અમેરિકાના લોકોને ખબર પડે કે એ રાષ્ટ્રપતિ બનવા માટે યોગ્ય છે કે નહીં....

જોકે, આ પછી ટ્રમ્પની ટીમે એમના મેડિકલ રેકોર્ડ્સ જાહેર કર્યા વિના નિવેદન જાહેર કર્યું કે ટ્રમ્પની તબિયત એકદમ ચંગી છે...ઉલ્ટાનું કમલા પાસે રાષ્ટ્રપતિ બનવાનો સ્ટેમિના નથી!

બીજી તરફ, કમલાએ એક રેલીમાં ટ્રમ્પના માનસિક સ્વાસ્થ્ય પર પણ સવાલ ઉઠાવ્યા છે. કમલા કહે છે કે ટ્રમ્પ ક્યારેક-ક્યારેક ખોવાઈ જાય છે...

હકીકતમાં જ્યારે જો બાઈડન અમેરિકાના ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટી તરફથી ઉમેદવાર હતા ત્યારે ટ્રમ્પે ઉંમર અને ફિટનેસ અંગે ટ્રમ્પ પર ઘણા સવાલો ઉઠાવ્યા હતા. ટ્રમ્પે બાઈડનને પ્રમુખપદ માટે મિસફિટ જાહેર કર્યા હતા.

હવે કમલા હેરિસ એ જ સ્ટ્રેટેજી અજમાવીને ૭૮ વર્ષી ટ્રમ્પને મિસફિટ જાહેર કરવા માગે છે.

જો ટ્રમ્પ ચૂંટણી જીતી જશે તો અમેરિકાના ઇતિહાસમાં પ્રમુખ બનનાર સૌથી વૃદ્ધ વ્યક્તિ હશે.

જોકે, ટ્રમ્પની રણનીતિ સહાનુભૂતિ મેળવવાની છે. એમની હત્યાના બે પ્રયાસને લીધે એમને માટે સહાનુભૂતિ થઈ છે. શ્વેત લોકોમાં ટ્રમ્પનો હાથ ઉપર છે. ટ્રમ્પ વસાહતીઓ પર આક્ષેપો મૂકીને અમેરિકનોને પોતાના પક્ષમાં ખેંચી લેવા કોશિશ કરી રહ્યા છે.

ટ્રમ્પ કહે છે કે ઇમિગ્રન્ટ્સ અમેરિકનો પર બળાત્કાર અને હત્યા કરી રહ્યા છે... જો હું રાષ્ટ્રપતિ બનીશ તો હું એમને મોતની સજા ફટકારીશ. ટ્રમ્પ એવો પ્રચાર પણ કરે છે કે આજે દુનિયા અમેરિકાને એક એવા દેશ તરીકે ઓળખે છે, જેના પર કબજો કરવામાં આવ્યો છે... આપણી પર ગુનાહિત તાકાતોએ કબજો જમાવ્યો છે

આવા બધા પ્રચાર યુદ્ધમાં કમલા એન્ટી ઇન્કમ્બન્સી ફેકટરથી પણ પીડાય છે. બાઈડનના શાસનમાં ઊંચો ફુગાવો, બિગ ઈન્ડસ્ટ્રિયલ બિલ તથા વિશ્વમાં અમેરિકાની શાખ ઓછી થઈ છે. બાઈડન ન તો યુક્રેન અને રશિયા વચ્ચેનું યુદ્ધ કે ઈઝરાયલ અને હમાસ વચ્ચેનું યુદ્ધ અટકાવી શક્યા છે.

કમલા હેરિસ પર પ્રહારો કરતી વખતે ઘણી વખત ટ્રમ્પ લક્ષ્મણરેખા ઓળંગી ગયા છે અને આને લીધે મહિલાઓના વોટ એ ગુમાવી રહ્યા છે. ટ્રમ્પે હાલમાં ભારત પર પણ પ્રહાર કર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ચીમકી આપતા કહ્યું છે કે પોતે ફરી સત્તામાં પાછા આવશે તો ભારત પર બે ગણો ટેક્સ નાખશે. ટ્રમ્પે કહે છે કે ચીન ૨૦૦ ટકા ટેક્સ વસૂલે છે. બ્રાઝિલ પણ જંગી ટેક્સ લે છે , પણ મધ્ય દેશોમાં ભારત સૌથી વધુ ટેક્સ વસૂલે છે. ડેટ્રોઇટમાં ચૂંટણી સભામાં આર્થિક નીતિ અંગે ટ્રમ્પે પોતાની યોજના જાહેર કરતા કહે છે કે અમેરિકન લોકોને ફરીથી સંપન્ન કરવા માટે ભારત જેવા દેશો પર વળતો ટેક્સ લાદવાનું અગત્યનું છે.

ટ્રમ્પે ડેટ્રોઇટમાં આપેલા ભાષણમાં પ્રમુખ બન્યાના એક વર્ષમાં જ વીજદર અડધા કરવાનું વચન આપ્યું હતું.દિલ્હીના પૂર્વ મુખ્ય મંત્રી અરવિંદ કેજરીવાલે ટોણો મારતાં કહે છે કે મફતની રેવડી હવે અમેરિકા પહોંચી ગઈ છે. !

ડેટ્રોઇટની સભામાં ટ્રમ્પે કહ્યું કે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી મોટા નેતા છે. નેતા તરીકે એ સારું કામ કરે છે. મોદીના પ્રયાસોને કારણે ભારત અને અમેરિકાના સંબંધ મજબૂત થયા છે. આમ છતાં મોદી અમારા પરના ટેક્સ ઘટાડતા નથી. ગઈ ચૂંટણીમાં મોદીએ ખુલ્લેઆમ ટ્રમ્પને ટેકો આપ્યો હતો, પરંતુ આ વખતે એમણે અમેરિકાના પ્રવાસ વખતે ટ્રમ્પને મળવાનું ટાળ્યું હતું.

આ ચૂંટણીમાં કોણ જીતે એ કહેવું આસાન નથી, પરંતુ અમેરિકનો એવી મનોમન પ્રાર્થના કરી રહ્યા છે કે આ ચૂંટણી શાંતિથી પતે અને અમેરિકાની એકતા - અખંડિતતા સચવાઈ રહે. આમાં ખતરો ટ્રમ્પ તરફથી છે. ગયા વખતે ૨૦૨૦માં બાઈડન સામે હારી ગયા બાદ પણ એમણે પોતનો પરાજય ખેલદિલીપૂર્વક સ્વીકાર્યો નહોતો. રમખાણો થયાં હતાં. આ વખતે પણ ચૂંટણી લોહિયાળ ન બને અને અમેરિકા ‘ડિવાઈડેડ સ્ટેટ ઓફ અમેરિકા’ ન બને એની તકેદારી અમેરિકાના રાજકારણીઓ અને લોકોએ રાખવી પડશે.. ■

### કેવી રીતે થશે અમેરિકાના નવા પ્રમુખની પસંદગી?

અમેરિકાની ચૂંટણીની સિસ્ટમ અલગ પ્રકારની છે. અમેરિકામાં ઇલેક્ટરલ કોલેજ સિસ્ટમ છે. દરેક રાજ્યને તેના વસતિ આધારે ઇલેક્ટરલ વોટ દેવામાં આવ્યા છે. કુલ ૫૩૮ ઇલેક્ટરલ કોલેજ વોટ છે. આમાંથી ૨૭૦ વોટ મેળવનાર વિજેતા બને છે. આ સિસ્ટમ એવી છે, જેમાં રાજ્યમાં જીત મેળવનારને બધા ઇલેક્ટરલ વોટ મળે છે અને હારી જનારને એકેય મળતા નથી.અમેરિકામાં ૫૦ રાજ્ય છે, પરંતુ મોટા ભાગના રાજ્યો વર્ષોથી અમુક પક્ષની જ ફેવર કરે છે. આથી પ્રમુખ કોણ બનશે એનો આખરી ફેંસલો વાડ પર બેસેલા જેને ‘સ્વિંગ સ્ટેટ’ કહે છે એના હાથમાં હોય છે. હાલમાં સાત રાજ્યમાં ચૂંટણી રસાકસીભરી છે. ત્યાં બે ઉમેદવાર વચ્ચે ફક્ત બે ટકાનો ફરક છે. આ રાજ્યો અમેરિકાના નવા પ્રમુખ નક્કી કરશે.

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ગાઠે બાંધી લો કે ડિજિટલ એરેસ્ટ જેવું કંઈ જ નથી


પહેલા તો એ સમજીએ કે ડિજિટલ એરેસ્ટ તે નવી કઈ બલા છે? એકાદ પ્રમાણમાં મોટા અને ભયંકર ગુનામાં સંડોવાયા હોવાનો ફોન, મોટે ભાગે વોટ્સએપ વીડિયો કોલ, આવે. આમ આદમી તો ન ક્યારેય મચછર મારતો હોય કે ન નયા પૈસાની કરચોરી હોય અને એના પર આતંકવાદ, ડ્રગ્સની હેરફેર અને બ્લાસ્ટસ કેસમાં સંડોવણી હોવાનો આરોપ મૂકાય. પાછો સામેથી ફોન કરનારો પોલીસ કસ્ટમ્સના ગણવેશમાં હોય, પાછળ એને અનુરૂપ બેકગ્રાઉન્ડ હોય તો કેવી ગભરામણ થાય જ ને?

ફોન રિસિવ કરનારો ભોળો જીવ પરસેવે રેબઝેબ થઈ જાય, શું કરવું અને કોને-શું-કેવી રીતે અને ક્યાં મોઢે કહેવું એવી ભયંકર મૂંઝવણમાં મૂકાઈ જાય. સામેથી ભલમનસાઈ બતાવાય કે આટલા રૂપિયાની (લાખોમાં જ હોય) વ્યવસ્થા કરો પણ ત્યા સુધી સીધી ધરપકડ કરવાને બદલે તમને ડિજિટલ એરેસ્ટમાં રાખીશું, ઓકે!

આ ડિજિટલ એરેસ્ટ એટલે તમારે સતત ફોન કે લોપટોપ પર દૃશ્યમાન રહેવાનું. ધાક એવી હોય કે ફોન-લેપટોપનું ઈન્ટરનેટ ઓફ કરીને બહુ ઓછા આઘાપાછા થાય. આવી ડિજિટલ એરેસ્ટ એટલે એક પ્રકારની નજરકેદ. ક્યારેક આ એરેસ્ટ દિવસો કે અઠવાડિયા પણ ચાલે.



વાસ્તવિક ધરપકડ અને બદનામીથી બચવા માટે ઘણાય અણછાજતી માગણી સ્વીકારીને મોટી રકમ ટ્રાન્સફર કરી દે છે. પછી ખબર પડે કે નહોતી પોતાની સંડોવણી કોઈ અપરાધમાં કે નહોતા એ સાચા સરકારી અમલદારો. સામાન્ય નાગરિકને કાનૂની પ્રક્રિયાની સાચી જાણકારી કે સમજ ન હોય એટલે સાયબર ગઠિયા ફાવી જાય છે.




ડિજિટલ એરેસ્ટના વધતા કિસ્સાને પગલે સત્તાવાર જાહેરાત કરાઈ છે કે પોલીસ, કસ્ટમ્સ, સીબીઆઈ કે -દેશની કોઈ અદાલત વીડિયો કોલ મારફત ડિજિટલ એરેસ્ટ કરતી નથી. આ ડિજિટલ એરેસ્ટ નકરી અને નક્કર છેતરપિંડી માત્ર છે. સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન દ્વારા આ એડવાઈઝરી બહાર પાડીને જનતાને સાવધાન કરાઈ છે.

બરાબર વાંચી લો, સમજી લો, યાદ રાખી લો અને આસપાસના સૌને માહિતી આપો કે પોલીસ, સીબીઆઈ, કસ્ટમસ, ઈડી, નાર્કોટીક્સ કન્ટ્રોલ બ્યૂરો કે સાયબર પોલીસ કોર્ટના જજ તરફથી કોઈ વીડિયો કોલ આવે તો આંખ આડા કાન કરવાના. વોરંટ બહાર પડાયાની ધમકીને ઘોળીને પી જવાની.

આ નિર્દોષોને ફસાવવાનું, લૂંટવાનું ગુનાહિત નાટક માત્ર છે. આવું કંઈ થાય તો ચૂપ કે નિષ્ક્રિય ન બેસવું. ‘શોલે’ના ગબ્બરસિંહની શીખ ગાંઠે બાંધી લીવીઃ જો ડર ગયા વો સમજો મર ગયા. તમારા ઓળખીતા વકીલ, પોલીસ અધિકારી, ઉચ્ચ સરકારી અમલદાર કે પત્રકારનો સંપર્ક કરો. સામેવાળા કંઈ જ કરી શકવાના નથી, જો તમે હિમ્મત બતાવો તો કોઈ ગુનો તો ઠીક, એ કરવાનો ક્યારેય વિચાર સુધ્ધાં ન કર્યો હોય તો કોઈથી ડરવું જ શા માટે? હિમ્મતે મર્દા તો મદદે શ્રીરામ. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## બૉમ્બવર્ષા વચ્ચે પ્રેમવર્ષા...



દુશ્મન સામેના યુદ્ધમાં જાનમાલની ખુવારી થાય છે, જ્યારે લગ્ન જીવનમાં જાતે ‘ખુવાર’ થવું પડે છે. ફરક એટલો છે કે દુશ્મન સામેની લડાઈમાં ક્યારેક અનિચ્છાએ જોડાવું પડે છે અને લગ્ન તો માણસ હોંશે હોંશે કરતો હોય છે. રશિયા - યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ યુક્રેનમાં તો રીતસરની લગ્નસરા નીકળી હતી. હાલ ઈઝરાયલ પર ઈરાને હુમલો કર્યો છે ત્યારે મોતને વહાલું કરવાની ફિકર છોડી બે યુગલના બૉમ્બવર્ષા વચ્ચે પ્રેમવર્ષાનો વાયરલ થયેલા વીડિયો પર અનેક લોકો વહાલ વરસાવી રહ્યા છે.

બે નવપરિણીત યુગલ યુદ્ધ સમયે રક્ષણ માટે વપરાતા અંડરગ્રાઉન્ડ બંકરમાં લગ્નના પહેરવેશમાં સજ્જ થઈ પ્રભુતામાં પગલાં માંડવાનો આનંદ લઈ રહ્યાં છે. ઝાકઝમાળ વિનાના આ મેરેજમાં મોબાઈલ ફોનમાં મ્યુઝિક વગાડી યુગલના નવજીવનની મધુર ક્ષણો ફોનના કેમેરામાં કેદ કરવામાં આવી છે. વીડિયો સાથે લખવામાં આવ્યું છે કે ‘ઈરાની આક્રમણ શરીરને છિન્નભિન્ન કરી શકશે, પણ દિલથી દિલના મેળાપ પર કાબૂ નહીં મેળવી શકે.’ પ્રેમની તાકાત જોઈ ઈઝરાયલવાસીઓનું મનોબળ વધુ મજબૂત બન્યું છે.

## મારે તે ગામડે એકવાર આવજો



સાક્ષરતા, સ્વચ્છતા અને સૌંદર્ય કોઈનો ઈજારો નથી. પ્રબળ ઈચ્છાશક્તિ જોઈએ. ઈશાન ભારતનો વિસ્તાર પ્રાકૃતિક સૌંદર્ય માટે વિખ્યાત છે. મેઘાલયનું માવલ્યાન્નોંગ ગામ એની એક અનોખી મિસાલ છે. ૨૦૦૩માં એશિયાના ‘સૌથી સ્વચ્છ ગામ’નો ખિતાબ મેળવનાર આ ગામમાં મહિલા રાજ છે. મતલબ કે અહીં માતૃવંશી સમાજ છે. પરંપરા અનુસાર આ ગામમાં સંપત્તિ અને ધન દોલતનો વારસો મા પોતાની સૌથી મોટી દીકરીને હવાલે કરે છે. ત્યાર બાદ દીકરી માનો વંશવેલો આગળ વધારે છે. ‘બેટી પઢાઓ, બેટી બચાઓ’ના નારા તો આપણે ઘણા સાંભળ્યા, પણ આ ગામે એ નારાને આત્મસાત કર્યો છે. ગામની ઊડીને આંખે વળગે એવી અન્ય વિશેષતા છે અહીંની સ્વચ્છતા. અહીં કચરો કે નકામી ચીજવસ્તુઓ વાંસમાંથી તૈયાર કરવામાં આવેલી કચરાપેટીમાં પધરાવી એમાંથી ખાતર તૈયાર કરાય છે. ઝાડ પરથી પડેલાં પાન સુધ્ધાં આવતા જતા લોકો ઉપાડી કચરા ટોપલીમાં પધરાવી દે છે. પ્લાસ્ટિકના વપરાશ અને ધૂમ્રપાન પર આ ગામમાં પ્રતિબંધ છે. ૨૦૨૪માં પણ એનું નખશિખ સૌંદર્ય જળવાઈ રહ્યું છે.

## કેશની સમસ્યા માટે કેશની વ્યવસ્થા



બહુ જલદી બહુ બધા પૈસા કમાઈ લેવા માટે હાયવોયની લાઈફ જીવતો આજનો યંગસ્ટર કેટલીક બીમારી (ડિપ્રેશન, સ્ટ્રેસ વગેરે)ને આમંત્રણ આપી રહ્યો છે. કેશરીચ (તગડું બેન્ક બેલેન્સ) થઈ રહ્યો છે પણ સાથે કેશલેસ (માથે વાળ વગરનો - ટકલો) સુધ્ધાં થઈ રહ્યો છે. જોકે, કેશની (વાળની) સમસ્યા કેશ (પૈસા)થી દૂર કરી આપતી હેર ટ્રાન્સપ્લાન્ટની સુવિધા વધી રહી છે. જોકે, આ ખૂબ ખર્ચાળ ઉપાય છે, પણ ટાલિયા દેખાવું પસંદ નહીં કરતા લોકો માટે હવે જયપુર જેવા શહેરમાં તો વાળ ઉગાડવા લોન આપવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. ઇએમઆઇ (ખરીદેલી મોંઘી વસ્તુ માટે દર મહિને ચૂકવવો પડતો હપ્તો) પર અવલંબન રાખી જીવતા યુવાનોને આ વ્યવસ્થા અત્યંત માફક આવી ગઈ હોય એમ કેશ ઉગાડવા કેશની લોન લેવા લાંબી લાંબી લાઈન જોવા મળી રહી છે, પરત ચુકવણીની હેસિયત અનુસાર છ કે બાર મહિનાના સરળ હપ્તાની સગવડ આપવામાં આવી રહી છે. માથે ટકો હોય એવા લોકોને દાંતિયો વેચવો હોય તો કેવા કરતબ કરવા પડે એનું વિસ્મય થાય એટલું ઓછું.

## બડી દેર કર દી મેહરબાં આતે આતે

‘સમય કરતાં વહેલું અને નસીબ કરતાં વધારે નથી મળતું’ એ મનુષ્ય જીવનની વાસ્તવિકતાનો પરચો અનેક લોકોને થતો હોય છે. જોકે, ટ્રેન ઉપડી ગયા પછી સ્ટેશને પહોંચાય કે પ્રાણ નીકળી જાય પછી ઈલાજ શોધાય એ લગ્ન થયાં પછી માગું આવવા જેવી વાત છે. યુકેના લિંકનશાયરમાં રહેતાં ટિઝી હોડસન નામનાં સન્નારીને એનો સાક્ષાત્કાર થયો છે. ઘટના એવી છે કે ભરયુવાનીમાં ટિઝી સ્ટન્ટ કરવાની શોખીન હતી અને બાવીસ વર્ષની ઉંમરે ૧૯૭૬માં તેણે સ્ટંટ રાઈડરની નોકરી માટે અરજી કરી હતી. જોકે, ખાસ્સી પ્રતીક્ષા પછી પણ અરજીનો જવાબ નહીં આવતા નિરાશ થયા વિના ટિઝીએ મોટરબાઈક પર કરતબ દેખાડી કામ-નામ-દામ મેળવ્યાં. આજે ૭૦ વર્ષની ઉંમરે નિવૃત્તિનો આનંદ માણી રહેલાં ટિઝી દાદીને થોડા દિવસ પહેલા એક એન્વલપ મળ્યું અને એની અંદર ૧૯૭૬માં જોબ માટે કરેલી અરજી હતી. અરજી પર નોંધ હતી કે ‘આ લેટર ૫૦ વર્ષ ગંતવ્ય સ્થાન પર પહોંચાડી નહોતો શકાયો.’




આમ ૪૮ વર્ષે અરજી સ્વગૃહે પાછી ફરી. એ જોઈ ટિઝી દાદી હસી પડ્યાં, પણ એમને એ વાતનું અચરજ થયું કે આટલાં વર્ષોમાં ૪ - ૫ દેશ બદલ્યા, ૫૦થી વધુ ઘર બદલ્યાં તોય પોસ્ટ ઓફિસે એમનું વર્તમાન એડ્રેસ મેળવ્યું કેવી રીતે?

## લ્યો કરો વાત!

*માણસને બ્રહ્માંડમાં અહીંતહીં ઉડતા રહેવાની ઈચ્છા થયા કરતી હોય છે. ધરતી પર ચારધામ યાત્રાને પાંચ ખંડની પ્રદક્ષિણા કરી માનવીને ધરાવો ન થયો હોવાથી અવકાશ ભણી નજર દોડાવી છે. અમેરિકન સ્પેસ એજન્સી ‘નાસા’ના કેપલર ટેલિસ્કોપની મદદથી અંતરિક્ષમાં અલગ અલગ ૨૦ ગ્રહ શોધી કાઢ્યા છે, જ્યાં પરગ્રહવાસીના અસ્તિત્વની સંભાવના છે. આ બધામાં સૌથી વધુ આશા ૩૯૫ દિવસનું વર્ષ ધરાવતા એક ગ્રહ પર બંધાઈ છે. આ ગ્રહનું વાતાવરણ પૃથ્વી કરતાં એકંદરે થોડું ઠંડકવાળું છે, પણ અહીં પાણી હોવાની સંભાવના હોવાથી જીવનની શક્યતા છે. અન્ય ગ્રહોનું વર્ષ પૃથ્વી કરતાં નાનું છે અને એક ગ્રહ તો સૂર્યની ફરતે એટલો ઝડપથી ફરે છે કે એનું એક વર્ષ આપણા ૧૮ દિવસ જેટલું માંડ થાય છે...!*

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમુજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**સંસારમાં પુરુષ સ્વામી (પતિ) ગણાય અને સાધુ જીવનમાં પણ સ્વામી (સંત) કહેવાય. આવું કેમ?**

* સંસારમાં લગ્નની વાત છે ને સંયમ જીવનમાં લગનીની વાત...

**કચરો કેટલાં પ્રકારનો હોય?**

* ચાર પ્રકારનો. લીલો કચરો, સૂકો કચરો, ઈ કચરો (ઈ વેસ્ટ) અને લાઈવ કચરો -જાહેરમાં અપમાન..

**લગ્નમાં લગ્ન વિધિ જોવાના બદલે મહેમાનો લાઈવ ચાટ અને લાઈવ ઢોકળાંના કાઉન્ટર પર કેમ વધુ જોવા મળે છે?**

* ચાંલ્લા કે ગીફ્ટની વસૂલાત માટે...

**તમે ભગવાન પાસે શું માગવાનું પસંદ કરો?**

* મારા આગળવાળાને આપ્યું એનાથી બમણું મને આપી દે..

**મોટી સ્કૂલવાળા અભ્યાસ ઉપરાંત જુદીજુદી પ્રવૃત્તિની એક્સ્ટ્રા રકમ કેમ વસૂલે છે?**

* સ્કૂલવાળા બાળકોને સીધા અને વાલીઓને ઉંઠા ભણાવે છે...

**પરીક્ષાની તૈયારી વખતે બહુ ઉંઘ આવે છે. શું કરું?**

* રિઝલ્ટ આવવા દો. તમારી અને પરિવારની ઉંઘ ઉડી જશે...

**વાદીને, ફરિયાદી, નારીવાદી, સામ્યવાદી સાથે કોઈ સંબંધ ખરો?**

* ના, એ બધા જુદા સંવાદી છે...

**ડુંગરા દૂરથી રળિયામણા લાગે તો નજીકથી કેવા લાગે?**

* એક્સ્ટ્રા રળિયામણાં...

**મને રૂપિયામાં પ્રિયા કેમ દેખાય છે ?**

* તમારામાં કવિનાં લક્ષણો ઉગ્યા છે. એને ઉગતાં જ ડામી દો, નહીંતર ‘ધંધે’ લાગી જશો..

**સ્વપ્ન સાચા પડે ખરાં?**

* સ્વપ્નમાંથી જાગુ પછી જણાવું...

**હવામાન વિભાગની આગાહી કેમ ખોટી પડતી હશે?**

* સાચી નથી પડતી એટલે...

**મને બિલાડીની બહુ બીક લાગે છે. શું કરું?**

* તમે બિલાડીને ડાઘિયા કૂતરાનો ડર દેખાડવાનું શરૂ કરો...

**વ્યક્તિએ કેવા રહેવું જોઈએ પારદર્શક કે માર્ગદર્શક?**

* વાણી - વેપારમાં પારદર્શક અને વ્યવહારમાં માર્ગદર્શક...

**કાગળમાં લખેલો પ્રેમ પત્ર લવ લેટર કહેવાતો. હવે મોબાઈલ પર લવ મેસેજ લખાય છે તો એને શું કહેવાય ?**

* તમારે વ્હાલ વ્યક્ત કરવું છે કે વ્યાખ્યામાં બંધાવું છે?!

**દિલ, ફિલ, બિલ, કિલ, વીલ...આવું બધું પ્રેમમાં જ થાય?**

* એકબાર આકે મુઝે મિલ...

**રેકૉર્ડ અને રેકોર્ડ બ્રેક વચ્ચે શું ફરક?**

* બ્રેક જેટલું...

**રમત રમાડે રામ, રમત રમાડે ઘરવાળી. માત્ર અમારી સાથે જ કેમ રમત રમાય છે ?.**

* કારણ કે તમે રમતવીર છો.. હવે રાજી ને?!

---

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com



# અહોભાવ એટલે અન્ય પ્રત્યે કરુણા-સહાનુભૂતિ ને સમર્પણભાવ

**અહોભાવ** એ માનવ સ્વભાવનો સૌથી શુદ્ધ અને ઉત્તમ ભાવ છે, જેનો અર્થ છે બીજા પ્રત્યે કરુણા,સહાનુભૂતિ અને સમર્પણ.આ ભાવમાં સ્વાર્થનો અભાવ હોય છે અને દરેક પ્રાણી માટે ત્યાગ અને સહાનુભૂતિની ભાવના રહેલી હોય છે. અહોભાવનો અર્થ માત્ર દયાળુ હોવું નથી,પરંતુ એક એવી ભાવના વિકસાવવી,જે દ્વારા વ્યક્તિનો ઊંડો માનવતાવાદ અને બીજા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થાય. અહીં આપણે ઈશુ ખ્રિસ્તનો એક બહુ જાણીતો ઉપદેશ યાદ કરવા જેવો છે: Love your neighbour as yourself અર્થાત્ ‘તમારા પડોશીને તમારા જેવો જ પ્રેમ કરો...’

**અહોભાવનું માનસશાસ્ત્ર ને તેનું સમજમાં મહત્ત્વઃ**

અહોભાવના મૂળમાં માનવતાનો ઊંડો અભ્યાસ છે.અહોભાવમાં અન્ય પ્રત્યેની સહાનુભૂતિ મુખ્ય તત્ત્વ છે.તે વ્યક્તિને પોતાના જ નિવૃત્ત સ્વાર્થમય જીવનમાંથી બહાર લઈ જવામાં સહાય કરે છે - એને સમૂહ માટે ઉપયોગી બનાવે છે.સમાજમાં અહોભાવનો પ્રભાવ ખૂબ જ ઊંડો છે. આ ભાવના વ્યક્તિને માત્ર પોતાના હિત માટે જ નહીં,પરંતુ સમગ્ર સમાજ માટે કલ્યાણકારી કાર્ય કરવામાં પ્રેરિત કરે છે. જ્યારે લોકો અહોભાવથી પ્રવૃત્ત થાય છે ત્યારે એ સંવેદનશીલ બને છે, અન્યની સમસ્યાઓને સમજવા અને હલ કરવા માટે પ્રયત્ન કરે છે.આ રીતે અહોભાવ દ્વારા સમાજમાં સુખ અને શાંતિનો માહોલ સર્જાય છે.

**ધર્મ ને અહોભાવઃ**

વિશ્વના મોટાભાગના ધર્મ અહોભાવને જીવનનો એક અભિન્ન ભાગ ગણાવે છે.હિન્દુ ધર્મમાં ‘અહિંસા પરમો ધર્મ’ આ વિચારધારા છે.અહિંસા અને અહોભાવ વ્યક્તિને પરમ ધર્મ તરફ લઈ જાય છે. બૌદ્ધ ધર્મમાં અહોભાવનો ‘કરુણા’ તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે. બૌદ્ધ વિચારકો દ્વારા તેને જીવનનો મુખ્ય માર્ગ ગણવામાં આવે છે. ખ્રિસ્તી ધર્મમાં ઈસુ ખ્રિસ્તના જીવન અને ઉપદેશોમાં આવા અહોભાવનું મહત્ત્વ દર્શાવાયું છે. તમારા પડોશી સાથે તમારા જેવો જ પ્રેમ કરો. (Love your neighbour as yourself.) આ સૂત્ર દ્વારા ખ્રિસ્તીઓએ અહોભાવને જીવનનું કેન્દ્ર બનાવ્યું છે.

**વ્યક્તિગત જીવનમાં અહોભાવઃ**

અહોભાવ માત્ર સામાજિક જીવનમાં જ નહીં,પરંતુ વ્યક્તિગત જીવનમાં પણ મહત્ત્વપૂર્ણ છે. એક વ્યક્તિ જે અહોભાવ સાથે જીવન જીવવાની કોશિશ કરે છે એ પોતાના જીવનમાં શાંતિ અને સંતોષનો અનુભવ કરી શકે છે. એ પોતાની માનસિક શાંતિ માટે પરોપકાર અને સામાજિક સેવા પર આધારિત જીવન શૈલી અપનાવે છે.

અહોભાવ એ માનવ જાતનો મૂળભૂત ગુણ છે, જે કોઈપણ સમાજને સુખી અને શાંતિમય બનાવી શકે છે.આ ભાવના દ્વારા જ વિશ્વના લોકોને એકબીજાની સમસ્યાઓ અને પીડાઓને સમજવામાં અને એકબીજા પ્રત્યે દયાળુ બનીને માનવતાના સિદ્ધાંતો પર જીવન જીવવામાં મદદ મળે છે.જો દરેક વ્યક્તિ પોતાના જીવનમાં અહોભાવને પ્રવર્તિત કરે તો આ દુનિયા ખરેખર એક સદ્ભાવના ઉદાહરણ બની શકે.

જો આપણે આસપાસ નજર દોડાવશું તો જોવા મળશે કે આપણી જિંદગીમાં આપણને જે કાંઈ મળ્યું છે, તેમાં કઈ કઈ વસ્તુઓ અને લોકોનું યોગદાન રહેવા પામ્યું છે,તો આપણને એમના પ્રત્યે અહોભાવની લાગણી પ્રગટ થશે. એમના પ્રતિ કૃતજ્ઞતા પ્રગટ કર્યા વગર આપણે રહી શકશું નહીં, જેમ કે આપણી સામે ખાવાની થાળી આવી જાય છે. શું આપણને ખબર છે કે રોટીને તૈયાર કરવામાં કેટલા લોકોનું યોગદાન છે ? બીજ વાવવાથી લઈને ફસલ તૈયાર કરવાવાળા ખેડૂતથી લઈને, અનાજ વેચવાવાળા અને પછી એને ખરીદવાવાળા દુકાનદાર સુધી અને દુકાનદાર પાસેથી ખરીદીને રોટી બનાવવાવાળા સુધી તો આપણે વિચારીએ કે એક તૈયાર રોટી પાછળ કેટલા લોકોની મહેનત અને યોગદાન છુપાયેલું છે.

આજ રીતે આપણી જિંદગીના દરેક મુકામ પર નજર દોડાવીએ તો આપણા દરેક શ્વાસથી લઈને ભોજન સુધી આપણે જે મેળવીએ છીએ,જેનો આનંદ લઈ રહ્યા છીએ અથવા અનુભવ કરી રહ્યા છીએ તેના પર નજર નાખીએ તો, આપણને ખ્યાલ આવશે કે આ તમામ વસ્તુ મેળવવા માટે કેટકેટલા લોકોનો એમાં સહયોગ પ્રાપ્ત થયો છે. માની લઈએ કે આપણે મેળવેલી કોઈપણ ચીજ વસ્તુ પૈસાથી ખરીદીને લીધેલી છે, તેમ છતાં એ વસ્તુ આપણા સુધી પહોંચતા સુધીમાં જે જે કડી મદદરૂપ થઈ છે, એ જગ્યાએ જો એનો સહયોગ ન મળ્યો હોત તો જે તે વસ્તુ આપણા સુધી પહોંચી શકી ન હોત.

અહોભાવ કોઈ વિચાર નથી. અહોભાવ એક ઝરણું છે. જે આપોઆપ ફૂટી નીકળે છે.જ્યારે કંઈ પણ પ્રાપ્ત થાય અથવા આપણને મળે ત્યારે આપણે કેવા આભારવશ થઈ જઈએ છીએ....આપણા અસ્તિત્વમાં જેટલી પણ ચીજો વાસ્તવમાં મોજૂદ છે, તે તમામ આપણને જીવિત અને સુરક્ષિત રાખવા માટે આપસમાં મળીને કામ કરી રહી છે.. જો આપણે એવું સમજીશું કે આપણે જિંદગી બિન્દાસ રીતે જીવી રહ્યા છીએ અથવા તો આપણે દુનિયાના રાજા છીએ તો આપણે ઘણી બધી વસ્તુઓ ગુમાવી રહ્યા છીએ.જો આપણે

અહમ્‌થી જીવન જીવીશું તો આપણે આ સંપૂર્ણ પ્રક્રિયાને ચૂકી જઈશું. જો આપણે અહોભાવપૂર્વક જીવતા હોઈશું તો આપણે ગ્રહણશીલ પણ થશું.. જો આપણે કોઈના પ્રત્યે આભારી બનીશું તો આપણે એમનો આદરભાવ મેળવીશું.જ્યારે આપણે કોઈ ચીજને આદરભાવથી જોઈશું તો આપણે વધુ ને વધુ ગ્રહણશીલ બની શકીશું.આખરે તો આપણે ખૂબ જ ઊંડાણથી ગ્રહણશીલ બનવાનું છે. ■

---

## તસવીરની આરપાર

ભાટી એન.
feedback@bombaysamachar.com

# ગુજરાતનું અણમોલ રત્ન ઘુડખરની વસતિ ૨૦૨૪માં ૭૬૭૨ થઈ



ગુર્જર વસુંધર વન્ય સૃષ્ટિથી ભર્યું-ભાદર્યું ‘‘ગુજરાત’’માં આ રાજ્યનો વન વિસ્તાર ઓછો હોવા છતાં વન્ય પ્રાણી સૃષ્ટિની બાબતમાં આ રાજ્ય ઘણું જ સમૃદ્ધ છે...! દેશ, ખંડ કે વિશ્વકક્ષાએ દુર્લભ અને નાશ પ્રાયઃ ગણાતા ઘણાં વન્ય પ્રાણીઓ ગુજરાત રાજ્યમાં અસ્તિત્વ અને સંરક્ષણ ધરાવે છે. એશિયાટિક સિંહો, કેટલાય દરિયાઈ જીવો, સુરખાબ (ફ્લેમિંગો) અને ઘોરાડ જેવાં પક્ષીઓની સાથે જેને ગુજરાતમાં જેને જંગલી અથવા રાની ગધેડા (ખર) અને ‘ઘુડખર’ કહેવામાં આવે છે. જ્યારે હિન્દીમાં તેને ‘ગોરખર’અને અંગ્રેજીમાં ‘એશિયાટિક વાઈલ્ડ એસ’ કહે છે.

ગુજરાત સરકારના વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ ભારતભરમાં દર વર્ષે તા. ૨ થી ૮ ઑક્ટોબર દરમિયાન ‘વન્ય જીવ સંરક્ષણ સપ્તાહ’ ઉજવવામાં આવે છે ત્યારે આ સમગ્ર રાજ્ય માટે પ્રાણી સંરક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ છે.

ભારતમાં માત્ર ગુજરાતમાં જોવા મળતા ‘ઘુડખર’ રાજ્યનું ગૌરવ છે. ઘુડખર અગાઉ ભૂતકાળમાં ઉત્તર-પશ્ચિમ ભારત પાકિસ્તાનથી માંડીને મધ્ય એશિયાના સુકા વિસ્તાર સુધી વિહરતા હતા, જોવા મળતા હતા, જો કે આ ‘ઘુડખર’ હાલમાં ભારતમાં એક માત્ર ગુજરાતના કચ્છના નાના-મોટા રણના વિસ્તારોમાં સુરેન્દ્રનગર, કચ્છ, મોરબી, બનાસકાંઠા અને પાટણ એમ પાંચ જિલ્લા સહિત નળકાંઠા વિસ્તારને પણ આવરી લઈ કુલ ૧૫૦૦૦ વર્ગ કિ.મી.માં ૨૦૨૪ની ગણતરી યોજાઈ હતી. જેમાં કચ્છના નાના રણમાં દુર્લભ ઘુડખરની વસતી ૨૬ ટકા વધીને ૭૬૭૨ સંખ્યા નોંધાઈ છે જે બતાવે છે કે ઘુડખરની હાઈએસ્ટ સંખ્યા ૨૦૨૪માં થઈ છે. આજ ઘુડખરમાં રોગચાળો આવતા ૧૯૬૩માં ૩૬૨ ઘુડખર બચ્યા હતા...! આજે ઘુડખર ખૂબ જ સુરક્ષિત ફિલ કરે છે અને આ રણને સુરક્ષિત કરાતા વન ખાતું સતત નિગરાની રાખે છે.

ભારતીય ઘુડખરની ખાસ વિશેષતા એ છે કે ગુજરાતના ઘુડખર રણમાં ૪૫-૫૦ ડિગ્રી જેટલા આકરા તાપમાન વચ્ચે પણ જીવી શકે છે! તે રણમાં ૫૦ થી ૭૦ કિ.મી.ની પૂરપાટ વેગે દોડી શકે છે...! તેમનો ખોરાક રણમાં ઉગતું ઘાસ તેમનો મુખ્ય ખોરાક છે. તેનો રંગ બદામી ઘુડખર ભરાવદાર હોય છે. તે શરમાળ હોવાથી માણસને જોતાવેત ભાગવા લાગે છે. ઘોડથી નાનું ને ગધેડાથી મોટું ઘુડખર ખડતલ હોય છે અને ગ્રૂપમાં જ રહેવાનું પસંદ કરે છે...! ૧૦મી ઘુડખર વસ્તી ગણતરીનાં આંકડા હાઈએસ્ટ છે. ૭૬૭૨ તેમ જ હું આપને વર્ષ ૧૯૪૬-૩૫૦૦. ૧૯૬૦-૨૦૦૦, ૧૯૬૩-૩૬૨, ૧૯૭૬-૭૨૦, ૧૯૮૩-૧૯૮૯, ૧૯૯૦-૨૦૭૫, ૧૯૯૮-૨૮૩૯, ૨૦૦૪-૩૮૬૩, ૨૦૦૯-૪૦૩૮, ૨૦૧૪-૪૪૫૧, ૨૦૨૦-૬૦૮૨, ૨૦૨૪-૭૬૭૨. વાંચક મિત્રો ઘુડખર પ્રાણી જોવામાં સુંદરતમ છે અને સરકાર દ્વારા પૂરી સુરક્ષા પ્રદાન કરવામાં આવી છે. તો એક વાર કચ્છના નાના-મોટા રણમાં ઘુડખર નિહાળવા જરૂર પધારો. ■




# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'એક તો રૂપિયા આપવા નહીં, અને વળી આપણને અહીં નજરકેદ રાખ્યાં છે. અરે બપોરે કોઈ ખૂની નવરો છે કે તમારી હત્યા કરવા દોડી આવે... અમારા સમયની કોઈ કિંમત ખરી કે નહીં?' જતીનકુમારે ફરી એક વાર બળાપો કાઢ્યો.

રેવતીને એક વાર સંભળાવી દેવાની ઈચ્છા થઈ આવી કે તમારો સમય કેટલો કીંમતી છે એ મને ખબર છે. પણ પછી પોતાના અણસમજુ અને નાદાન પતિને છંછેડવાથી કોઈ અર્થ નહીં સરે એવું વિચારીને એ ચૂપ રહી.

'તને શું લાગે છે રેવતી, કોણ તારા બાપનું ખૂન કરવા માગે છે?' જતીનકુમારે વાત ચાલુ રાખી.

'મને શું ખબર? શ્રીમંત માણસના સગાંવહાલાં ઓછાં અને દુશ્મન વધુ હોય. હશે કોઈ જૂનો દુશ્મન...'રેવતીએ ઉડાઉ જવાબ આપ્યો.

'આપણને કેવું સારું, નહીં? પૈસા જ ન હોય તો દુશ્મનો ક્યાંથી પેદા થાય...! કેટલી શાંતિ, નહીં? આટલો પૈસો હોવા છતાંય આ તારા બાપની જેમ રઘવાયા અને અશાંત થઈને તો નહીં જીવવાનું...!'

રેવતી જતીનકુમાર સામે જોઈ રહી.

આ માણસને સમજવો મુશ્કેલ છે. રેવતી વિચારતી હતી.

અચાનક એને લાગ્યું કે એના પતિનો ચહેરો બદલવા માંડ્યો હતો. આંખો ઊંડી ઊતરી ગઈ હતી. ચહેરો ભાવવિહીન અને સપાટ થઈ ગય હતો. જાણે કોઈ ઊંડા વિચારતાં ખોવાઈ ગયા હોય.

રેવતીને લાગ્યું કે ઘણા દિવસો બાદ એના પતિ પર ફરી હુમલો આવી રહ્યો હતો.

એ ચિંતિત થઈ ઊઠી. એણે ઘડિયાળમાં જોયું. પોણા પાંચ થયા હતા. એકાદ કલાક પછી એ મમ્મીને જઈને વાત કરશે અને જરૂર પડ્યે ડોક્ટર પટેલને બોલાવશે.

મમ્મી પણ કેટલી ચિંતા કરે છે. આખી બપોર મારી પાસે બેઠી રહી. હજી થોડી વાર પહેલાં જ કરણને મળી આવું કહીને ગઈ હતી.

એ જ ક્ષણે રેવતીને બહાર કશોક ખખડાટ સંભળાયો. કોઈ ચાલતું હોય એવો અવાજ આવતો હતો. બપોરના કોણ હશે? કદાચ મમ્મી કરણના રૂમમાંથી નીકળી પોતાના બેડરૂમ તરફ જતી હશે.

જતીનકુમાર અચાનક ઊભા થયા.

રેવતીએ જોયું કે પતિ હજી હુમલાની અસર હેઠળ જ હતા. આ સ્થિતિમાં એમને બહાર કેવી રીતે જવા દેવાય!

'તમે ક્યાં ચાલ્યા? ચૂપચાપ બેસી જાઓ તો!' રેવતીએ ઊભા થઈને પતિનો હાથ પકડી લીધો.

જતીનકુમારે એક ઝાટકા સાથે હાથ છોડાવી દીધો.

પતિના શરીરમાં આવી તાકાત ક્યાંથી આવી એ બાબત રેવતી વિચારે એ પહેલાં જ જતીનકુમારે બહાર જવા બારણાં તરફ ચાલવાની શરૂઆત કરી.

'પ્લીઝ, તમે મારી વાત સાંભળો. આવી હાલતમાં બહાર ન જાઓ, પ્લીઝ, મારી વાત માનો, તમે પડી જશો.' રેવતી પોતાનું વાક્ય પૂરું કરે એ પહેલાં જ જતીનકુમાર રૂમની બહાર નીકળી ચૂક્યા હતા.

ત્યારે પાંચ વાગવામાં થોડી ક્ષણો બાકી હતી.

હવે શું કરવું? રેવતીના પગ જાણે જમીન સાથે ખોડાઈ ગયા. એનું શરીર શિથિલ પડી ગયું હતું. ધીમા પગલે એ પલંગ પાસે આવી અને ફસડાઈ પડી.

થોડી પળો બાદ એને બે ચીસ સંભળાઈ.

પહેલા એના પપ્પાની હતી.

બીજી ચીસ કોઈ સ્ત્રીની હતી, કદાચ ગાયત્રીની.

રેવતીએ બારણા તરફ દોટ મૂકી.

*********

પચ્ચીસ લાખ માટે રૂપાને ગુમાવવી પડશે એવા વિચાર કરતાં કરણને ક્યારે ઊંઘ આવી ગઈ એ ખબર ન પડી. આંખ ખૂલી ત્યારે એને લાગ્યું કે બહારથી કોઈ અવાજ આવી રહ્યો હતો. એણે ધ્યાનથી સાંભળવાની કોશિશ કરી પણ કોઈ અવાજ સંભળાયો નહીં. એનો વહેમ હશે એવું માનીને એણે ફરી આંખ બંધ કરી દીધી ત્યારે બારણે ટકોરા પડ્યા.

કરણે ઊભા થઈને બારણું ખોલ્યું. બહાર મમ્મી ઊભી હતી.

'આવ મમ્મી, અંદર આવ.' મમ્મીને જોઈને કરણના ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ.

મન જ્યારે ઉદાસ હોય કે પછી કોઈ સમસ્યાનો ઉકેલ ન જડો હોય ત્યારે સામે માને જોઈને કેવી હળવાશ અને શાતાનો અનુભવ થાય! હવે કોઈ પણ સમસ્યાનો હલ મળી જશે એવો વિશ્વાસ પ્રગટે.

'શું કરતો હતો બેટા?' પ્રભાએ સ્નેહથી પૂછ્યું.

'કંઈ નહીં, પપ્પાનું ફરમાન છે કે બહાર નહીં નીકળવાનું એટલે એમ જ આડો પડ્યો હતો.'

'હા, બેટા, આજનો દિવસ ચલાવી લેજે. આજે સાંજના તો કબીર અંકલ આવી જશે પછી તમે બધા છૂટા...' પ્રભાએ નના દીકરાને શાંત પાડતાં કહ્યું.

'હા મમ્મી, એક વાર કબીર અંકલ આવી જાયને તો સારું. આ વખતે તો હું કબીર અંકલને આપણા ઘરની બધી વાતો કરીશ. એમને હાથ જોડીને રિક્વેસ્ટ કરીશ કે પ્લીઝ, અમારા ઘરના પ્રોબ્લેમ્સનો તોડ લાવો.' કરણના અવાજમાં ગુસ્સો અને ખિન્નતાનો મિશ્ર ભાવ હતો.

'હા બેટા, આ વખતે તો હું પણ કબીરને વાત કરીશ. એને કહીશ કે તમે તમારા મિત્રને સમજાવો.' પ્રભાના અવાજમાં ભારોભાર નિરાશા હતી.

'મમ્મી, તું એમ ઢીલી ન પડ. આવ બેસ મારી પાસે.' કરણે હાથ પકડીને મમ્મીને પાસે બેસાડી. પ્રભાની આંખો ભરાઈ આવી.

'બેટા, તે શું નક્કી કર્યું છ? વહુને ક્યારે ઘેર લઈ આવે છે?' પ્રભાએ પૂછ્યું.

'બસ આવતા અઠવાડિયે, પણ એ પહેલાં થોડા રૂપિયાની જરૂર હતી. પપ્પાને વાત કરી તો એમણે મને તુચ્છકારી દીધો.'

'કેટલા રૂપિયાની જરૂર હતી બેટા?' પ્રભાએ લાગણી નીતરતા સ્વરે પૂછ્યું.

'પચ્ચીસ લાખની...' કરણનો જવાબ સાંભળીને પ્રભા ચોંકી ગઈ... બેટા, પચ્ચીસ લાખને થોડા રૂપિયા ન કહેવાય.'

'તું પણ મમ્મી, પપ્પાની ભાષા બોલવા માંડી?' કરણે ફરિયાદના સૂરમાં કહ્યું.

'ના બેટા, પણ આટલી મોટી રકમની તારે શું જરૂર પડી?' પ્રભાએ નરમાશથી પૂછ્યું.

'મને નહીં, તારી વહુને જરૂર પડી છે. એ કહે છે કે પહેલાં રૂપિયા હાથમાં આવે પછી જ હું તારા ઘરમાં પગ મૂકું. એ કહે છે કે લગ્ન પછી બધાંની સામે હાથ ફેલાવવો કેવું લાગે?' કરણે મા સામે પેટછૂટી વાત કરી દીધી.

'બેટા મારું માન પણ આ માગણી વાજબી નથી. જે વ્યક્તિ ઘરમાં આવતા પહેલાં જ આટલી મોટી રકમ માગે છે એ પછી શું કરશે?' માએ દીકરાને સમજાવતાં કહ્યું.

'પછી, આખું ઘર માગી લેશે. તમને એ જ વાતનો ડર છે ને...?' કરણ નારાજ થઈ ગયો.

એ જ વખતે બહાર કોઈના ચાલવાનો અવાજ આવ્યો.

'લખુકાકા લાગે છે.' પ્રભા બોલી.

કરણના ચહેરા પર નારાજગીના ભાવ યથાવત રહ્યા.

'બેટા, તું વિચારી જોજે. તારી વહુને સમજાવજે.' પ્રભાએ ઊભા થતાં કહ્યું: પોણા પાંચ વાગી ગયા છે. થોડી વારમાં તો કબીર અંકલ આવી જશે.'

કરણે કંઈ જવાબ ન આપ્યો.

પ્રભા કમરાની બહાર નીકળી ગઈ.

કરણ થોડી વાર પડ્યો રહ્યો. શું રૂપાએ પચ્ચીસ લાખની માગણી કરીને ભૂલ કરી છે?

દિમાગ હા પાડતું હતું પણ એનું મન એ હાને સાંભળવા નહોતું દેતું.

કરણે ઘડિયાળ સામે જોયું.

પાંચ વાગવામાં પાંચ મિનિટ બાકી હતી.

કંઈક વિચારીને ઊભો થયો અને બહાર નીકળી ગયો.

થોડી ક્ષણો બાદ બે ચીસ દીવાન પરિવારના ફ્લેટમાં ગુંજી ઊઠી.

*************

જયે સેલ પર ફરી નાગપુરનો નંબર ઘુમાવ્યો. થોડી વાર પહેલાં પણ ટ્રાય કરી હતી. પણ લાઈન મળી નહોતી.

આ વખતે લાઈન મળી ગઈ.

'મમ્મી, કેમ છે બધાં?' સામે છેડે માનો અવાજ સાંભળીને જય ખુશ થઈ ગયો.

'હા, બેટા, બોલ, પૂજા કેમ છે?'

'મજામાં, મમ્મી, પપ્પા ક્યાં છે?' જયે પૃચ્છા કરી.

'બેટા, એ તો ગઈકાલથી અમરાવતી ગયા છે. એક-બે દિવસમાં આવી જશે એવું કહેતા ગયા છે.'

પપ્પા અમરાવતીમાં નાણાંની વ્યવસ્થા કરવા ગયા હશે, જયે વિચાર્યું. આ ઉંમરે પણ પપ્પા કેટલી દોડાદોડી કરે છે.

'પપ્પા મોબાઈલ લઈને ગયા છે?' જયે પૂછ્યું.

'ના, એ કહીને ગયા છે કે હું અર્જન્ટ મિટિંગ માટે જાઉં છું. મને ડિસ્ટર્બ કરતાં નહીં. હું પોતે ફોન કરીશ.'

'ઠીક. એમનો ફોન આવે તો કહેજે કે મન ફોન કરે. અર્જન્ટ કામ છે...!'

'કોઈ ચિંતા નથી ને?' માથી રહેવાનું નહીં.

'ના... ના... અચ્છા, મમ્મી મને એક વાત કહેશો? પપ્પાએ ક્યારેય જગમોહન અંકલ પાસેથી આ અગાઉ રૂપિયા લીધા છે?'

'ના, બેટા... મને ખબર નથી. કેમ?'

'ના, ઠીક છે, એ આવે તો ફોન કરવાનું કહેજે...' જયે લાઈન કાપી નાખી.

એણે ઘડિયાળમાં જોયું. પાંચ વાગવામાં પાંચ મિનિટ બાકી હતી.

એને લાગ્યું કે કોરિડોરમાં કોઈ વાત કરી રહ્યું છે. શું કોઈ એની વાત સાંભળતું હતું?

એણે બારણું ખોલીને બહાર નજર કરી.


કોઈ દેખાયું નહીં.

એ બહાર નીકળ્યો. એ વખતે ઘડિયાળમાં પાંચ વાગવામાં બે મિનિટ બાકી હતી.

*************

બેડરૂમનું બારણું ખૂલતું જોઈને જગમોહન બારણાની ઊંધી દિશામાં દોડ્યો. જોકે એને લાગ્યું કે એણે ભૂલ કરી હતી. એણે દરવાજા તરફ દોડીને બારણું બંધ કરી દેવું જોઈએ જેથી કોઈ અંદર પ્રવેશી ન શકે.

પણ ગભરાટમાં હાથમાં ચાકુ લઈને એ બારણાની સામેની બાજુ દોડયો હતો. અહીં કોઈ છુપાવાની જગ્યા નહોતી. દીવાલસરસો એ હાથમાં ચાકુ લઈને ઊભો રહી ગયો. હાથમાં રિવોલ્વર હોત તો એ દુરથી નિશાન લઈને હુમલાખોરનું ઢીમ ઢાળી દેત, પણ આ ચાકુથી શું વળે? જગમોહનના કપાળ પર પરસેવો ફૂટી નીકળ્યો.




એણે જોયું - બારણું ખોલીને એક અજાણ્યો માણસ અંદર પ્રવેશતો હતો. આ માણસને એણે પહેલાં ક્યાંય જોયો હોય એવું યાદ નહોતું આવતું... પણ એ અંદર કેવી રીતે આવી શક્યો? મકાનની બહાર સિક્યુરિટીની વ્યવસ્થા હોવા છતાંય આ માણસ અંદર ઘૂસી આવ્યો હતો. પછી એના હાથમાં કાળા રંગનો બુરખો જોઈને જગમોહનને ખ્યાલ આવી ગયો કે આ માણસ બુરખો પહેરીને પોલીસની આંખમાં ધૂળ નાખીને અંદર પ્રવેશવામાં કામિયાબ નીવડ્યો હતો.

ઓહ, તો એનો દુશ્મન જીતી રહ્યો હતો, પેલો માણસ ખિસ્સામાંથી રિવોલ્વર કાઢતો હતો.

જગમોહને મનોમન ઈશ્વરનું સ્મરણ કર્યું. હવે કોઈ રીતે બચી ન શકાય.

એ જ પળે એણે ગાયત્રીને દબાતે પગલે અંદર આવતાં જોઈ.

'મિ. દીવાન....' દાઢીવાળાએ એની સામે રિવોલ્વર તાકીને કહ્યું:

'મિ. દીવાન, મારું નામ કુમાર ચક્રવર્તી. હું શ્યામલી ચક્રવતીનો પતિ છું. હું તમારું ખૂન કરવા અહીં આવ્યો છું....' કહીને પેલા માણસ બે ડગલાં આગળ આવીને સાયલેન્સરવાળી ગનના ટ્રિગર પર આંગળી મૂકી.

જગમોહને જોયું કે ગાયત્રી પણ બે ડગલાં આગળ આવીને પેલા અજાણ્યા માણસ તરફ રિવોલ્વર તાકીને ઊભી રહી હતી. એની આંગળી પણ ગનના ઘોડા પર હતી.

*********

જગમોહને આંખ મીંચી દીધી. હવે થોડી જ ક્ષણો બચી હતી. એના મોઢામાંથી ગભરાટમાં ચીસ નીકળી ગઈ.

લંબગોળ આકારે ફરતાં કન્વેયર બેલ્ટ પરથી પોતાની બેગ ઊંચકીને કબીરે ટ્રોલીમાં નાખી અને કોલકાતા એરપોર્ટના મુખ્ય પ્રવેશદ્વાર તરફ આગળ વધ્યો.

ખિસ્સામાંથી મોબાઈલ કાઢીને એણે સ્વીચ ઓન કર્યો. મુંબઈ - કોલકાતાની અઢી કલાકની વિમાન સફરમાં એના પગ અકડાઈ ગયા હતા.

એ હવે વૃદ્ધ થઈ રહ્યો હતો.

જગ્ગો સાથે બેસીને વધુ દારૂ પીવો પડશે. જ્યારે જ્યારે વૃદ્ધત્વના વિચારો આવે ત્યારે પોતાનો આત્મવિશ્વાસ વધારવા કબીરે બે પેગ વધુ પી લેતો. અચાનક જગ્ગોને મળવાની ઈચ્છા વધુ પ્રબળ થઈ ગઈ.

આટલા વર્ષો જુદા થઈને રહી શકાય પણ હવે કલાકો શું, મિનિટો પણ સહન નહોતી થતી.

કબીર ટ્રોલી લઈને બહાર આવ્યો. જગ્ગેએ કહ્યું હતું કે એ ગાડી મોકલશે. થોડે દૂર જગ્ગેનો જૂનો ડ્રાઈવર જાદવ દેખાઈ ગયો. જાદવે હાથ ઊંચો કર્યો. કબીરે હસીને હાથ હલાવ્યો.

હાશ, હવે થોડી જ વારમાં મિત્રના ઘરે પહોંચી જવાશે.

કબીરે ખિસ્સામાંથી સિગારેટનું પેકેટ કાઢી સિગારેટ સળગાવી પહેલો ઊંડો કશ લીધો અને ધીરે ધીરે ગુમાડાના ગોટા એના મોઢામાંથી નીકળવા માંડ્યા. જાણે મગજમાં છવાયેલું ધુમ્મસ નીકળતું હોય એવું લાગતું હતું. વરસો એ પોતાના જન્મસ્થાનની મુલાકાત લઈ રહ્યો હતો.

રોકવાની કોશિશ છતાંય એક વિશાદની લાગણી એના મનને વળગી પડી.

એક સાથે બાળપણ, જૂનું ઘર, મા-બાપ, ભાઈબંધ, નિશાળ, કોલેજ, સપનાંઓની સ્મૃતિઓ એને ઘેરી વળી.

છેલ્લા કેટલાંક વરસોથી એ ગુનાખોરી, અપરાધીઓ વચ્ચે આ બધું ભૂલી ગયો હતો.

આજે જાણે લાગ મળતાં બધી યાદોએ એના પર હુમલો કર્યો.

એ વધુ ઢીલો પડે એ પહેલાં જાદવ ગાડી લઈને આવી ગયો. કબીર દરવાજો ખોલીને અંદર ગોઠવાયો.

'યસ, જાદવભાઈ, હવે મારી મૂકો ઘર તરફ. ફાસ્ટ, મારી પાસે સમય નથી.' કબીરે હસીને કહ્યું.

'યસ સર...' જાદવે પ્રત્યુતર આપતાં એક્સીલેટર પર પગ દબાવ્યો.

અજાણતાં કબીર સાચું કહેતો હતો. સમય ખૂબ જ ઓછો હતો.

થોડી જ મિનિટો બાદ કબીરનો મોબાઈલ રણક્યો.

'હલ્લો...' કબીરે સેલ કાન પર ધરતાં કહ્યું.

'કબીર અંકલ, તમે લેન્ડ થઈ ગયા ને...' સામે છેડે વિક્રમનો અવાજ હતો.

'હા, બેટા, આઈ હેવ એરાઈવ્ડ... પણ તું આટલો ગભરાયેલો કેમ લાગે છે... જગ્ગે ક્યાં છે?' કબીરના મનમાં ધ્રાસ્કો પડ્યો.

'અંકલ, તમે જલદી એપોલો હોસ્પિટલ પહોંચો. જાદવને કહેજો...' વિક્રમનો અવાજ તરડાતો હતો.

'વ્હોટ હેપન્ડ... વિક્રમ, શું થયું?' જગ્ગે સલામત છે ને?' કબી વિહ્વળ થઈ ગયો.

'કબીર અંકલ... ગાયત્રીએ પપ્પાને ગોળી મારી દીધી છે...'

(ક્રમશઃ)■

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સપનાં પૂરાં થતાં નથી ને નવાં ફૂટતાં જાય છે...

### ઈચ્છાઓની કથા છે અનોખી..



થોડા સમય પહેલાં જમરૂદ્દીન અહમદની 'પહેલું મૃત્યુ' નામની એક વાર્તા વાંચી હતી. એક નાના બાળક સામે નિર્દોષ ગરીબને મારવામાં આવે છે. બાળક આ હિંસા જોઈને ડરી જાય છે. ગરીબ માણસ પર થતા અન્યાય સામે અવાજ ઉઠાવવાનું વિચારે છે અને પોતાના પિતા સહિત પરિવારને પેલા ગરીબની મદદ કરવાનું કહે છે. પરિવારના સદસ્ય બાળકને વિવાદથી દૂર રહેવાનું શીખવે છે. બાળક માનતો નથી. બાળકના પિતાને ગુસ્સો આવે છે અને બાળકને એક રૂમમાં પૂરી દે છે. બાળકની જીદ માટે પત્ની અને માતાને જવાબદાર ઠેરવીને માફી માગવાનું કહે છે. બાળકની દાદી જીદ છોડવા તથા પિતાની માફી માગવા સમજાવે છે. નિર્દોષ ભૂખ્યું બાળ મજબૂરી સમજી જાય છે અને એ પિતાની માફી માગે છે.

વાર્તાઓ સાંભળીને કે શાળામાં અભ્યાસ પછી બાળકના મનમાં સહાનુભૂતિ તથા અન્યાય સામે લડવાનું સ્વપ્ન હોય. બાળકની આસપાસનો સમાજ એને કોઈના વિવાદમાં પડવા માટે રોકે છે અને પોતાના કામથી મતલબ હોવો જોઈએ એવો પાઠ શીખવે છે. લેખક માને છે કે બાળક પોતાનું પહેલું સ્વપ્ન તોડે છે એ એનું પહેલું મૃત્યુ છે.

પહેલું મૃત્યુ કેવળ બાળકની ઈચ્છાનું નથી, પણ એ બાળકના પિતાનું ય છે. બાળકના પિતા ઈચ્છે છે કે પુત્રને શક્તિશાળી દુશ્મન થકી કોઈ નુકસાન થવું જોઈએ નહિ. આ કથાની આડઅસર સમાન એક વાત કહી શકાય કે ભવિષ્યમાં પિતાને કોઈ અન્યાય થતો હશે તો બાળક એ જ વર્તન કરી શકે છે, જે પિતાએ કર્યું હતું. બાળકને લાલચ આપીને સત્યની લડતથી દૂર કરતાં દાદી અને માતાનું પણ પહેલું મૃત્યુ છે. બાળકને સમજાય છે કે કોઈના સ્વપ્નને તોડવા માટે ભૂખ જેવી લાલચ કામ કરી જતી હોય છે. સૌથી મોટું નુકસાન સમાજનું છે. આપણે ઘડતર કરી શકતા નથી, જેમાં સ્વમાન અને સત્યનાં સ્વપ્ન સાકાર થતાં હોય. આ કથાને અલગ રીતે વિચારશો તો ખ્યાલ આવશે કે મોટા ઉદ્યોગ ગૃહ કે પારિવારિક સમસ્યાનોના પાયામાં આવી જ કોઈ નાનકડી ઘટના છુપાયેલી હોય છે.

દુનિયાભરના તત્ત્વચિંતકો માને છે કે માણસ એની ઈચ્છાશક્તિના અભાવથી નિષ્ફળ જાય છે. આ કથામાં ઇચ્છાશક્તિ હોય કે ના હોય એનાથી કોઈ ફેર પડતો નથી કેમ કે રૂઢિઓ સામે લડવાની તાકાત માણસ ગુમાવી બેઠો છે.

સામાન્ય માણસો પોતાની જિંદગીમાં કેટકેટલાં સ્વપ્ન જુએ છે, કેટકેટલા આશા અને અરમાન સાથે લઈને જીવે છે, પણ ક્યારેક વિચાર આવે કે એમની ઈચ્છાઓ ફળીભૂત થાય છે ખરી? માણસ ઘડપણમાં કામ લાગે તે માટે પૈસા ભેગા કરવાની દોડમાં આખી જિંદગી દોડતો રહે છે. એ માણસ પોતાના સ્વપ્ન માટે યુવાનીનો ભોગ આપ્યા પછી સ્વસ્થ રહીને ઘડપણ ભોગવી શકતો હશે કે કેમ એ સવાલ છે. એનો અર્થ એવો થયો કે સ્વપ્ન સાકાર થાય કે ના થાય તો પણ વ્યક્તિ સંઘર્ષ કરતો રહે છે અને નવી નવી ઉમ્મીદ બનાવ્યે રાખે છે. ઘણી વાર પ્રશ્ન થતો હોય છે કે તો પછી જીવન શું છે? ફક્ત નાની- મોટી ઈચ્છાઓનો કોથળો તો નથીને? આપણે આ ધરતીના મુસાફર બનીને શું પામીએ છીએ? જિંદગીનાં સત્યનો સામનો કરવા માટે સમર્થ છીએ કે પછી પેલા બાળકની જેમ લાલચમાં આવીને મૂળ માર્ગ છોડી દઈએ છીએ ?

એક સામાન્ય માણસને જીવનમાં ખુશીઓ જોઈએ છે - એને પ્રેમ અને રોમાન્સ જોઈએ છે. દરેક વ્યક્તિને સ્વાસ્થ્ય અને સંપત્તિ જોઈએ છે. દરેકને સ્વતંત્રતા, શાંતિ અને રક્ષણ જોઈએ છે. દરેક વ્યક્તિને પ્રેમાળ પરિવાર સાથે મજાના દોસ્તો જોઈએ છે. સમૃદ્ધજીવનમાં આરામ કરવા સાથે દરેકને દુનિયાભરની ટ્રીપ કરવી છે. દરેક વ્યક્તિને બીજાઓ પર ઉપકાર કરવા સાથે અધ્યાત્મ ક્ષેત્રે નામના જોઈએ છે. આ સામાન્ય ઈચ્છાઓ પ્રાપ્ત કરવા સંઘર્ષ કરવો પડે છે, પણ ભાગ્યે જ કોઈ ચેલેન્જ ઉઠાવવા તૈયાર થાય છે. સરવાળે કોઈને કશું પ્રાપ્ત થતું નથી અને પ્રાપ્ત થયા પછી એનો સંતોષ પણ હોતો નથી. આ જ એક વિષચક્રમાં માણસ જીવે છે અને મરે છે.

આખી વાતનો સાર એ થયો કહેવાય કે માણસના સમગ્ર જીવન પર ઈચ્છાઓ જ અધિકાર ભોગવે છે. માણસ પાસે જે ઈચ્છાઓ અધૂરી પડી છે એ પણ ઉધારમાં મળેલી ભેટ છે. આપણે સ્વપન જોયા હતાં અને એ સાકાર કરવા અથાગ મહેનત છતાં ધાર્યા પરિણામ સુધી પહોંચી શક્યા છીએ કે કેમ એનો જવાબ ક્યારેય સંતોષજનક રીતે મળતો નથી.

વિચારક જે કૃષ્ણમૂર્તિ માનતા હતા કે તમે ઈચ્છાઓને રોકવાનો પ્રયાસ કરો છો અને કદાચ સફળ થઇ શકો છો. આ વાતને અલગ રીતે વિચારશો તો ખ્યાલ આવશે કે ઈચ્છાઓને રોકવી એ પણ એક ઈચ્છા હતી. સંતો અને વિદ્વાનો વારંવાર એક વાત કહેતા હોય છે કે તમારાં સ્વપ્નાઓને તમે રોકી શકવાના નથી, પણ એ ઘટાડી શકાય. માણસને ઘણી બધી ઈચ્છાઓ હોય, પણ ઈચ્છાઓને નિયંત્રિત કરવી એ સુખનો માર્ગ છે.

આપણી વાત એ છે કે એક સામાન્ય માણસ ત્યાગ કરવાના વક્તવ્ય સાંભળીને કે અન્ય રીતે બોધ મેળવીને કેટલાય સ્વપ્ન રોળી નાખતો હોય છે. મનોવિજ્ઞાનમાં બે પ્રકારની ઇચ્છાની વાત કહી છે : એક સામાન્ય ઈચ્છા અને બીજી અસામાન્ય ઈચ્છા. બે બેડરૂમ હોલ- કિચનનું ઘર હોવું એ સામાન્ય ઈચ્છા છે પણ કોમન માણસ માટે ફાર્મ હાઉસ સાથે વિશાળ બાર હોય અને એ એક અસામાન્ય વૈભવી સ્વપ્ન છે. આજે પ્રોબ્લેમ એ છે કે આપણે સામાન્ય અને અસામાન્ય વચ્ચેનો ભેદ ભૂલવા લાગ્યા છીએ, એમાં જે શાશ્વત પ્રાપ્ત કર્યું છે એનો આનંદ ગુમાવી દઈએ છીએ. પેલા બાળકની જેમ આખી જિંદગી સ્વપ્ન સાકાર થતાં લાગતાં નથી એટલે રોજેરોજ મૃત્યુ જેવો અનુભવ કરીએ છીએ.

**ધ એન્ડઃ**

*દરેક સજીવને પ્રેમની ઈચ્છા હોય છે.*
(અજ્ઞાત)

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ચોવક કહે છેઃ કંઈક મેળવવા કંઈક ગુમાવવું પડે!

ના ભાગ્યે દોડતું આવે, ના વિશ્વાસે કદી રહેજે! યાદ આવે છે? આવી કોઈ કવિતા એક જમાનામાં અભ્યાસક્રમમાં આવતી. ભાગ્યના ભરોસે હાથ જોડીને બેસી ન રહેવાય! કર્મ કરવાં પડે. કમાવા માટે કામ કરવાં પડે. આપણી ઉચ્ચ લાયકાત હોય છતાં પણ આર્થિક ઉપાર્જન માટે, જે કામ પહેલું કે વહેલું મળે ત્યાંથી મંગલાચરણ કરવાં જોઈએ. આટલું કહેવા માટે કચ્છીમાં એક ચોવક છેઃ **''વિઠે કનાં ભૅગાર ભલી''**. 'વિઠે' શબ્દનો અર્થ થાય છેઃ બેઠા રહેવું અને 'કનાં' એટલે કરતાં. 'ભૅગાર'નો અર્થ થાય છેઃ મજૂરી (જે પણ કામ મળે તે).'ભલી' એટલે સારી. મતલબ કે બેઠા રહેવા કરતાં જે કામ મળે તે સ્વીકારી લેવું. ભાવાર્થ પણ એજ સંદર્ભ દર્શાવે છે કે, 'કંઈક તો કામ થાય'! કંઈક તો કમાણી થાય! કંઈ ન કરતાં, સારાં કે લાયકાત મુજબનાં કામની રાહ જોતાં હાથ જોડીને બેઠા રહીએં તો, તો હાડકાં હરામનાં થઈ જાય, પછી લાયકાત મુજબનું કામ મળે તો પણ, કામ કરવાનું મન ન થાય! એવી રાહ જોઈએ કે, આનાથી પણ સારું કામ મળશે! એવી રાહ જોતાં બેસી ન રહેવું જોઈએ તેવી શીખામણ આ ચોવક આપે છે!'

અદ્‌ભુત અર્થ ધરાવતી એક ચોવક બહુ જ પ્રચલિત છે. ચોવક છેઃ **''વાણ વામાજે તડેં, કરાણી પામે.''** આમ તો અહીં આપણે શરૂઆતની જે ચોવકનો આસ્વાદ માણ્યો, તેના અર્થને સ્પર્શતી જ આ ચોવક છે. ગુજરાતી વાચકો જ નહીં પણ કચ્છી વાચકો માટે પણ તેમાં પ્રયોજાયેલા શબ્દો અજાણ્યા છે. તો, ચાલો શબ્દોની નજીક જઈએ અને ઓળખીએં! પહેલો જ શબ્દ છેઃ 'વાણ', જેનો અર્થ થાય છેઃ ખાટલો ભરવાની સીંદરી કે વહાણ! બીજો શબ્દ છેઃ 'વામાજે' એટલે કે મપાય, 'તડેં'નો અર્થ થાય છેઃ ત્યારે. 'કરાણી' શબ્દનો અર્થ અહીં મહેનતાણું કરાશે અને 'પામે' એટલે મેળવે! 'વાણ'ના પહેલા અર્થ સાથે જ ચોવકનો શબ્દાર્થ સમાયેલો છે. ખાટલા ભરવા માટે સીંદરીનો ઉપયોગ થતો, એ યાદ છે? ખાટલો ભરાતો જાય અને કેટલી સીંદરી તેમાં વપરાણી તેનાં માપ નીકળે (વામાજે) અને તેના પરથી જ મજૂરી કે મહેનતાણાંનો અંદાજ નીકળે!

'વાણ'નો બીજો અર્થ થાય છે વહાણ. અહીં કિનારેથી છૂટેલું વહાણ કેટલું દૂર જાય છે, તેના પરથી તેમાંથી થનારી આવકનો અંદાજ કાઢવામાં આવે છે! વળી નિષ્ણાતો એ ચોવકનો ભાવાર્થ એવો કાઢે છે કે, કંઈક મેળવવા કંઈક ગુમાવવું પણ પડે!

ઘણા લોકોમાં બિનઅસરકારક જિદ્દ હોય છે. એવી પૂરેપૂરી આશંકા હોય કે, આમ કરવાથી ગુમાવવું પડશે, તેમ છતાં એ પોતાની જિદ્દ પર અડગ રહે છે અને જ્યારે નુકસાનીના ખાડામાં પગ પડે ત્યારે અફસોસ કરવા સિવાય કોઈ વિકલ્પ નથી રહેતો... તો, ચોવક છેઃ **''વાર્યા ન વરેં, ઉ હાર્યા વરેં.''** અહીં જે 'વાર્યા' શબ્દ છે તેનો અર્થ થાય છેઃ સમજાવ્યા. 'ન વરેં' એ બે શબ્દોનો સમૂહ છે જેનો અર્થ થાય છેઃ ન સમજે. 'ઉ' એટલે તે અને 'હાર્યા વરેં' એ બે શબ્દનો અર્થ થાય છેઃ ગુમાવ્યા પછી સમજ પડવી! શબ્દાર્થ જોઈએ તોઃ જે સમજાવ્યા ન સમજે એ પછડાટ ખાધા પછી આપોઆપ સમજે. ભાવાર્થ એવો થઈ શકે કેઃ સમજવાનો સમય વિતી ગયા પછીની પછડાટનો અફસોસ!

કોઈ પાસે બહુ મોટી આશા લઈને ગયા હોઈએં અને એ આશા-અપેક્ષા સફળ કે પૂરી ન થાય ત્યારે વિલા મોઢે પાછા ફરવું પડે, એ દશા વર્ણવતી પણ એક ચોવક કચ્છી ભાષામાં પ્રયોજાય છે. ચોવક છેઃ **''વ્યો જંતર વજાઈંધો''**, 'વ્યો' શબ્દનો અર્થ થાય છેઃ ગયો પણ અહીં 'પાછો ફર્યો' એ અર્થ યોગ્ય છે. 'જંતર' એક વગાડવાનું વાજિંત્ર અને 'વજાઈંધો' એટલે વગાડતો. મતલબ 'જેવો આવ્યો હતો તેવો જ (ખાલી હાથે) ગયો! કામ થયા વગર જ પાછા ફરવું. ■

# ટોલ માફીથી સરકારની તિજોરી પર આવશે ૫,૦૦૦ કરોડ રૂપિયાનો બોજો: ઉદ્ધવ-સેના

મુંબઈ: વિપક્ષ શિવસેના (યુબીટી)એ મંગળવારે મુંબઈના પાંચ એન્ટ્રી પોઇન્ટ પર હળવા મોટર વાહનો પરનો ટોલ માફ કરવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણયની ટીકા કરતાં દાવો કર્યો હતો કે તેનાથી રાજ્યની તિજોરી પર ૫,૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો બોજો પડશે.

શિવસેના (યુબીટી)ના મુખપત્ર 'સામના'ના તંત્રીલેખમાં સિંચાઈ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અને પુણે મેટ્રોના બીજા તબક્કા સહિત પ્રધાન મંડળના વિવિધ નિર્ણય અંગે એકનાથ શિંદેના નેતૃત્ત્વવાળી સરકારના વલણને અર્થહીન ગણાવી સવાલ કર્યો હતો કે 'શું સરકાર પાસે આ યોજનાઓ માટે પૈસા છે ખરા?' મુંબઈના પાંચ એન્ટ્રી પોઇન્ટ પર લાઇટ મોટર વાહનો માટે ટોલ માફ કરવાના નિર્ણયને ટાંકી શિંદે સરકારે ચૂંટણી પહેલા 'જુમલેબાજી' શરૂ કરી હોવાનો દાવો મરાઠી દૈનિકે કર્યો હતો.

સરકારે મહારાષ્ટ્રમાં વિવિધ જાતિ અને પેટા-જાતિ માટે અનેક વિકાસ નિગમની જાહેરાત કરી છે, પણ રાજ્યભરના ખ્રિસ્તી સમુદાયને ભૂલી ગઈ છે એમ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળના પક્ષના મુખપત્રમાં જણાવાયું હતું.

સોમવારે રાજ્ય પ્રધાન મંડળની બેઠકમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મુંબઈમાં પ્રવેશ માટે તમામ પાંચ ટોલ બૂથ પર લાઇટ મોટર વાહનો માટે સંપૂર્ણ ટોલ માફીની જાહેરાત કરી હતી. આ ઉપરાંત સરકારે રાજ્યના બીજા ક્રમનાં સૌથી મોટા શહેર પુણેમાં બે નવા મેટ્રો રેલ રૂટને પણ મંજૂરી આપી હતી. (પીટીઆઈ)■

# આચારસંહિતાના કલાકો પહેલા વિધાન પરિષદના સાત સભ્યની શપથવિધિ ઉતાવળે કરી નખાઇ




મુંબઈ: ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવે તેના અમુક કલાકો પહેલા જ મંગળવારે રાજ્યપાલ દ્વારા વિધાન પરિષદના સાત સભ્યોની નિમણૂક કરીને તેમના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

વિધાન પરિષદમાં સાત નવા સભ્યમાં ભાજપના ત્રણ એકનાથ શિંદેની શિવસેનાના બે અને અજિત પવારની એનસીપીના બે સભ્યનો સમાવેશ થાય છે.

રાજ્યપાલ છ વર્ષની મુદત માટે વિધાન પરિષદના ૧૨ સભ્યની નિમણૂક કરી શકે છે. સોમવારે રાજ્ય કેબિનેટ દ્વારા ૧૨માંથી સાત નામની જાહેરાત કરાઇ હતી અને રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણન પાસેથી મંજૂરી મેળવવામાં આવી હતી. તેમની મંજૂરી બાદ રાજ્ય સરકાર દ્વારા વિધાનભવનમાં તેમની શપથવિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બાકીની પાંચ બેઠક ખાલી જ પડી છે.

શિંદેસેના દ્વારા ભૂતપૂર્વ સાંસદ હેમંત પાટીલ અને વિધાન પરિષદના ભૂતપૂર્વ સભ્ય મનીષા કાયાન્દેની ફરી નિમણૂક કરાઇ હતી, જ્યારે ભાજપ તરફથી ધર્મગુરુ બાબુસિંહ મહારાજ રાઠોડ, ચિત્રા વાઘ અને વિક્રાંત પાટીલની નિમણૂક કરાઇ હતી.

અજિત પવાર જૂથ તરફથી કેબિનેટ પ્રધાન છગન ભુજબળના પુત્ર પંકજ ભુજબળ અને સાંગલી, મિરાજ કુપવાડ પાલિકાના ભૂતપૂર્વ મેયર ઇદ્રીસ નાઇકવાડીની વિધાન પરિષદના સભ્ય માટે પસંદગી કરવામાં આવી હતી.

રાઠોડ વાશિમસ્થિત ગોર બંજારા સમુદાયની સંસ્થા પોહરાદેવી સંસ્થાનનું નેતૃત્ત્વ કરે છે જેની થોડા અઠવાડિયા પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુલાકાત લીધી હતી. (પીટીઆઇ) ■

## વિધાન પરિષદમાં નિમણૂક આડે કોઈ અવરોધ નથી: સરકારે હાઈ કોર્ટને કહ્યું

મુંબઈ: રાજ્યની વિધાનપરિષદમાં ખાલી પડેલી ૧૨ જગ્યા માટે સાત સભ્યોની (એમએલસી) નિમણૂક આડે કોઈ અવરોધ નથી એવી સ્પષ્ટતા મહારાષ્ટ્ર સરકારે મંગળવારે બોમ્બે હાઈકોર્ટ સમક્ષ કરી હતી. એડવોકેટ જનરલ બિરેન્દ્ર સરાફે મુખ્ય ન્યાયમૂર્તિ ડી. કે. ઉપાધ્યાય અને ન્યાયમૂર્તિ અમિત બોરકરની ખંડપીઠને જણાવ્યું હતું કે કોર્ટ તરફથી કોઈ મનાઈ હુકમ નથી અથવા આ નિમણૂક નહીં કરવામાં આવે એવી કોઈ રજૂઆત સરકાર તરફથી નથી કરવામાં આવી.

સુધરાઈના ભૂતપૂર્વ નગરસેવક અને શિવસેના (યુબીટી)ના કાર્યકારી સભ્ય સુનીલ મોદી વતી હાજર રહેલા વકીલે ખંડપીઠને જણાવ્યું હતું કે તત્કાલીન એમવીએ સરકાર દ્વારા ૨૦૨૦માં રાજ્યપાલને મોકલવામાં આવેલા ૧૨ એમએલસી નામાંકિત ઉમેદવારોની સૂચિ પાછી ખેંચવાને પડકારતી તેમની અરજી પર આદેશ અનામત રાખવામાં આવ્યો હોવા છતાં વિધાન પરિષદના સાત સભ્યોની નિમણૂક કરવામાં આવી રહી છે. મોદીના વકીલ હર્ષદ શ્રીકંધેએ ખંડપીઠ સમક્ષ રજૂઆત કરી હતી કે અરજદાર માત્ર સાત એમએલસીની નિમણૂકનો મુદ્દો હાઇકોર્ટના ધ્યાનમાં લાવવા માગે છે, બીજી કોઈ જ વાત નથી. પાછી ખેંચાયેલી સૂચિમાં રહેલી નામાંકિત ૧૨ વ્યક્તિમાં સાત નામાંકિત સભ્યોનો સમાવેશ છે કે કેમ એવો સવાલ ખંડપીઠે કર્યો હતો સરાફે નકારમાં જવાબ આપી જણાવ્યું હતું કે 'નિમણૂક પર કોઈ સ્ટે અથવા મનાઈ હુકમ નથી આપવામાં આવ્યો તેમજ નિમણૂક નહીં કરવામાં આવે એવી કોઈ ખાતરી પણ નથી આપવામાં આવી.' ■

# 'શંખનાદ' આ એક શબ્દની દેવેન્દ્ર ફડણવીસની ચૂંટણીની એલાન માટેની પ્રતિક્રિયા શું સંકેત આપે છે?

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની જાહેરાત ક્યારે થશે એ અટકળોનો હવે અંત આવી ગયો છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે પત્રકાર પરિષદમાં ચૂંટણીની તારીખ જાહેર કર્યા પછી નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એક શબ્દમાં પ્રતિક્રિયા આપી છે.

'શંખનાદ' એવી એક શબ્દની પોસ્ટ સાથે ફડણવીસનો એક વીડિયો પણ પોસ્ટ કરવામાં આવ્યો છે. નાયબ મુખ્ય પ્રધાન આક્રમક અંદાજમાં બોલી રહ્યા છે કે 'જિસ ગતિ સે ચલા હૈ તૂ ઉસ ગતિ કો પાયેગા.' લોકસભા ચૂંટણીમાં મહાગઠબંધનને માત્ર ૧૭ બેઠક પર જીત મળી હતી. એ નિષ્ફળતા ફગાવી દેવા ફડણવીસ સજ્જ છે એ આ પોસ્ટ પરથી દેખાય છે. ■

## જાવેદ અલી લાઈવ ઈન કોન્સર્ટ



જાવેદ અલી ખૂબ જ ઉમદા હેતુ માટે ફરીથી NCPA નરીમાન પોઈન્ટ જમશેદ ભાભા થિયેટરમાં ''જાવેદ અલી લાઈવ ઈન કોન્સર્ટ વીથ દિશા મુદ્રા'' એક શાનદાર મ્યુઝિકલ શૉ કરશે. લાઈટ ઑફ લાઈફ ટ્રસ્ટે આયોજિત શુક્રવાર, તારીખ ૧૮મી ઑક્ટોબર ૨૦૨૪ના રોજ સાંજે ૭.૦૦ વાગ્યે આ મ્યુઝિકલ શૉ ફંડરેઝર માટે યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમ સંપૂર્ણ ભંડોળ જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણકાર્ય માટે ઉપયોગ કરવામાં આવે છે. લાઈટ ઑફ લાઈફ ટ્રસ્ટ એક રજિસ્ટર સંસ્થા છે. ■

## શરદ પવારની ગર્જના

# ૮૪નો થાવ કે પછી ૯૦નો... હવે આ વૃદ્ધ અટક્યે અટકવાનો નથી

મુંબઈ: મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત મંગળવારે જાહેર થઇ એ પહેલાં એનસીપીના નેતા શરદ પવારે મોટું વિધાન કર્યું છે. તેમના એ વિધાનથી રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. મંગળવારે ચૂંટણીની તારીખની જાહેરાત થઇ એ પહેલાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

એક કાર્યક્રમમાં શરદ પવારે જણાવ્યું હતું કે અમુક યુવાનો હાથમાં બોર્ડ લઇને ઊભા હતા. એમાં મારો ફોટો હતો. જેમાં એવું લખ્યું હતું કે ૮૪ વર્ષના વૃદ્ધ... પરંતુ તમે ચિંતા ન કરો. અમારે દૂર સુધી જવું છે. આ વૃદ્ધ માણસ કંઇ ઊભો નથી રહેવાનો. તો પછી ૮૪ વર્ષ થયા હોય કે પછી ૯૦... આ વૃદ્ધ હવે થોભશે નહીં. જ્યાં સુધી મહારાષ્ટ્ર સરખો રસ્તો નહીં પકડે ત્યાં સુધી હું કાર્યરત છું.

શરદ પવાર કાર્યક્રમમાં ભાષણ કરી રહ્યા હતા અને તેમણે એક કિસ્સો ટાંક્યો હતો. અમુક યુવાનો બોર્ડ હાથમાં લઇને ઊભા હતા અને શરદ પવાર વૃદ્ધ થઇ ગયા છે અને તેમણે રાજકારણમાંથી સંન્યાસ લેવો જોઇએ, એવું લખ્યું હતું. શરદ પવારનો પક્ષ છોડીને ભત્રીજા અજિત પવારે એનસીપીને રામ રામ કર્યા હતા. ત્યાર બાદ અજિત પવારે મહાયુતિ સરકારમાં જોડાઈને નાયબ મુખ્ય પ્રધાનનું પદ મેળવ્યું હતું. એ સમયે અજિત પવારે શરદ પવારની વયનો ઉલ્લેખ કરીને તેમની ટીકા કરી હતી. ■

## આજે શરદપૂનમની ચાંદની રાતે ગીત ગુંજનનો જલસો



ગુજરાતી ગીતોની મહેફિલ દીપક કાપડિયા આયોજિત ગીત ગુંજનનું સુમધુર ગીત સંગીતનો સૂરીલો જલસો આજે બુધ, તા. ૧૬ ઓકટો. સાંજે ૭ નહેરુ- વર્લી ખાતે રાખેલ છે. આ અલૌકિક કાર્યક્રમના લાજવાબ ગાયક કલાકાર છે અલોક કાટદરે, મુખ્તાર શાહ, કવિતા મૂર્તિ, સૌમ્યા વર્મા, સંચાલન પ્રશાંત રાવ, સંગીત અજય મદન સંભાળે છે. ■

## વિજય તો અમારો જ થશે: કૉંગ્રેસ

નાગપુર: કૉંગ્રેસે મંગળવારે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રમાં મહા વિકાસ અઘાડીને સમર્થન આપતી લહેર છવાઈ રહી છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે વિપક્ષી જૂથ રાજ્યને એનડીએથી બચાવ કરવાના એજન્ડા સાથે ચૂંટણીમાં જશે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી ૨૦ નવેમ્બરના રોજ એક જ તબક્કામાં યોજાશે અને ૨૩ નવેમ્બરે મતોની ગણતરી કરવામાં આવશે, એમ ભારતના ચૂંટણી પંચે જાહેરાત કરી હતી. મહારાષ્ટ્ર કૉંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ નસીમ ખાને જણાવ્યું હતું કે પક્ષ સુનિશ્ચિત કરશે કે ''મુદ્દાઓ'' સૂક્ષ્મ સ્તરે ઉભા ન થાય. ■

# મરાઠાઓ ફડણવીસને લોકસભા કરતા વધુ તાકાત વિધાનસભાની ચૂંટણીમાં દેખાડી દો: મનોજ જરાંગે

મુંબઈ: એવી આશા હતી કે આચારસંહિતા લાગુ થતાં પહેલાં મરાઠાઓને અનામત મળશે, પરંતુ દેવેન્દ્ર ફડણવીસે મરાઠાઓ સાથે રમત રમી ગયા. હવે વિધાનસભામાં પોતાની તાકાત બતાવો, લોકસભા કરતાં વધુ તાકાત બતાવો, એવી અપીલ મનોજ જરાંગેએ મરાઠા સમાજને કરી છે. મનોજ જરાંગે એ પણ ચેતવણી આપી હતી કે હવે અમે નક્કી કરીશું કે કોની સીટ વધારવી અને કોની સીટ ઘટાડવી. વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ મનોજ જરાંગેએ આ અપીલ કરી હતી. મરાઠાઓને બહાર કાઢવાનું કામ ફડણવીસે કર્યું. સરકારે શ્રમિકો, મજૂરો અને ખેડૂતોની આશા ખતમ કરી નાખી છે. મરાઠાઓનું જીવન દયનીય બનાવવાનું કામ ફડણવીસે કર્યું. ફડણવીસે મરાઠાઓ વિરુદ્ધ સત્તાનો ઉપયોગ કર્યો. મરાઠાઓને આરક્ષણ ન મળવા દેવાના ફડણવીસના પ્રયાસો પર આરોપ લગાવતા મનોજ જરાંગેએ કહ્યું કે ફડણવીસે શરૂઆતથી જ મરાઠા સમુદાયને આરક્ષણ ન મળવા દેવાની રમત રમી. દેવેન્દ્ર ફડણવીસે મરાઠાઓ સાથે એવું વર્તન કર્યું કે આ મરાઠાઓના બાળકો આરક્ષણ, શિક્ષણ અને નોકરીઓથી વંચિત રહી જાય. સામાજિક આંદોલનમાં વૈચારિક મતભેદો હોઈ શકે પણ મરાઠા સમાજ એક થવાનો નથી, ફડણવીસે અનામત આપ્યા વિના મરાઠા સમાજના પુત્રોને ભિખારી તરીકે રાખવાનું કામ કર્યું. દેવેન્દ્ર ફડણવીસે મરાઠાઓની પૂંછડી પર પગ મૂક્યો. મરાઠાઓ સિવાય મરાઠાઓ સત્તામાં નહીં આવે. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| BAKE | તોડવું |
| BEAK | કટોરો |
| BEAKER | શેકવું |
| BRAKE | ચાંચ |
| BREAK | ગતિરોધક |

## ઓળખાણ રાખો



સુડી, ચપ્પુ, કાતર, છરી જેવી વિવિધ ઉપયોગી વસ્તુ કલાત્મક રીતે તૈયાર કરવાનો ઉદ્યોગ ગુજરાતના કયા વિસ્તારમાં પ્રખ્યાત છે એ જણાવો.

અ) જૂનાગઢ બ) ધોળકા ક) રાજકોટ ડ) અંજાર

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બા | ળ | ૨ પ | ણ | ■ | ૩ ઉ | ત્ખ | ૪ ન | ન | ■ |
| રો | ■ | ખ | ■ | ૫ તા | પ | ■ | ભ | ■ | ૬ ભી |
| બા | ■ | ૭ વા | ર | ણા | વ | ૮ ત | ■ | ૯ ક | ને |
| ૧૦ ર | ૧૧ બ | ડી | ■ | ૧૨ વા | ન | ર | ■ | ૧૩ સ | વા |
| ■ | ૧૪ ફા | યું | ■ | ણા | ■ | ૧૫ ખા | ૧૬ ન | દા | ન |
| ૧૭ કા | ટ | ■ | ૧૮ મ | ■ | ૧૯ ન | ટ | વ | ર | ■ |
| મ | ■ | ૨૦ ક | સ્તી | ■ | ય | ■ | ર | ■ | ૨૧ આ |
| ૨૨ કા | ય | ર | ■ | ૨૩ મ | નો | ૨૪ ય | ત્ન | ■ | થ |
| જ | ■ | ૨૫ ક | ૨૬ વ | ચ | ■ | મ | ■ | ૨૭ રા | મ |
| ■ | ૨૮ બા | રા | ખ | ડી | ■ | ૨૯ ક | ર | મા | વું |

## શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ■ | ૩ | | ૪ | ૫ |
| | ■ | | ■ | ■ | ૬ | | ■ | ૭ | |
| ૮ | ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | ■ | |
| ૧૨ | | ■ | ૧૩ | | | | | ■ | |
| ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | | ૧૭ | | ■ |
| ■ | ૧૮ | | ૧૯ | | ■ | ૨૦ | | ■ | ૨૧ |
| ૨૨ | ■ | ૨૩ | | ■ | ૨૪ | ■ | | | |
| ૨૫ | | | ■ | ૨૬ | | | ■ | ૨૭ | |
| | ■ | ■ | ૨૮ | | | ■ | ૨૯ | | |
| ૩૦ | | | ■ | ૩૧ | | | | | ■ |

**આડી ચાવી**

૧. પીળી, સોના જેવા રંગવાળી (૫)
૩. પ્રકૃતિ (૪)
૬. કેરીની ગોટલી પરનું પડ (૨)
૭. મુખ્ય, અધ્યક્ષ (૨)
૮. બળજબરીથી ભરવું (૩)
૧૦. આદમ અને ---- - જગતનું પ્રથમ જોડું (૨)
૧૨. લોકો દારૂ પીવા જાય (૨)
૧૩. સાંભળીને લખવું તે (૫)
૧૪. ---- અને અમી - જાણીતી નવલકથા (૩)
૧૬. ખાટલો ભરવાની કાથી (દોરી) (૨)
૧૭. ચાવી, ચાંપ, યુક્તિ (૨)
૧૮. મજાનું, મજા આવે એવું (૪)
૨૦. તુંકારાભર્યું પુરુષવાચક સંબોધન (૨)
૨૩. નસ (૨)
૨૫. મોટું વહાણ (૩)
૨૬. ભૂશિરની જમીન (૩)
૨૭. મક્કાનો જાત્રાળુ (૨)
૨૮. શનિની આસપાસ હોય છે (૩)
૨૯. ગૌરવશાળી (૩)
૩૦. ઘા (૩)
૩૧. મનપસંદ, મનને ગમતાં (૫)

**ઊભી ચાવી**

૧. ચોપાટ, એક રમત (૫)
૨. ધમકાવવું, ઠપકો આપવો (૩)
૩. કોણ?, ક્યું? (૨)
૪. અવાજ (૨)
૫. બોલાબોલી, ધમાચકડી (૪)
૬. જીવ લે એવું (૪)
૯. સા, રે, ગ, મ, પ, ધ, નિ, સા (૪)
૧૦. રવિવાર (૪)
૧૧. એક લોકપ્રિય ધાર્મિક સામયિક (૫)
૧૫. બધું જ, ઝીણામાં ઝીણી (૪)
૧૯. ધબ્બો (૨)
૨૧. સમુદ્રમાંથી મોતી લાવે (૪)
૨૨. નવરાત્રિમાં સ્ત્રીઓ ---- કરીને જાય (૪)
૨૪. ગાયબ થઈ જવું તે (૪)
૨૬. એક જાતના ચોખા (૩)
૨૭. માણસે ---- શીખવું પડે (૩)
૨૯. પીડા, દુ:ખ, વેદના (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'પાછળ જઈ મેં જોયું પ્રસ્થાન સ્થાન પર' પંક્તિમાં પ્રસ્થાન શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) પ્રવાસ બ) નગર ક) પ્રગતિ ડ) નીકળવું

## માતૃભાષાની મહેક

ધન એટલે સંપત્તિ, માલમિલ્કત, વસ્તુ કે વસ્તુઓની સમષ્ટિ જેનાથી કોઈ ઉપયોગી કે ઈષ્ટ અર્થની સિદ્ધિ થાય છે અને જે શ્રમ, પૂંજી કે સમય વડે મેળવાય છે. ધનમાં પંદર અનર્થ રહેલા કહેવાય છે: ચોરી, હિંસા, અસત્ય, દંભ, કામ, ક્રોધ, ગર્વ, મેદ, ભેદ, વેર, અવિશ્વાસ, સંસ્પર્ધા, સ્ત્રીઓનું વ્યસન, દ્યુત અને મદ્ય.

## ગુજરાત મોરી મોરી રે

'માથે રહેલી મુસીબતમાં વધારો ' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

પાટું દાઝ્યા ડામ ઉપર ને ઉપર પડ્યા

## ઈર્શાદ

*'નથી નડતા જગતમાં કોઈ દી' ખુશ્બૂને અવરોધો,*
*કદીયે કંટકોથી ફૂલ ઢંકાઈ નથી શકતા.*
*- આદિલ મન્સૂરી*

## સુડોકુ-૭૦૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૮ | | ૭ | | | | |
| | | ૨ | ૩ | | | ૧ | | ૮ |
| | | | ૪ | | | | | ૩ |
| | ૫ | | | | | ૬ | | |
| ૧ | ૮ | | | | | | ૫ | ૪ |
| | | ૪ | | | | | ૨ | |
| ૪ | | | | | ૨ | | | |
| ૮ | | ૫ | | | ૭ | ૨ | | |
| | | | | ૮ | | ૩ | ૧ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૦૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૩ | ૪ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૬ | ૨ | ૪ | ૯ | ૧ | ૮ | ૭ | ૫ | ૩ |
| ૮ | ૭ | ૫ | ૬ | ૩ | ૨ | ૧ | ૯ | ૪ |
| ૩ | ૬ | ૨ | ૫ | ૪ | ૯ | ૮ | ૧ | ૭ |
| ૫ | ૧ | ૭ | ૮ | ૬ | ૩ | ૯ | ૪ | ૨ |
| ૪ | ૮ | ૯ | ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૫ |
| ૭ | ૫ | ૧ | ૩ | ૯ | ૬ | ૪ | ૨ | ૮ |
| ૨ | ૪ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૬ | ૯ |
| ૯ | ૩ | ૬ | ૨ | ૮ | ૪ | ૫ | ૭ | ૧ |

## માઈન્ડ ગેમ

૧ ગ્રામ સોનાનો ભાવ જો ૭૫૪૦ રૂપિયા હોય અને ૧ તોલો = ૧૨ ગ્રામ હોય તો બે તોલા સોનું ખરીદવા કેટલા પૈસા ચૂકવવા પડે?

અ) ૯૦,૪૮૦ બ) ૧,૬૬, ૭૦૦
ક) ૧,૮૦,૯૬૦ ડ) ૧,૮૮, ૭૫૦

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| મંજીરા નૃત્ય | ભાલ પ્રદેશ |
| ગોફ ગૂંથણ નૃત્ય | સૌરાષ્ટ્ર |
| ઢોલો રાણો નૃત્ય | ગોહિલવાડ |
| જાગ નૃત્ય | રાધનપુર |
| રુમાલ નૃત્ય | મહેસાણા |

ગુજરાત મોરી મોરી રે
વારસો

ઓળખાણ પડી?
પ્રફુલ દવે

માઈન્ડ ગેમ
દોઢિયું

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઘોડી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુરેખા દેસાઈ (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) નિખિલ બંગાળી (૮) અમીશી બંગાળી (૯) લજિતા ખોના (૧૦) મહેશ દોશી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૫) ભાવના કર્વે (૧૬) અશોક સંઘવી (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) અંજુ ટોલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) હર્ષા મહેતા (૨૬) ભારતી બુચ (૨૭) શિલ્પા શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) રજનીકાંત પટવા (૩૩) સુનીતા પટવા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) પ્રવીણ વોરા (૩૬) પુષ્પા ખોના (૩૭) નિતીન બજરિયા (૩૮) નૂતન વિપીન (૩૯) ખુશરૂ કાપડિયા (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતીમા પમાણી (૪૨) ધીરેન્દ્ર ઉદેશી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) તાહેર ઔરંગાબાદવાલા (૪૫) જગદીશ ઠક્કર (૪૬) મહેશ સંઘવી

# વાનખેડેની ટેસ્ટ માટેની ઑનલાઇન ટિકિટોનું વેચાણ ૧૮મી ઑક્ટોબરથી...જાણો સીઝન પાસના ભાવ

મુંબઈ: આગામી પહેલી નવેમ્બરથી વાનખેડે સ્ટેડિયમમાં ભારતની ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝની ત્રીજી અને છેલ્લી ટેસ્ટ શરૂ થશે અને એ માટેની ઑનલાઇન ટિકિટોનું વેચાણ શુક્રવાર, ૧૮મી ઑક્ટોબરે શરૂ થશે.

મંગળવારે મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ)ની ઍપેક્સ કાઉન્સિલની મીટિંગ બાદ ટિકિટના વેચાણની તારીખ જાહેર કરવામાં આવી હતી.

આ ટેસ્ટના ફ્રી પાસ બૃહદ મુંબઈ મહાનગર પાલિકાની સ્કૂલનાં બાળકોને તેમ જ હૅરિસ શીલ્ડ તથા જાઇલ્સ શીલ્ડ ટૂર્નામેન્ટોની સેમિ ફાઇનલિસ્ટોને આપવા જોઈએ એવી એમસીએના પ્રમુખ અજિંક્ય નાઇકની દરખાસ્તને ઍપેક્સ કાઉન્સિલે સર્વાનુમતે સંમતિ આપી હતી.

આ પહેલાં ભારત અને ન્યૂ ઝીલૅન્ડની ટીમ વચ્ચે વાનખેડેમાં ડિસેમ્બર, ૨૦૨૧માં મૅચ રમાઈ હતી.

સામાન્ય જનતા માટેના નોર્થ સ્ટૅન્ડ, સચિન તેન્ડુલકર સ્ટૅન્ડ તેમ જ વિજય મર્ચન્ટ સ્ટૅન્ડના સીઝન પાસનો ભાવ ૧,૫૦૦ રૂપિયા રહેશે. સુનીલ ગાવસકર સ્ટૅન્ડનો ભાવ ૩૨૫ રૂપિયા (ઈસ્ટ લોઅર) અને ૬૨૫ રૂપિયા (ઈસ્ટ અપર) રહેશે. ■

# આજથી પ્રથમ ટેસ્ટઃ ભારત ફેવરિટ, પણ મેઘરાજા મજા બગાડી શકે

**ભારતની ધરતી પર ન્યૂ ઝીલૅન્ડ ૩૬ વર્ષથી ટેસ્ટ નથી જીત્યું, સવારે ૯.૩૦ વાગ્યાથી આરંભ**


બેન્ગલૂરમાં ગઈ કાલે ફાસ્ટ બોલર હર્ષિત રાણાને છત્રીમાં લઈ જતો સિક્યૉરિટી ગાર્ડ. (પીટીઆઇ)

બેન્ગલૂરુ: અહીં એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં આજે ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ત્રણ મૅચવાળી સિરીઝની પ્રથમ ટેસ્ટ (સવારે ૯.૩૦ વાગ્યાથી) શરૂ થશે. ભારત આ મૅચ જીતવા ફેવરિટ છે, પણ બેન્ગલૂરુમાં ખૂબ વરસાદ હોવાથી મૅચ દરમ્યાન મેઘરાજા વારંવાર વિઘ્નો ઊભા કરશે એવો ભય છે.

બન્ને દેશ વચ્ચે કુલ ૬૨ ટેસ્ટ રમાઈ છે. એમાંથી બાવીસ ભારતે અને ૧૩ ન્યૂ ઝીલૅન્ડે જીતી છે. ૨૭ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી છે. ભારતની ધરતી પર ભારત-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ૩૬ ટેસ્ટ રમાઈ છે જેમાંથી ભારતે ૧૭ અને માત્ર બે ટેસ્ટ ન્યૂ ઝીલૅન્ડે જીતી છે. બાકીની ટેસ્ટ ડ્રૉમાં પરિણમી છે.

ભારતમાં કિવીઓ ૩૬ વર્ષથી ટેસ્ટ નથી જીત્યા. છેલ્લે તેઓ ૧૯૮૮માં ભારતમાં (વાનખેડેમાં) ટેસ્ટ જીત્યા હતા. ત્યારે દિલીપ વેન્ગસરકર ભારતના અને જૉન રાઇટ ન્યૂ ઝીલૅન્ડના કૅપ્ટન હતા. ભારતમાં રમાયેલી છેલ્લી ૧૦માંથી સાત ટેસ્ટ ભારતે જીતી છે અને ત્રણ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી છે.

**બન્ને દેશની ટીમઃ** ભારતઃ રોહિત શર્મા (કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ/સરફરાઝ ખાન, વિરાટ કોહલી, રિષભ પંત (વિકેટકીપર), કેએલ રાહુલ, આર. અશ્વિન, રવીન્દ્ર જાડેજા, આકાશ દીપ/કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ

ન્યૂ ઝીલૅન્ડઃ ટૉમ લૅથમ (કૅપ્ટન), ડેવૉન કૉન્વે, વિલ યંગ, રચિન રવીન્દ્ર, ડેરિલ મિચલ, ટૉમ બ્લન્ડેલ (વિકેટકીપર), ગ્લેન ફિલિપ્સ, મિચલ સૅન્ટનર/માઇકલ બ્રેસવેલ, ટિમ સાઉધી, ઍજાઝ પટેલ અને વિલ રુરકી. ■

# જેમાઇમા રૉડ્રિગ્સને કૅપ્ટન બનાવી દોઃ મિતાલી

**ભૂતપૂર્વ ભારતીય સુકાનીએ વર્લ્ડ કપમાંથી ભારતીય ટીમની વહેલી બાદબાકી માટે ત્રણ મુખ્ય કારણ આપ્યાં**




નવી દિલ્હીઃ હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતની મહિલા ટીમ યુએઇમાં જોત જોતાંમાં ટી-૨૦ વર્લ્ડ કપની બહાર થઈ ગઈ એટલે આ ટીમની કચાશ તેમ જ એને શેની જરૂર છે એના પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. ભારતીય ટીમ આઇસીસીની કોઈ ટૂર્નામેન્ટના નૉકઆઉટ રાઉન્ડમાં પણ ન પહોંચી શકી હોય એવું હરમનપ્રીતની કૅપ્ટન્સીમાં પહેલી વાર બન્યું છે અને એ સંદર્ભમાં એવી પણ ચર્ચા છે કે હરમનપ્રીતને કૅપ્ટનપદેથી દૂર કરવામાં આવશે કે શું? ભારતીય લેજન્ડ મિતાલી રાજે તો એ વિશે પૂછાતાં કહી જ દીધું છે કે 'કોઈ યુવાન ખેલાડીને કૅપ્ટન બનાવી દો.' આવું કહીને મિતાલી રાજે ૨૪ વર્ષની મુંબઈની જોશીલી ખેલાડી જેમાઇમા રૉડ્રિગ્સનું નામ હરમનના અનુગામી તરીકે આપ્યું હતું.

૩૫ વર્ષની હરમનપ્રીત કૌર વર્લ્ડ કપની પ્રથમ મૅચમાં (ન્યૂ ઝીલૅન્ડ સામે) સારું નહોતી રમી એ સાથે જ ભારતીય ટીમનું પતન થયું હતું. એમાં તેણે માત્ર ૧૫ રન બનાવ્યા હતા. ત્યાર પછીની ત્રણમાંથી બે મૅચમાં તેની હાફ સેન્ચુરી સહિતની ત્રણ અણનમ ઇનિંગ્સ (૨૯*, ૫૨* અને ૫૪*) હતી, પરંતુ ટીમને સેમિ ફાઇનલમાં પહોંચાડવા માટે એ પૂરતી નહોતી.

મિતાલી રાજે દુબઈથી પીટીઆઇને જણાવ્યું, 'આપણી ટીમ યુએઇમાં હવામાન સહિતની પરિસ્થિતિને જલદી અનુકૂળ નહોતી થઈ શકી. બીજું, બૅટિંગમાં કોનો શું રોલ હશે એવો સ્પષ્ટ અભિગમ પણ નહોતો અપનાવાયો. ત્રીજું, બેન્ચ સ્ટ્રેન્ગ્થનો વધુ ઉપયોગ જ ન કરાયો...તેમને વધુ તક ન અપાઈ.'

હરમનપ્રીત કૌર ૨૦૧૮ની સાલથી ભારતીય ટીમની કૅપ્ટન છે, પરંતુ તેના સુકાનમાં જોઈએ એવાં સારાં પરિણામો નથી જોવા મળ્યા એનું કારણ શું? સિલેક્ટરોએ તેના સ્થાને હવે કોઈ યુવાન પ્લેયરને કૅપ્ટન બનાવવી જોઈએ? એવું પૂછાતાં મિતાલી રાજે પીટીઆઇને જણાવ્યું, 'જો સિલેક્ટર્સ કૅપ્ટનપદે ફેરફાર કરવા માગતા જ હોય તો તેમણે કોઈ યુવાન ખેલાડીને નેતૃત્વ સોંપી દેવું જોઈએ. ફેરફાર કરવાનો આ જ યોગ્ય સમય છે. મોડું કરાશે તો પછી બીજો વર્લ્ડ કપ (સપ્ટેમ્બર, ૨૦૨૫નો વન-ડે વર્લ્ડ કપ) આવી જશે. અત્યારે જો કૅપ્ટન્સીમાં ફેરફાર ન કરવાના હો તો પછી પણ નહીં કરતા, કારણકે ત્યારે વિશ્વ કપ નજીક આવી ગયો હશે. સ્મૃતિ (મંધાના) ઘણા સમયથી વાઇસ-કૅપ્ટન છે, પરંતુ મને લાગે છે કે ૨૪ વર્ષની જેમાઇમાને સુકાન સોંપી દેવું જોઈએ. તે યુવાન છે, મેં જોયું છે કે મેદાન પર તે એકદમ ઊર્જામય હોય છે. તે રમતી વખતે દરેક સાથી પ્લેયર સાથે વાતચીત કરી લેતી હોય છે. હું તો આ ટૂર્નામેન્ટમાંના તેના અભિગમથી ખૂબ પ્રભાવિત થઈ છું.'

મિતાલી રાજે ભારતીય મહિલા ટીમ વિશેના ખાસ ઉલ્લેખમાં કહ્યું, 'છેલ્લાં બે-ત્રણ વર્ષમાં આ ટીમમાં મને કોઈ પ્રકારનો સુધારો જોવા જ નથી મળ્યો. રવિવારે ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયા સામે આપણી ટીમ જીતી શકે એમ હતી. મને લાગે છે કે આપણી ટીમ બેસ્ટ ટીમને હરાવવા વિશે ખાસ કોઈ તૈયારી નથી કરતી. અન્ય ટીમોને હરાવે એટલે એમાં જ ખુશ થઈ જતી હોય એવું મને લાગે છે. આપણે હંમેશાં ઓપનર શેફાલી પાસે મોટી ઇનિંગ્સની અપેક્ષા રાખતા હોઈએ છીએ. જોકે બન્ને ઓપનર સારું રમે તો મિડલ ઑર્ડરમાં બધું ઠપ થઈ જતું હોય છે. આપણે પાવર પ્લે તથા ડેથ ઓવર્સમાં સારું રમીએ છીએ, પણ મિડલ ઓવર્સમાં સારું રમવાના ઉપાય આપણને મળતા જ નથી.'

મિતાલી રાજના મતે વર્લ્ડ કપમાં ભારતની ફીલ્ડિંગ પણ સારી નહોતી. તેણે કહ્યું, 'અગિયાર પ્લેયરમાંથી માત્ર રાધા યાદવ અને જેમી (જેમાઇમા રૉડ્રિગ્સ) સારી ફીલ્ડિંગ કરે એ કેમ ચાલે. ફિટનેસની બાબતમાં પણ યોજનાબદ્ધ કાર્યક્રમ જરૂરી છે. માત્ર ટૂર્નામેન્ટની પહેલાં જ નહીં, પણ વર્ષ દરમ્યાન ફિટનેસ વિશે કૅમ્પ હોવા જોઈએ.' ■

# પાકિસ્તાનને નવા ઑલરાઉન્ડરે મુસીબતમાંથી ઉગાર્યું, જાણો કેવી રીતે...

મુલતાનઃ પાકિસ્તાને અહીં ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં એક દાવ અને ૪૭ રનથી કારમી હાર જોઈ ત્યાર બાદ મંગળવારે બ્રિટિશરો સામેની બીજી ટેસ્ટમાં પહેલા દિવસે રમતના અંત સુધીમાં ૯૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૫૯ રન બનાવ્યા હતા. પહેલી જ ટેસ્ટ રમી રહેલા ૨૯ વર્ષના ઑલરાઉન્ડર કામરાન ગુલામ (૧૧૮ રન, ૨૨૪ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર)ની સેન્ચુરીએ ટીમની આબરૂ સાચવી લીધી હતી.

ટૉસ જીત્યા બાદ ૧૯ રનમાં બે વિકેટ ગુમાવનાર શાન મસૂદની ટીમને ગુલામ તથા ઓપનર સઇમ અયુબ (૭૭ રન, ૧૬૦ બૉલ, સાત ફોર) વચ્ચેની ત્રીજી વિકેટ માટેની ૧૪૯ રનની પાર્ટનરશિપે મોટી મુસીબતમાંથી બચાવી લીધી હતી. ત્રીજી વિકેટ છેક ૧૬૮મા રને પડી હતી.

રમતના અંતે મોહમ્મદ રિઝવાન ૩૭ રને અને સલમાન આગા પાંચ રને રમી રહ્યો હતો.

ઇંગ્લૅન્ડના છ બોલરમાંથી સ્પિનર જૅક લીચે બે તેમ જ મૅથ્યૂ પૉટ્સ, બ્રાયડન કાર્સ અને બશીરે એક-એક વિકેટ લીધી હતી. ■

# વિરાટ કોહલી સ્પિનર્સની જાળમાંથી કેવી રીતે બહાર આવશે? ચાહકો ચિંતામાં છે

**૨૦૨૧ પછી ૨૮ ટેસ્ટમાં ૨૧ વખત સ્પિનરનો શિકાર થયો છે**

નવી દિલ્હીઃ વિરાટ કોહલી વર્તમાન ક્રિકેટના સર્વશ્રેષ્ઠ બૅટર તરીકે ઓળખાય છે અને ક્રિકેટના ઇતિહાસના બૅટિંગ-લેજન્ડ્સમાં પણ તેનું નામ અચૂક લેવાય છે. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૭,૦૦૦થી વધુ રન બનાવ્યા છે, પરંતુ હાલના દિવસોમાં ખાસ કરીને ટેસ્ટ-ક્રિકેટમાં તેનો પર્ફોર્મન્સ વખાણવા જેવો નથી રહ્યો. તે થોડા સમયથી સ્પિનર્સની જાળમાં એવો ફસાયો છે કે વહેલાસર એમાંથી બહાર આવી શકશે કે કેમ એ તેના ચાહકોમાં લાખ રૂપિયાનો સવાલ છે.

આધુનિક ટેસ્ટ-ક્રિકેટના 'ફૅબ ફોર'માં જો રૂટ, સ્ટીવ સ્મિથ, કેન વિલિયમસનની સાથે વિરાટ કોહલીનું નામ જોડાયેલું છે. જોકે બાકીના ત્રણ સ્ટાર બૅટરની સરખામણીમાં વિરાટનો પર્ફોર્મન્સ નબળો પડતો જાય છે.

ન્યૂ ઝીલૅન્ડ સામે બુધવારથી ઘરઆંગણે શરૂ થઈ રહેલી ત્રણ મૅચની ટેસ્ટ-શ્રેણી પહેલાં વિરાટના કેટલાક આંકડા પર નજર કરીએઃ વિરાટે અત્યાર સુધીમાં ૨૯ ટેસ્ટ સેન્ચુરી ફટકારી છે. તેણે કુલ ૮,૯૪૭ ટેસ્ટ-રન બનાવ્યા છે. જોકે છેલ્લાં ચાર વર્ષમાં વિરાટના બૅટમાંથી બહુ રન નથી બન્યા. સ્પિનર્સ એની પાછળ સૌથી મોટું કારણ છે. ૨૦૨૧ના વર્ષ પછી અત્યાર સુધીમાં તે ૨૮ ટેસ્ટ રમ્યો છે અને એ દરમ્યાન ૨૧ વખત તેને સ્પિનરે આઉટ કર્યો છે. ૨૪ વખત તે પેસ બોલરનો શિકાર થયો છે.

વિરાટ પાંચ વાર સ્પિનરની બોલિંગમાં ફીલ્ડરને કૅચ આપી બેઠો છે અને એક વખત વિકેટકીપરના હાથમાં કૅચઆઉટ થયો છે. એક વાર તે સ્ટમ્પ-આઉટ થયો છે અને પાંચ વખત સ્પિનરે વિરાટને ક્લીન બોલ્ડ કરવામાં સફળતા મેળવી છે. એ ઉપરાંત, નવ વખત વિરાટ એલબીડબ્લ્યૂ થયો છે.

દરમ્યાન, બેન્ગલૂરુમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટ માટે ટીમ ઇન્ડિયાની તૈયારી જોરશોરમાં થઈ રહી છે ત્યારે વિરાટને લગતા વધુ આંકડા પર નજર કરીએ તો ૨૦૨૧ની સાલ પછી વિરાટનો રાઇટ-હૅન્ડ સ્પિનરે અને નવ વખત લેફ્ટ-આર્મ સ્પિનરે ૧૨ વખત શિકાર કર્યો છે.



૨૦૨૧ની સાલ બાદ વિરાટને સ્પિનર્સમાં સૌથી વધુ વખત ઑસ્ટ્રેલિયાના રાઇટ-હૅન્ડ સ્પિનર ટૉટ મર્ફીએ અને ઇંગ્લૅન્ડના મોઇન અલીએ આઉટ કર્યો છે.

હવે વિરાટે ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં એજાઝ પટેલ, ઇશ સોઢી, મિચલ સૅન્ટનરથી ખાસ ચેતવું પડશે.

પાછલી આઠ ટેસ્ટ ઇનિંગ્સમાં વિરાટની માત્ર એક હાફ સેન્ચુરી છે. તે તાજેતરમાં બાંગ્લાદેશ સામેની શ્રેણીમાં પણ ધમાકેદાર બૅટિંગ નહોતો કરી શક્યો. એમાં તેના રન આ મુજબ હતાઃ ૬, ૧૭, ૪૭ અને ૨૯ અણનમ. ■

# ઇમ્પૅક્ટ પ્લેયરના નિયમ સામે હિટમૅન રોહિત શર્માની અડધી જીત થઈ કહેવાય?

**બીસીસીઆઇએ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાંથી આ રુલ કાઢી નાખ્યો**

મુંબઈઃ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ આગામી સૈયદ મુશ્તાક અલી ટી-૨૦ ટ્રોફી (એસએમએટી) માટે ઇમ્પૅક્ટ પ્લેયરના નિયમને રદ કરવાનો નિર્ણય લીધો છે. બે વર્ષ પહેલાં આ નિયમ આ ટૂર્નામેન્ટમાં જ દાખલ કરવામાં આવ્યો હતો અને પછીથી આઇપીએલમાં લાગુ કરાયો હતો. 'હિટમૅન' રોહિત શર્માએ તાજેતરમાં ઇમ્પૅક્ટ પ્લેયરના રુલ વિશે અણગમો વ્યક્ત કર્યો હતો. બીસીસીઆઇએ આઇપીએલની આગામી ત્રણ આઇપીએલમાં આ નિયમ લાગુ રહેશે એવી જાહેરાત પણ કરી છે. જોકે આ નિયમને બાજુ પર રાખવાની થોડી શરૂઆત તો થઈ જ કહેવાય.

ક્રિકેટ બોર્ડે તમામ સ્ટેટ ક્રિકેટ અસોસિયેશનોને સત્તાવાર યાદીમાં જણાવ્યું હતું કે 'બીસીસીઆઇએ આગામી સૈયદ મુશ્તાક અલી ટી-૨૦ ટ્રોફી માટે ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ રદ કરવાનું નક્કી કર્યું છે.'

મૅચ દરમ્યાન ઇલેવનમાંથી કોઈ એક ખેલાડીના સ્થાને સબસ્ટિટ્યૂટને (સ્પેશિયલ બૅટર કે બોલરને) રમવા દેવાની છૂટ આપતા ઇમ્પૅક્ટ પ્લેયરના નિયમ વિશે અણગમો વ્યક્ત કરતી વખતે રોહિતે જણાવ્યું હતું કે 'આ નિયમ લાગુ કરવાથી લોકોને નજીવું મનોરંજન પૂરું પાડી શકાય છે, પરંતુ મારા મતે એનાથી ક્રિકેટની રમતને નુકસાન થતું હોય છે. આ નિયમથી ઑલરાઉન્ડરના કન્સેપ્ટનો વિકાસ રુંધાઈ શકે. ક્રિકેટ મૅચ આખરે ૧૧ ખેલાડીઓથી જ રમાવી જોઈએ, ૧૨ ખેલાડીઓથી નહીં.'



આઇપીએલના ઇતિહાસમાં ૧૦માંથી નવ હાઇએસ્ટ ટોટલ આ નિયમ લાગુ થયા પછી નોંધાયા છે. ૨૦૨૪ની આઇપીએલમાં આ નિયમને કારણે ૨૫૦-પ્લસ ટીમ-ટોટલની ભરમાર જોવા મળી હતી. આ નિયમ ભારતીય ક્રિકેટને લાભકર્તા છે કે નહીં એ વિષયમાં ઘણી ચર્ચા થઈ ચૂકી છે. રોહિત શર્મા આ નિયમથી નારાજ છે, પરંતુ મોટા ભાગના ફ્રૅન્ચાઇઝી આ નિયમની તરફેણમાં છે.

જોકે સૌરાષ્ટ્રના હેડ-કોચ નીરજ ઓડેદરાએ બીસીસીઆઇના નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે 'આ બહુ સારો ફેરફાર કરાયો છે. આઇસીસીની પોતાની મોટી ટૂર્નામેન્ટોમાં આ નિયમ છે જ નહીં. એ જોતાં ડોમેસ્ટિક સીઝનમાંથી સફળ થઈને ભારત વતી રમવા માગતા ખેલાડીઓ માટે આ નિર્ણય સારો કહેવાય.'

બીસીસીઆઇના સેક્રેટરી જય શાહે મે મહિનામાં જણાવ્યું હતું કે 'આઇપીએલમાં ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ પ્રાયોગિક ધોરણે છે. આ નિયમ કાયમી નથી અને હું એમ પણ નથી કહેતો આ નિયમને કાઢી નાખવામાં આવશે.' ■

# ઘાટકોપર જૉલી જિમખાનામાં પિચની પૂજા સાથે નવી સીઝનના આરંભની જાહેરાત



મુંબઈઃ દશેરાના પાવન અવસરે ઘાટકોપર જૉલી જિમખાનાની મૅનેજમેન્ટ કમિટીના સભ્યોએ ક્રિકેટ સબ કમિટી સાથે મળીને ક્રિકેટ-પિચની પૂજા કરી હતી અને મેમ્બર્સ માટે ક્રિકેટની નવી સીઝન શરૂ કરવાની જાહેરાત કરી હતી. દર વર્ષે ઘાટકોપર જૉલી જીમખાના મેદાન મેના અંતથી દશેરા સુધી જાળવણી તથા સમારકામ માટે બંધ હોય છે. ગ્રાઉન્ડ્સમેન દ્વારા મેદાનને સમથળ કરવા અને નવી સીઝન માટે રમવાલાયક સારી પિચ તૈયાર કરવા માટે સારી કાળજી લેવામાં આવે છે. સભ્યો મંગળવારથી શુક્રવાર સુધી પ્રેક્ટિસ શરૂ કરી શકે છે અને શનિવાર તથા રવિવારે મૅચ રમી શકે છે. ક્રિકેટની સબ કમિટી ટી-૨૦ મૅચો, જૉલી પ્રીમિયર લીગ, એમસીએ ક્રિકેટ, ટેનિસ બૉલ ક્રિકેટ, ઈન્ટર જિમખાના, ઈન્ટર સ્કૂલ સહિત વિવિધ ક્રિકેટ ટુર્નામેન્ટ તેમ જ ઈવેન્ટ્સથી ભરેલી રોમાંચક ક્રિકેટ-સીઝનની રાહ જોઈ રહી છે. ક્રિકેટ સબ-કમિટીના ચૅરમેન શ્રી રજનીકાંત શાહ, મૅનેજિંગ ટ્રસ્ટી મનોજ અજમેરા, સેક્રેટરી મુકેશ બદાણી અને પરેશ શાહ, સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર પરાગ ગાંધી, ક્રિકેટ ઈન્ચાર્જ નિશિથ ગોળવાલાના આભારી છે, જેમણે સતત ક્રિકેટને તેના સભ્યો માટે ટેકો આપ્યો છે અને પ્રોત્સાહન આપ્યું છે. ઘાટકોપર જૉલી જિમખાના ટ્રસ્ટ બોર્ડ-અને મૅનેજિંગ કમિટીના વિઝન તથા સપોર્ટથી જિમખાનાને વિવિધ ક્રિકેટ ટુર્નામેન્ટ અને ઇવેન્ટ્સમાં મુંબઈ શહેરમાં ખૂબ પ્રશંસા મળી રહી છે. ■

# ચેસ ખેલાડીએ ટૉઈલેટમાં મોબાઇલ સંતાડ્યો એટલે તેનું આવી બન્યું!

**રોમાનિયાનો પ્લેયર નાદુરસ્ત તબિયતનું કારણ આપીને વારંવાર ટૉઈલેટ જતો હતો**

મૅડ્રિડઃ યુક્રેનમાં જન્મેલા અને રોમાનિયા વતી રમતા બાવીસ વર્ષના ચેસ ખેલાડી કિરિલ શેવચેન્કોની વિશ્વ ચેસમાં ૬૯મી રૅન્ક છે, પરંતુ ચેસ જગતમાં હાલમાં મજબૂત મનોબળ અને અપ્રતિમ સમજદારી ધરાવતા સૌથી યુવાન ગ્રૅન્ડ માસ્ટર્સમાં તેનું નામ અચૂક લેવાય છે. જોકે સોમવારે તેણે જે કર્યું એનાથી તેની કારકિર્દીને કલંક લાગી ગયો છે.

ચેસ જગતમાં શેવચેન્કોના કથિત ચીટિંગ કાંડથી ખળભળાટ મચી ગયો છે. આ બનાવને પગલે તેને સ્પૅનિશ ટીમ ચૅમ્પિયનશિપ્સમાંથી કાઢી મૂકવામાં આવ્યો છે.

કહેવાય છે કે શેવચેન્કોએ ટૂર્નામેન્ટમાં પોતાની કેટલીક ગેમ દરમ્યાન તેણે પોતાનો મોબાઇલ ટૉઇલેટમાં સંતાડ્યો હતો અને ટૉઇલેટમાં જઈને એનો ઉપયોગ પણ કર્યો હતો.

ફિડે એથિક્સ કમિશન દ્વારા આ બનાવમાં તપાસ થઈ રહી છે અને જો તેનો કસૂર સાબિત થશે તો ચેસ જગતના ઊંચી રૅન્કવાળા ખેલાડી દ્વારા આવા પ્રકારની ચીટિંગની આ પહેલી અનોખી અને વિચિત્ર ઘટના કહેવાશે.



શેવચેન્કો સતતપણે ટૉપ-૧૦૦ તથા ટૉપ-૫૦ રૅન્કમાં રહ્યો છે. તે ૧૪ વર્ષની ઉંમરે ગ્રૅન્ડમાસ્ટર બન્યો હતો. તે રોમાનિયા વતી રમે છે. સ્પૅનિશ ટૂર્નામેન્ટમાં ફ્રાન્સિસ્કો વૅલેયો નામના તેના હરીફ ખેલાડીએ ફરિયાદ કરી કે શેવચેન્કો ગેમ દરમ્યાન ઘણી વાર સુધી પાછો રમવા નહોતો આવ્યો.

વૅલેયોની આ ફરિયાદને આધારે પ્રાથમિક તપાસ થઈ હતી જેમાં તેણે આર્બિટ્રિટરને એવું કહ્યું હોવાનું મનાય છે કે 'મારી તબિયત સારી ન હોવાથી મારે વારંવાર ટૉઇલેટ જવું પડ્યું.'

જોકે અન્ય કેટલાક ખેલાડીઓ તથા આયોજન સમિતિના મેમ્બર્સે પણ જોયું કે તે વારંવાર ટૉઇલેટ જતો હતો. પ્રારંભિક તપાસમાં ટૉઇલેટમાંથી શેવચેન્કોનો ફોન મળી આવ્યો હતો જે જપ્ત કરવામાં આવ્યો હતો.

એક અહેવાલ અનુસાર શેવચેન્કો વારંવાર ઇન્ડિવિજ્યૂઅલ ટૉઇલેટ ક્યૂબિકલમાં ગયો હતો અને ત્યાંથી તેનો મોબાઇલ મળી આવ્યો હતો. એટલું જ નહીં, મોબાઇલની સાથે હાથે લખેલી એક ચિટ્ઠી પણ મળી હતી જેમાં લખવામાં આવ્યું હતું, 'આ મોબાઈલને અડશો નહીં. આ અહીં છોડવામાં આવ્યો છે કે જેથી કરીને એનો માલિક રાત્રે કૉલ્સના જવાબ આપી શકે.'

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ચિટ્ઠીમાં વપરાયેલી પેન અને શેવચેન્કોએ ગેમ દરમ્યાન સ્કોરશિટ્સમાં જે પેન વાપરી હતી એની સહી એકસરખી છે.

શેવચેન્કોની પહેલી બે ગેમનાં પરિણામો (ડ્રૉ અને જીત) હતા જે બદલીને (ગેમ જતી કરાઈ અને પરાજિત) તરીકે બદલવામાં આવ્યા છે.


શેવચેન્કોએ તમામ આક્ષેપો નકારી કાઢ્યા છે. ■

# બાંગ્લાદેશના કોચપદેથી હથુરાસિંઘેની હકાલપટ્ટી

**શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટરે બાંગ્લાદેશી ખેલાડીને તમાચો માર્યો અને ખૂબ રજાઓ પણ લીધી, સિમોન્સની નિયુક્તિ કરાઈ**

ઢાકાઃ બાંગ્લાદેશની ટીમે પાકિસ્તાની ટેસ્ટ ટીમને એની જ ધરતી પર ૨-૦થી હરાવીને પાકિસ્તાનની નાલેશી કરી, પણ પછી ભારતમાં બાંગ્લાદેશની ટીમ ૦-૨થી હારી જતાં નજમુલ શૉન્ટો અને તેની ટીમની નામોશી થઈ ત્યાર પછી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે મહત્ત્વનો નિર્ણય લીધો છે. શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટર ચંદિકા હથુરાસિંઘેને બે ગંભીર કારણસર હેડ-કોચ તરીકેના હોદ્દા પરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને પછી તાત્કાલિક રીતે લાગુ પડે એ રીતે એ પદ પરથી તેમની હકાલપટ્ટી કરવામાં આવી છે અને વેસ્ટ ઇન્ડિઝના ભૂતપૂર્વ ખેલાડી ફિલ સિમોન્સની તેના સ્થાને નિયુક્તિ કરાઈ છે.

એક જાણીતી ક્રિકેટ વેબસાઇટના અહેવાલ અનુસાર ૫૬ વર્ષીય હથુરાસિંઘે પર એવો આક્ષેપ છે કે ગયા વર્ષે ભારતમાં યોજાયેલા વન-ડેના વર્લ્ડ કપ દરમ્યાન તેમણે બાંગ્લાદેશના એક ખેલાડીને તમાચો માર્યો હતો. બીજું, હથુરાસિંઘેએ કૉન્ટ્રેક્ટમાં જણાવાયા કરતાં ઘણી વધુ રજાઓ લીધી હતી.



બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે હથુરાસિંઘેને ૪૮ કલાક માટે સસ્પેન્ડ કર્યા છે. ત્યાર પછી તેમનો કૉન્ટ્રેક્ટ તાબડતોબ રદ કરી નાખવામાં આવશે.

ક્રિકેટ બોર્ડ આખી ઘટનાની તપાસ કરી રહ્યું છે.

૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં અને આ વર્ષના જૂનમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશની ટીમનો રકાસ થયો હતો.

હથુરાસિંઘેની નિયુક્તિ ૨૦૨૫ની ચૅમ્પિયન્સ ટ્રોફી સુધી હતી, પણ તેમની હકાલપટ્ટી બાદ હવે સિમોન્સને તેમના સ્થાને એ ટૂર્નામેન્ટ સુધી નીમવામાં આવ્યા છે. ■

# રિલાયન્સનાં નબળા પરિણામ અને ઈન્ફલેશનના ઉછાળાએ સેન્સેક્સને નેગેટિવ ઝોનમાં ધકેલ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: રિલાયન્સના નબળા પરિણામ સાથે ઇન્ફ્લેશનના નકારાત્મક ડેટાને કારણે નિરસ માહોલ વચ્ચે શેરબજાર મંગળવારના સત્રમાં પોઝિટીવ ઝોનમાં આગળ વધવામાં નિષ્ફળ રહ્યું હતું. સપ્ટેમ્બરમાં રિટેલ ઇન્ફલેશન નવ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યું હતું, જ્યારે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીએ ચોખ્ખા નફામાં પાંચ ટકાનો ઘટાડો જાહેર કર્યો છે.

પ્રારંભિક સુધારો ગુમાવીને સત્રને અંતે સેન્સેક્સ ૧૫૨.૯૩ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા ઘટીને ૮૧,૮૨૦.૧૨ પોઇન્ટના સ્તરે સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૩૩૭.૪૮ પોઈન્ટ અથવા ૦.૪૧ ટકા ઘટીને ૮૧,૬૩૫.૫૭ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૭૦.૬૦ પોઈન્ટ અથવા ૦.૨૮ ટકા ઘટીને ૨૫,૦૫૭.૩૫ પોઇન્ટ પર સેટલ થયો હતો.

બજાજ ફાઇનાન્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટાટા સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, ટેક મહિન્દ્રા, ટાટા મોટર્સ, કોટક મહિન્દ્રા બેંક અને મારુતિ ટોપ લુઝર રહ્યાં હતાં. જ્યારે આઇસીઆઇસીઆઇ બેન્ક, ભારતી એરટેલ, એશિયન પેઈન્ટ્સ, અદાણી પોર્ટ્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને એચસીએલ ટેક્નોલોજીસના શેરમાં વધારો થયો હતો.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે સોમવારે સપ્ટેમ્બર ક્વાર્ટરના ચોખ્ખા નફામાં પાંચ ટકાનો ઘટાડો નોંધાવ્યો હોવાથી તેનો શેર ગબડ્યો હતો. એચસીએલ ટેક્નોલોજીસે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૦.૫૧ ટકાનો વધારો નોંધાવ્યો હોવાથી તેના શેરમાં સુધારો હતો. ફાર્મા ક્ષેત્રની હિમાલયા વેલનેસ કંપની, સ્માર્ટ અને સેફ સેલિબ્રેશન માટે આદિત્ય રોય કપૂરને લઇને નવી મુંબઇ અને થાણામાં પાર્ટીસ્માર્ટ કેમ્પેઇન શરૂ કરી રહી છે. સ્પાઇસ જેટે એરકાસલ, વિંગટન ટ્રસ્ટ સાથેનો ૨૩.૩૯ મિલિયન ડોલરનો વિવાદ ઉકેલી નાંખ્યો છે.

બ્રેન્ટ ક્રૂડ ઓઇલમાં તીવ્ર ઘટાડો ભારત માટે મેક્રો પોઝિટિવ છે, પરંતુ સપ્ટેમ્બરમાં સીપીઆઈ ફુગાવો ૫.૪૯ ટકાની અપેક્ષા કરતાં વધુ ખરાબ આવે તે ચિંતાનો વિષય છે, એમ જણાવતાં જિયોજિત ફાઇનાન્સિયલ સર્વિસિસના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ, વી કે વિજયકુમારે કહ્યું હતું કે, એમપીસીને આને ગંભીરતાથી લેવાની અને વ્યાજદરમાં કાપને ૨૦૨૫ સુધી મુલતવી રાખવાની ફરજ પડશે. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર શાકભાજીના ભાવમાં વધારો થવાને કારણે સપ્ટેમ્બરમાં છૂટક ફુગાવાનો દર ૫.૪૯ ટકાની નવ મહિનાની ટોચે પહોંચી ગયો હતો.

વિશ્વબજારમાં એશિયન બજારોમાં, સિઓલ અને ટોક્યો સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા જ્યારે શાંઘાઈ અને હોંગકોંગ નીચા સ્તરે બંધ થયા હતા. યુરોપિયન બજારોમાં મિશ્ર કામકાજ જોવા મળ્યું હતું. સોમવારે યુએસ બજારો ઊંચામથાળે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૪.૭૧ ટકા ઘટીને ૭૩.૮૧ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૩,૭૩૧.૫૯ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી, એમ એક્સચેન્જ ડેટા અનુસાર. જોકે, ડોમેસ્ટિક ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર્સ (ડીઆઇઆઇ)એ રૂ. ૨,૨૭૮.૦૯ કરોડની ઇક્વિટી ખરીદી હતી. બેન્ચમાર્ક સેન્સેક્સ સોમવારે ૫૯૧.૬૯ પોઈન્ટ અથવા ૦.૭૩ ટકા ઉછળીને ૮૧,૯૭૩.૦૫ પર સેટલ થયો હતો. નિફ્ટી ૧૬૩.૭૦ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા વધીને ૨૫,૧૨૭.૯૫ પર પહોંચ્યો હતો.

દરમિયાન, ઇતિહાના સોથી મોટા એવા હ્યુન્ડાઇનું ભરણું સાંજે ચાર સુધીમાં ૧૭ ટકા ટકા ભરાયું હતું અને બે કલાકમાં પાંચ લાખથી વધુ અરજી મળી હતી. જોકે ભરણું ખૂલતા પહેલા તેના ગ્રે માર્કેટ પ્રીમિયમમાં ૮૯ ટકા સુધીનો કડાકો નોંધાયો હતો. એક તબક્કે તેનું જીએમપી બે ટકાના ડિસ્કાઇન્ટ સુધી નીચે જઇ પાછું ફર્યું છે, આ શેર ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થશે એવી બજારમાં ચર્ચા હતી. એચસીએલ ટેક્નોલોજી દ્વારા ત્રિમાસિક પરિણામમાં આવક વૃદ્ધિની આગાહીને પગલે આઇટી કંપનીના શેરમાં નીકળેલી લેવાલીને કારણે મંગળવારે સત્રની શરૂઆત પોઝિટિવ ટોન સાથે થઈ હતી અને સેન્સેક્સ અને નિફ્ટીમાં સુધારો જોવા મળ્યો હતો.

આ ઉપરાંત ક્રૂડ ઓઇલના વૈશ્વિક ભાવમાં ઘટાડાને કારણે ઓઇલ રિફાઇનિંગ અને પેઇન્ટ કંપનીના સ્ટોકને ટેકો મળ્યો હતો. જોકે સામે રિલાયન્સ ઇન્ડસ્ટ્રી જેવી ઇન્ડેક્સ હેવીવેઇટ કંપનીનો શેર ગબડ્યો હોવાને કારણે બજારના સેન્ટિમેન્ટને નકારાત્મક અસર થઈ હતી.

નોંધવું રહ્યું કે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરના ચોખ્ખા નફામાં પાંચ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીનો એકીકૃત ચોખ્ખો નફો જુલાઇ-સપ્ટેમ્બરમાં ઘટીને રૂ. ૧૬,૫૬૩ કરોડ અથવા રૂ. ૨૪.૪૮ પ્રતિ શેર થયો હતો, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં અનુક્રમે રૂ. ૧૭,૩૯૪ કરોડ અથવા શેરદીઠ રૂ. ૨૫.૭૧ના સ્તરે હતો.

બજારના સાધનો જણાવે છે કે, નિફ્ટીએ ૨૫,૦૦૦ પોઇન્ટના સ્તરની ઉપર ટકી રહેવા સાથે બજારને ધીમે ધીમે તેજી તરફ આગળ વધવામાં મદદ કરી છે. શેરબજારના નિષ્ણાતો માને છે કે કોર્પોરેટ પરિણામો અને અન્ય પરિબળોને કારણે શેરલક્ષી કામકાજ જોવા મળે છે. એકંદરે બજારમાં સુધારો અને આગેકૂચ ચાલુ રહેવાની ધારણા છે.

હ્યુન્ડાઇનું વેલ્યુએશન તેની પેરેન્ટ કંપની અને અન્ય ઓટો કંપનીઓ કરતા ઊંચું હોવા સાથે અમુક અમુક કાનૂની બાબતો તથા ક્ષમતા વપરાશ સહિતના કારણોસર તેનું જીએમપી ઈશ્યૂના દિવસે બે ટકાથી નીચે ઉતરી ગયું હતું અને બે ટકા ડિસ્કાઉન્ટ બોલાયું હતું. જોકે, આ લખાઇ રહ્યું છે ત્યારે તેના જીએમપીમાં સુધારો જોવા મળી રહ્યો છે.

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈ) દ્વારા ઓકટોબર ૨૦૨૪ મહિનાના પ્રથમ ૧૨ દિવસમાં જ રૂ. ૫૮,૭૧૧ કરોડના શેરોની જંગી વેચવાલી કરવામાં આવી છે. બજારની મુવમેન્ટને કોર્પોરેટ પરિણામ અસર કરશે અને આ પરિણામ નબળા આવવાની ચર્ચા છે. હ્યુન્ડાઈના આઇપીઓ પર પણ બજારની નજર રહેશે. આ ઉપરાંત યુએસ રીટેલ સેલ્સ ડેટા, ઇસીબીનો વ્યાજ દરનો નિર્ણય, ચાઇના જીડીપી ડેટાની પણ બજાર પર અસર જોવા મળશે. આ અઠવાડિયે મુખ્ય ફોકસ સપ્ટેમ્બર ૨૦૨૪ ક્વાર્ટરની કમાણીની મોસમ પર રહેશે. બજારની નજર રિલાયન્સ બાદ વિપ્રો તથા ઈન્ફોસિસના પરિણામો અને આખા વર્ષની આવક વૃદ્ધિ માર્ગદર્શન પર મેનેજમેન્ટ કોમેન્ટ્રી પર રહેશે. વિપ્રોમાં તો બોનસ શેરની જાહેરાતની રાહ જોવાઇ રહી છે.

ત્રિમાસિક કમાણીના સ્કોરકાર્ડ જાહેર કરનારી અન્ય નિફ્ટી કંપનીઓમાં એચડીએફસી બેંક, કોટક મહિન્દ્રા બેંક, એચસીએલ ટેક્નોલોજીસ, એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ કંપની, બજાજ ઓટો, એક્સિસ બેંક, એલટીઆઇમાઇન્ડટ્રી, ટેક મહિન્દ્રા, નેસ્લે ઈન્ડિયા, વિપ્રો અને ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. આ કંપનીઓ ઇન્ડેક્સમાં ૩૮ ટકાથી વધુ વેઇટેજ ધરાવે છે.

એચડીએફસી એસેટ મેનેજમેન્ટ કંપની, જિયો ફાઇનાન્સિયલ સર્વિસિસ, એલ એન્ડ ટી ફાઇનાન્સ, એન્જલ વન, સ્ટર્લિંગ એન્ડ વિલ્સન રિન્યુએબલ એનર્જી, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, પીવીઆર ઈંગઘડ, આદિત્ય બિરલા મની, એલ એન્ડ ટી ટેક્નોલોજી સર્વિસ, એમફેસિસ, સીએટ, સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, હેવેલ્સ ઇન્ડિયા, ઇન્ડિયન ઓવરસીઝ બેંક, જિંદાલ સ્ટેનલેસ, પોલીકેબ ઈન્ડિયા, ટાટા કેમિકલ્સ, ટાટા કોમ્યુનિકેશન્સ, આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની, જિંદાલ સો, એલએન્ડટી ફાઈનાન્સ, ઓબેરોય રિયલ્ટી, ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝ, એમસીએક્સ ઈન્ડિયા અને આરબીએલ બેંક પણ પરિણામ જાહેર કરશે. જ્યારે મેટલ ૧.૫૬ ટકા, ઓટો૦.૬૭ ટકા,એનર્જી ૦.૩૯ ટકા, કોમોડિટીઝ ૦.૨૩ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૨૨ ટકા,ઓઈલ એન્ડ ગેસ ૦.૦૩ ટકા અને પાવર ૦.૦૧ ટકા ઘટ્યા હતા. કંઝ્યુમર ડિસ્ક્રેસનરી સ્થિર રહ્યો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૯૦ ટકા,ભારતી એરટેલ ૧.૨૬ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૦૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૮૩ ટકા,એચસીએલ ટેકનોલોજી ૦.૭૬ ટકા,અદાણી પોર્ટ્સ ૦.૭૧ ટકા, એનટીપીસી ૦.૪૬ ટકા, આઈટીસી ૦.૩૪ ટકા અને ટાઈટન ૦.૨૪ ટકા વધ્યા હતા, જ્યારે બજાજ ફાઈનાન્સ ૨.૭૩ ટકા, રિલાયન્સ ૨.૦૯ ટકા, તાતા સ્ટીલ ૧.૬૭ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૧.૧૯ ટકા,તાતા મોટર્સ ૧.૧૪ ટકા, ટેક મહિન્દ્ર ૧.૦૦ ટકા,ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૭૭ ટકા, કોટક બેન્ક ૦.૭૩ ટકા, મારુતિ ૦.૭૩ ટકા,નેસ્લે ૦.૬૦ અને એક્સિસ બેન્ક ૦.૫૧ ટકા ઘટ્યા હતા.

# ડૉલર સામે રૂપિયામાં સાધારણ એક પૈસાનો સુધારો

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો તેમ જ ક્રૂડતેલના ભાવમાં પીછેહઠ જોવા મળતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલના બંધ સામે સાધારણ એક પૈસાના સુધારા સાથે ૮૪.૦૪ના મથાળે બંધ રહ્યો હતો. ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૦૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૪.૦૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૦૭ અને ઉપરમાં ૮૪.૦૩ની સાંકડી રેન્જમાં અથડાઈને અંતે સાધારણ એક પૈસો વધીને ૮૪.૦૪ના મથાળે બંધ રહ્યો હતો. ફુગાવામાં થયેલા વધારો અને ડૉલર ઈન્ડેક્સમાં મક્કમ વલણ પ્રવર્તી રહ્યું હોવાથી ડૉલર સામે રૂપિયો ઐતિહાસિક નીચી સપાટી આસપાસ પ્રવર્તી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# એપીએમસી સેસમાં ઘટાડાનો નિર્ણય લોલીપોપ ઠરતા, વેપારીઆલમમાં નારાજગી

નવી મુંબઈ: મહારાષ્ટ્ર રાજ્ય સરકાર તરફથી વેપારીઓને એપીએમસી સેસ જે પહેલા જે એક ટકો લેવાતો હતો તેમાં ઘટાડો કરી દર ૧૦૦ રૂપિયા ઉપર ૦.૨૫ પૈસા થી ૦.૫૦ પૈસા કરવામાં આવ્યો હોવાની જાહેરાત બાદ આ લોલીપોપ પાછી ખેંચી લેવામાં આવી છે. આજથી સેસમાં ઘટાડાનો અમલ થાય તે પૂર્વે જ મહારાષ્ટ્ર રાજ્ય સરકાર તરફથી નવી અધિસુચના બહાર પાડવામાં આવી હતી અને સેસ રાબેતા મુજબ જ લેવામાં આવશે અને અગાઉ કરવામાં આવેલો ઘટાડો રદ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. આમ સરકાર તરફથી વેપારીઓને આપેલ આશ્વાસન લોલીપોપ સાબિત થયું હોવાનું ગ્રેઈન, રાઈસ એન્ડ ઓઇલસીડ્સ એસોસિએશન (ગ્રોમા)ના પ્રમુખ ભીમજીભાઈ ભાનુશાલીએ એક યાદીમાં જણાવ્યું હતું.

# ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૭૧નો અને ચાંદીમાં ₹ ૨૨૬નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને રોકાણકારો ફેડરલ રિઝર્વનાં ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતની માત્રા અંગેની અવઢવ વચ્ચે રોકાણકારોએ સોના અને ચાંદીમાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અપનાવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં પણ વિશ્વ બજાર પાછળ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૧નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૨૬નો ઘટાડો આવ્યો હતો અને ભાવે રૂ. ૯૦,૦૦૦ની સપાટી ગુમાવી હતી. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ તથા ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની પણ માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૨૬ ઘટીને રૂ. ૮૯,૮૦૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલી ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો, સ્થાનિક ડીલરો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ ૭૧ ઘટીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૫,૬૨૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬,૦૦૦ની અંદર ઉતરીને રૂ. ૭૫,૯૩૦ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૨૬૫૨.૭૨ ડૉલરના મથાળે ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ૨૬૬૯.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧.૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તાજેતરમાં વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ બે મહિનાની ઊંચી સપાટી આસપાસ અને અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ પણ વધી રહી હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા છે. તેમ છતાં ભાવ ઔંસદીઠ ૨૬૮૫.૪૨ ડૉલરની સપાટીથી બહુ દૂર ન હોવાનું આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે ફેડરલ રિઝર્વ દ્વારા આગામી નવેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકીને હળવી નાણાનીતિ અપનાવવામાં આવે તેવી શક્યતા, હાલના મધ્યપૂર્વના દેશોમાં તણાવ તથા અમેરિકાની ચૂંટણીને ધ્યાનમાં લેતા સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેતાં આ વર્ષના અંત સુધીમાં વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૨૮૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન**

**એન્જિનિયરિંગ કામ**

ઇ-ટેન્ડર સૂચના 25 વર્ષ 2024-25 તારીખ **10/10/2024** ઇ-ટેન્ડર નંબર : DRM-RJT-2024-25-E-57 **કાર્યનું નામ :** રાજકોટ વિભાગ: (1) રાજકોટ વિભાગના કર્મચારીઓ માટે વિરમગામ ખાતે નવા ટાઈપ-II ક્વાર્ટરનું બાંધકામ (10 નંગ) (2) સુરેન્દ્રનગર - નવા કોમ્યુનિટી હોલનું બાંધકામ. **અંદાજિત કિંમત :** ₹3,76,73,547.79 **અર્નેસ્ટ મની :** ₹3,38,400.00 **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** 04/11/2024 ના 15:00 કલાકે. ઇ-ટેન્ડર નંબર : DRM-RJT-2024-25-E-24R **કાર્યનું નામ :** રાજકોટ વિભાગ - ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લ્યુબ્રિકેટર પૂરો પાડવો **અંદાજિત કિંમત :** ₹7,44,73,266.00 **અર્નેસ્ટ મની :** ₹5,22,400. 00 **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** 04/11/2024 સાંજે 15:00 વાગ્યે **ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (Engg.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001 વેબસાઇટ : www.ireps.gov.in 106

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - રતલામ ડીવીજન**

**ઈ-ટેન્ડર નોટીસ**

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રીબુશન, પશ્ચિમ રેલવે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી, નીચેના કામ માટે ઈ-ટેન્ડરો મંગાવે છે. **ટેન્ડર નં.: EL/TRD/ ૫૮/૨૦૨૪-૨૫/૦૨ RT-૧, તા. ૧૦.૧૦.૨૦૨૪ મંગાવે છે. કામનું નામ:** ૨ વર્ષની મુદત માટે રતલામ ડિવિઝનમાં GDA-BPL અને IDU સેક્શનનું PSI જાળવણીનું આઉટસોર્સિંગ. **કામની અંદાજિત કિંમત:** રૂ. ૫,૦૮,૨૧,૨૬૫/-. **બારડી/બીડ સુરક્ષા:** રૂ. ૪,૦૪,૧૦૦/-. **પૂર્ણતાનો સમયગાળો:** ૨૪ મહિના. **ટેન્ડર દસ્તાવેજની કિંમત:** Nil. **બંધ થવાની તારીખ અને સમય:** ૦૪.૧૧.૨૦૨૪ ૧૫.૦૦ કલાકે. **ઓફરની માન્યતા:** ખોલવાની તારીખથી ૬૦ દિવસ. **વેબસાઈટ વિગતો:** **www.ireps.gov.in** નોટીસ બોર્ડ સ્થળ: Sr. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેકશન ડિસ્ટ્રીબુશન), પશ્ચિમ રેલવે, રતલામ - ૪૫૭૦૦૧ની ઓફિસમાં.

**Sr. DEE/TRD/RTM**
રતલામ,
પશ્ચિમ રેલવે

AK/13/1/263

અમને લાઈક કરો: facebook.com/WesternRly

દેશ–વિદેશ

# ઝારખંડમાં જલ જીવન મિશન સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ઇડીના દરોડા

રાંચી: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સોમવારે ઝારખંડમાં જલ જીવન મિશન યોજનાના અમલીકરણમાં કથિત ગેરરીતિઓ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ તપાસના સંદર્ભમાં દરોડા પાડ્યા હતા. આ જાણકારી સત્તાવાર સૂત્રોએ આપી હતી.

રાંચીમાં ૨૦થી વધુ સ્થળોને તપાસ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આઇએએસ અધિકારી મનીષ રંજન, પીવાના પાણી અને સ્વચ્છતા પ્રધાન મિથિલેશ કુમાર ઠાકુરના અંગત કર્મચારી, કેટલાક સરકારી અધિકારીઓ, કોન્ટ્રાક્ટરો અને બિઝનેસમેન સાથે જોડાયેલાં સ્થળોની ફેડરલ એજન્સી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

મની લોન્ડરિંગ કેસ જલ જીવન મિશનમાં કથિત ગેરરીતિઓની તપાસ સાથે સંબંધિત છે. કેન્દ્ર સરકારના જલ જીવન મિશન(જેજેએમ)નો ઉદ્દેશ્ય ઘરના નળ કનેક્શનના માધ્યમથી સુરક્ષિત અને પર્યાપ્ત પીવાનું પાણી પૂરું પાડવાનો છે. રાજ્યમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થવાની સંભાવના છે.

# લોથલમાં પર્યટન વિકસશે: મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું હતું કે ગુજરાતના લોથલમાં નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષને લીધે પર્યટનને વેગ મળશે. મોદીએ કહ્યું હતું કે અહીં વિશ્વની સૌથી જૂની ગોદી છે અને અહીં નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષ બાંધવાથી લોકોનીી સંસ્કૃતિના ઈતિહાસ અંગેની સમજણ સુધરશે,

આને ઉલ્લેખનીય હિલચાલ તરીકે બિરદાવતાં મોદીએ એક પોસ્ટ મૂકી હતી એનું મથાળુ નઆપણે પ્રવાસન પર ધ્યાન કેન્દ્રીત કરીએથ. હતું. આમાં મોદીએ લખ્યું હતું કે લોથલમાં નવો પ્રકલ્પ ઈતિહાસરસિયા તથા સહેલાણીઓમાં નવી ચેતના અને જાગૃતિ લાવશે. આવા પ્રયાસથી પ્રવાસન અર્થતંત્રને પ્રોત્સાહન મળશે અને મારી આગાહી છે કે પ્રવાસન ઉદ્યોગ ભારતની વૃદ્ધિમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. પ્રવાસન વધે છે તો આવક વધે છે. હું આગેવાન અને આદરણીય પ્રોફેશનલને પ્રવાસન ઉદ્યોગમાં નવી તક શોધવાની અને મને તમારા નવાં સૂચનો મોકલવાનો અનુરોધ કરું છું. આ રીતે આપણે મજબૂત અર્થતંત્રમાં યોગદાન આપીશું અને આ સાથે આગામી પેઢી માટે આપણે સમૃદ્ધ વારસો જાળવી રાખીશું. આ સંકુલ પ્રાચીન લોથલને ડોક સિટીની નાની પ્રતિકૃતિ તરીકે સજીવ કરશે. મોદીએ એવી નોંધ લીધી હતી કે લોથલ એક સમયે વિવિધ સંસ્કૃતિઓનું, વિચારોનું અને વસ્તુઓનું વાઈબ્રન્ટ સંગમસ્થળ હતું. ખોદકામે એ વહાણવટાનું કેન્દ્ર હતું એવા સંકેત આપે છે. હજારો વર્ષ પહેલાં બંધાયેલી ગોદી આપણા પૂર્વજો કેવો મૌલિક જુસ્સો રાખે છે એ બતાડે છે. લોથલનું આધુનિક ઈજનેરી અને શહેરી આયોજન આધુનિક નિરીક્ષકોને આશ્ચર્યમાં મૂકી દે છે. (એજન્સી)

# ઓટોમોબાઈલ ઉદ્યોગને નીતિન ગડકરીની અપીલ, ઇથેનોલ, ફ્લેક્સ ઈંધણનો ઉપયોગને પ્રોત્સાહન આપવા આગ્રહ

નવી દિલ્હી: કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ મંગળવારે ઓટોમોબાઇલ ઉદ્યોગ સંગઠન સિયામના પ્રતિનિધિઓને ઇથેનોલ અને ફ્લેક્સ ઇંધણને લોકો માટે વધુ સ્વીકાર્ય બનાવવા પર વિચાર કરવા જણાવ્યું હતું. રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ જાણકારી આપી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે ગડકરીએ ઇથેનોલ અને ફ્લેક્સ ઇંધણ માટે ઓટોમોબાઇલ ઉદ્યોગની તૈયારીઓ અંગે ચર્ચા કરવા પરિવહન ભવન ખાતે સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરર્સ (સિયામ) ના પ્રતિનિધિઓ સાથે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. મીટિંગમાં ચર્ચા કરવામાં આવી હતી કે આગામી મહિનામાં કેવી રીતે ઇથેનોલ સંચાલિત વાહનો રજૂ કરવાની ઉદ્યોગ કેવી રીતે તૈયારી કરી રહ્યું છે. મંત્રાલયે કહ્યું હતું કે

**PUBLIC NOTICE**

**NOTICE** is hereby given on behalf of our client Shri Chhaganlal Bhanji Nanda residing at Flat No.1003 on the 10th Floor of the building known as Nandadevi belonging to Nandadevi Co-Operative Housing Society Limited, situated at Neelkanth Valley, 7th Road, Rajawadi, Ghatkopar (East), Mumbai-400077 that his notarized Will and Testament dated 04th day of August 2020 and his Registered Will and Testament dated 09th day of September 2020 (erroneously dated 9th September 2024 in the Online Complaint dated 05/09/2024) has been lost and/or is misplaced by our client i.e. Shri Chhaganlal Bhanji Nanda and our client is not able to trace his notarized Will and Testament dated 04th day of August 2020 and his Registered Will and Testament dated 09th day of September 2020 (erroneously dated 9th September 2024).

**FURTHER TAKE NOTICE THAT** our client Shri Chhaganlal Bhanji Nanda has filed an Online Complaint with Greater Mumbai Police website https://mumbaipolice.gov.in on 05/09/2024 bearing Complaint Id 75328/2024 for the lost and misplaced notarized Will and Testament dated 04th day of August 2020 and his Registered Will and Testament dated 09th day of September 2020 (erroneously dated 9th September 2024) and have further recorded that our client Mr. Chhaganlal Bhanji Nanda has cancelled and revoked his notarized Will and Testament dated 04th day of August 2020 and his Registered Will and Testament dated 09th day of September 2020 (erroneously dated 9th September 2024 through a Registered Deed of Revocation/ Cancellation dated 29th May 2023.

All persons are hereby required to take notice of the aforesaid and are required and warned not to accept or deal with the said accept or deal with the said notarized Will and Testament dated 04th day of August 2020 and his Registered Will and Testament dated 09th day of September 2020 (erroneously dated 9th September 2024) and/ or any Will and Testament whether registered and/or unregistered and/ or notarized and/ or affirmed prior to notarized Will and Testament dated 04th day of August 2020 and his Registered Will and Testament dated 09th day of September 2020 (erroneously dated 9th September 2024 in the Online Complaint dated 05/09/2024) in respect to any of the affairs of our client i.e Shri Chhaganlal Bhanji Nanda upon his demise under the said notarized Will and Testament dated 04th day of August 2020 and his Registered Will and Testament dated 09th day of September 2020 (erroneously dated 9th September 2024 in the Online Complaint dated 05/09/2024) and /or any Will and Testament whether registered and/or unregistered and/ or notarized and/ or affirmed prior to notarized Will and Testament dated 04th day of August 2020 and his Registered Will and Testament dated 09th day of September 2020 or otherwise. Any person doing so will do so at his own risk and consequences and such acts/transactions shall not be binding upon our client Shri Chhanganlal Bhanji Nanda.

Dated this 16th October 2024

Advocates for **Shri Chhaganlal Bhanji Nanda**
**V R Law**
**Regd. Off-** 6/42-43, Tardeo AC Market, Tardeo Road, Tardeo Mumbai-400034
**Office-** 53, Rajgir Chambers, 6th Floor, Opp Old Custom House, Fort, Mumbai-400023

# નૌકાદળના રડાર સ્ટેશનનો રાજનાથ દ્વારા શિલાન્યાસ

વિકારાબાદ (તેલંગણા): સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મંગળવારે ભારતીય નૌકાદળના વેરી લો ફ્રીકવન્સી રડાર સ્ટેશનનો જિલ્લાના દમાગુંડમ વન વિસ્તારમાં શિલાન્યાસ કર્યો હતો. આ દેશમાં નૌકાદળનું બીજું વીએલએફ કમ્યુનિકેશન ટ્રાન્સમિશન સ્ટેશન છે. તેલંગણા સરકારની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર તમિળનાડુના તિરુનેલવેલીમાં પહેલું નામે આઈએનએસ કટ્ટાબોમાન રડાર સ્ટેશન ઊભું કરાયું હતું. આ પ્રસંગે તેલંગણાના મુખ્ય પ્રધાન એ, રેવંત રેડ્ડી, કેન્દ્રના પ્રધાન બાન્ડી સંજય કુમાર અને બીજા મહાનુભાવો હાજર હતા. હૈદરાબાદમાં પત્રકારોને સંબોધતાં કેન્દ્રના પ્રધાન જી. કિશન રેડ્ડીએ કહ્યું હતું કે આ પ્રકલ્પ રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્ત્વનો હોવાથી તેલંગણા માટે આ ગર્વની ક્ષણ છે. બીઆરએસના નેતા કે. ટી. રામરાવે એવો આક્ષેપ કર્યો હતો કે તેમનો પક્ષ વિકારાબાદમાં રડાર સ્ટેશનનો વિરોધ કરે છે કારણ કે આનાથી પર્યાવરણીય અસમતુલા સર્જાશે. આ આક્ષેપોને રદિયો આપતાં રેડ્ડીએ કહ્યું હતું રે હકીકીતમાં કે.ચંદ્રશેખર રાવની આગેવાની હેઠળની સરકારે આ માટે કેન્દ્રને જમીન અને પરવાનગી આપી હતી. તેલંગણા ભાજપના વડાએ કહ્યું હતું કે ડિસેમ્બર ૨૦૧૭માં તેલંગણા સરકારના વન અને પર્યાવરણ વિભાગે બહાલી આપી હતી. ત્યારના જીઓ પ્રમાણે ધામગુંડમ વન વિસ્તારની ૨૯૦૦ એકર જમીન પ્રકલ્પ માટે આપવામાં આવી હતી. પ્રોજેક્ટનો વિચાર ૨૦૧૦માં આવ્યો હતો અને ત્યારે મનમોહન સિંહ વડા પ્રધાન હતા. રામારાવે સોમવારે આક્ષેપ કર્યો હતો કે પ્રોજેક્ટમાં ૨૯૦૦ એકર જમીન જોઈશે અને આમાં ૧૨ લાખ ઝાડ ને કાપવા પડશે. રેડ્ડીએ કહ્યું હતું કે ૨૯૦૦ એકરમાંથી ૧૫૦૦ એકર જમીનમાં કોઈ ઝાડ કાપવામાં નહીં આવે. (એજન્સી)

# ગાંધીધામના નરાધમને ૧૦ વર્ષની સખત કેદ અને ૪૦ હજાર દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એક ૧૬ વર્ષ ૬ માસની કિશોર વયની કન્યાનું મિત્રતા કેળવ્યા બાદ અપહરણ કરી, અમદાવાદ તથા ભચાઉ ખાતે લઈ જઈ દુષ્કર્મ ગુજારવાના જે-તે વખતે ચર્ચાસ્પદ બનેલા ગુનામાં ગાંધીધામની કોર્ટે નરાધમ આરોપીને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા અને ૪૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

આરોપી હિતેશ રાયશી સોલંકી વિરુદ્ધ ગત ૦૯-૧૧-૨૦૧૯ના રોજ ગાંધીધામ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનામાં આજે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૬૩ હેઠળ પાંચ વર્ષની સખ્ત કેદ અને પાંચ હજાર રૂપિયા દંડ, કલમ ૩૬૬ હેઠળ ૭ વર્ષની સખ્ત કેદ અને પાંચ હજાર દંડ તથા કલમ ૩૭૬ અને પોક્સોની કલમ ૪, ૮ તળે દસ-દસ વર્ષની સખ્ત કેદ સાથે ૧૫-૧૫ હજાર રૂપિયા દંડ ફટકાર્યો છે. એડિશનલ સેશન્સ જજ તથા પોક્સો કોર્ટના ખાસ જજ બી.જી. ગોલાણીએ દંડની રકમ વસૂલ થયે તેમાંથી ૩૫ હજાર રૂપિયા તથા વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કિમ અંતર્ગત ૧ લાખ રૂપિયા ચૂકવવા ગુનાનો ભોગ બનનારને વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો હતો.

# દિલ્હીમાં ફટાકડાના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ

નવી દિલ્હી: દિલ્હી સરકારે સમગ્ર શહેરમાં તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર તાત્કાલિક પ્રતિબંધ મૂક્યો છે, જે ૧લી જાન્યુઆરી સુધી અમલમાં રહેશે. આ જાહેરાત દિલ્હીના પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે કરી હતી. તેમજ દિલ્હીવાસીઓને હવાના પ્રદૂષણને અટકાવવા માટે સરકારના પ્રયાસોને ટેકો આપવા વિનંતી પણ કરી હતી. પર્યાવરણ પ્રધાને એક્સ પર પોસ્ટમાં જણાવ્યું કે શિયાળામાં વધતા પ્રદૂષણને ધ્યાને લઇને આજથી ૧લી જાન્યુઆરી સુધી ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. તેમણે કહ્યું કે દિલ્હી સરકારે પ્રતિબંધોના સંબંધમાં સૂચનાઓ જારી કરી છે અને અમે તમામ દિલ્હીવાસીઓ પાસેથી સહયોગની વિનંતી કરીએ છીએ. દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિએ ઉલ્લંઘન માટે કડક સજાની જોગવાઇઓ સાથે પ્રતિબંધના અસરકારક અમલીકરણની ખાતરી કરવા વિગતવાર સૂચનાઓ જારી કરી છે.

**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

W/૬૨૩/NIT/૧ **ઈ-ટેન્ડરીંગ નોટિસ** તારીખ: ૧૦.૧૦.૨૦૨૪

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ **www.ireps.gov.in** પર ઈ-ટેન્ડર દ્વારા "ઓપન ટેન્ડર" મંગાવે છે. વિગતો નીચે મુજબ છે –

| ક્ર. નં. | ઇ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય ₹ | ₹ માં બારડી | પૂર્ણતાનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૪-૨૫-૩૭R | ૪,૧૮,૧૭,૯૫૨.૮૦ | ૩,૫૯,૧૦૦/- | ૧૫ મહિના |
| | ડૉ. આંબેડકર નગર (mhow) - અતિક્રમણ અટકાવવા યાર્ડમાં બાઉન્ડ્રી વોલની જોગવાઈ. (કુલ લંબાઈ ૨.૭ કીમી) & ઈન્દોર – ડૉ. આંબેડકર નગર (મહુ) સેક્શન: અતિક્રમણને રોકવા માટે યાર્ડમાં બાઉન્ડ્રી વોલની જોગવાઈ (કુલ લંબાઈ ૨.૫ કીમી) | | | |
| | **અંદાજિત જથ્થો:** ટેન્ડર શેડ્યૂલ મુજબ. **ટેન્ડર ફોર્મની કિંમત:** Nil. **કામનો સમાન પ્રકાર:** કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ વર્ક જેમાં PSC એલીમેન્ટ્સ જેમ કે PSC ગર્ડર્સ / PSC સ્લેબ / PSC સ્લીપર વગેરે. **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ:** ૧૦.૧૦.૨૦૨૪. **ટેન્ડરની ખોલવાની તારીખ:** ૦૭.૧૧.૨૦૨૪ | | | |
| ૨ | RTM-૨૦૨૪-૨૫-૯૨ | ૩,૭૨,૧૭,૭૨૨.૦૯ | ૩,૬૩,૧૦૦/- | ૧૨ મહિના |
| | ચાંદેરિયા – રતલામ: સેસ-૨૩-૭૪૫ TKM નું વિસ્તરણ. | | | |
| | **અંદાજિત જથ્થો:** ટેન્ડર શેડ્યૂલ મુજબ. **ટેન્ડર ફોર્મની કિંમત:** Nil. **કામનો સમાન પ્રકાર:** કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ વર્ક. **વેબસાઈટ પર અપલોડિંગની તારીખ:** ૧૦.૧૦.૨૦૨૪. **ટેન્ડરની ખોલવાની તારીખ:** ૦૭.૧૧.૨૦૨૪ | | | |
| ૩ | RTM-૨૦૨૪-૨૫-૯૧ | ૧,૬૧,૮૯,૦૬૪ | ૨,૩૧,૦૦૦/- | ૨૪ મહિના |
| | DAD-૦૨ વર્ષ માટે DADN સ્ટેશન ખાતે ટેન્કર દ્વારા પોટેબલ ડ્રીન્કીંગ વોટરની સપ્લાય. | | | |
| | **અંદાજિત જથ્થો:** ટેન્ડર શેડ્યૂલ મુજબ. **ટેન્ડર ફોર્મની કિંમત:** Nil. **કામનો સમાન પ્રકાર:** કોઈપણ એન્જિનિયરિંગ વર્ક. **વેબસાઈટ પર અપલોડિંગની તારીખ:** ૧૦.૧૦.૨૦૨૪. **ટેન્ડરની ખોલવાની તારીખ:** ૦૪.૧૧.૨૦૨૪ | | | |

વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ **www.ireps.gov.in** ખાતે ઉપલબ્ધ છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (W/A)
રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

Ak/5/1/265

અમને લાઈક કરો: www.facebook.com/WesternRly | અમને ફોલો કરો: www.twitter.com/WesternRly




# ૨૩ નવેમ્બરે ખબર પડી જશે કે લાડકી બહેનોને મહાયુતિ લાડકી છે કે પછી મહા વિકાસ આઘાડી

## ૪૫,૦૦૦ કરોડ રૂપિયાની લહાણી લાડકી બહેન યોજના માટે કર્યા પછી મહિલાઓ મહાયુતિને જીતાડે છે કે નહીં એ છે યક્ષ પ્રશ્ન

મુંબઈઃ શિવસેના અને એનસીપીમાં ભાગલાને પગલે અડધો ડઝન મહત્ત્વના ખેલાડીઓની રણનીતિ, ખંડિત રાજ્યવ્યવસ્થા, મરાઠા અનામત આંદોલન અને વિરોધ પક્ષના જુસ્સામાં આવેલા ઉભરા જેવા પરિબળો તેમજ છેલ્લી ચૂંટણીમાં આવેલા નાટ્યાત્મક ફેરફારોને પગલે આ વખતની મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીમાં ખૂબ રસાકસી જોવા મળશે. જોકે આ વખતે લાડકી બહેન યોજા મહાયુતિને ફળશે મહા વિકાસ આઘાડીને કે એ જોવું રહ્યું.




ઉત્તર પ્રદેશ (૪૦૩) પછીની બીજી સૌથી મોટી ૨૮૮ સભ્યોની વિધાનસભાની ચૂંટણી ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં યોજાશે અને મતગણતરી ૨૩ નવેમ્બરે થશે એવી જાહેરાત ચૂંટણી પંચે મંગળવારે કરી હતી.

કૉંગ્રેસના સંસદ સભ્ય વસંત ચવ્હાણના નિધનને કારણે નાંદેડ લોકસભા પેટા ચૂંટણી થવી જરૂરી છે જે ૨૦ નવેમ્બરે થશે. મહાયુતિ સરકારની વાર્ષિક ૪૬ હજાર કરોડ રૂપિયાની લહાણી કરતી કલ્યાણકારી 'લાડકી બહીણ યોજના' લોકસભાની ચૂંટણીમાં નબળા દેખાવ પછી શાસક જૂથનું પલડું ભારે કરશે એમ માનવામાં આવે છે. મહાયુતિમાં ભાજપ, શિંદેની શિવસેના અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ બે કરોડ ૫૦ લાખ લાભાર્થીઓને આવરી લેવાનું સરકારનું લક્ષ્ય છે. મહારાષ્ટ્રમાં લગભગ ૪ કરોડ ૫૦ લાખ મહિલા મતદાતા છે.

ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપીની બનેલી મહાયુતિની સીધી લડત કૉંગ્રેસ, શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી) સાથે છે. એમવીએ અને મહાયુતિએ હજી સુધી તેમની બેઠકોની વહેંચણીની જાહેરાત નથી કરી. ૨૦૨૨માં શિવસેના અને એક વર્ષ બાદ એનસીપીમાં ભાગલા પડ્યા બાદ આગામી વિધાનસભાની ચૂંટણી આ બંને મોટા ગઠબંધન માટે બળાબળની કસોટી હશે. લોકસભાની ચૂંટણીમાં ૪૮માંથી ૧૭ બેઠકમાં વિજય મેળવનાર શાસક ગઠબંધનને આંચકો લાગ્યો હતો અને ૩૦ બેઠક પર વિજય મેળવી વિપક્ષ એમવીએનું પ્રદર્શન સારું રહ્યું હતું. અલબત્ત, વિધાનસભાની ચૂંટણીમાં અલગ રાજકીય ખેલ જોવા મળી શકે છે. દશેરા (૧૨ ઓક્ટોબર)ના દિવસે રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન અને (જુઓ પાનું ૪) ▶▶

## ઈલેક્શનની આંકડાબાજી

**૨૮૮**
વિધાનસભાની કુલ બેઠકો

**૯.૬૩**
આટલા કરોડ કુલ મતદારો

**૪.૯૭**
આટલા કરોડ પુરુષ મતદારો

**૪.૬૬**
આટલા કરોડ મહિલા મતદારો

**૧૦.૭૭**
આટલા લાખ મહિલા મતદારો વધ્યા

**૧.૮૫**
આટલા કરોડ યુવાન મતદારો

**૧૯.૪૮**
આટલા લાખ નવા મતદારો

**૪૭,૭૭૬**
આટલા ૧૦૦ વર્ષથી વધુના મતદારો

**૪૨,૪૩,૦૦૦**
આટલા ૮૫ વર્ષથી વધુ વયના મતદારો

**૬,૩૬,૦૦૦**
આટલા દિવ્યાંગ મતદારો

**૬,૦૩૧**
આટલા તૃતીયપંથી મતદારો

**૧,૦૦,૧૮૬**
આટલા હશે રાજ્યનાં કુલ પોલિંગ બૂથ

**૪૨,૬૦૨**
આટલા હશે શહેરોમાંનાં પોલિંગ બૂથ

**૫૭,૫૮૨**
આટલા હશે ગ્રામીણ વિસ્તારોમાંનાં પોલિંગ બૂથ

# આ ચૂંટણી તો ભલભલા દિગ્ગજ નેતાઓ માટે વૉટરલૂ સાબિત થશે

## સ્વતંત્રતા પછી જોવા નથી મળી એવું તડજોડનું રાજકારણ મહારાષ્ટ્રમાં છેલ્લાં પાંચ વર્ષમાં થયું છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનું બ્યૂગલ આખરે મંગળવારે ફૂંકવામાં આવ્યું હતું. છેલ્લા અનેક દિવસથી આ માટેની ચર્ચા ચારેકોર ચાલી રહી હતી. આ વિધાનસભા ચૂંટણી મહારાષ્ટ્ર માટે વધુ મહત્ત્વની છે. કારણ કે મહારાષ્ટ્રમાં છેલ્લાં પાંચ વર્ષમાં જે રાજકીય વિકાસ થયો એ વિકાસ જનતાના મનમાં નક્કી છે અને એ જાણવા માટે આ ચૂંટણી મહત્ત્વની છે. આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી અને તેનું પરિણામ એ ઈતિહાસના પાના પર નક્કી નોંધ થશે. કારણ કે મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લાં અમુક વર્ષમાં જે બન્યું છે એ અનેક દાયકાથી બન્યું નથી.

મહારાષ્ટ્રની આ વિધાનસભા ચૂંટણી રાજ્યના ચાણક્ય ગણાતા શરદ પવાર અને દેશના ચાણક્ય ગણાતા અમિત શાહ જ નહીં, પણ ભાજપ, કોંગ્રેસ, બંને એનસીપી અને બંને શિવસેના માટે પણ વૉટરલૂની લડાઈ બની રહેશે. જાણકારોનું માનીએ તો દેશના રાજકારણની આગામી દિશા પણ મહારાષ્ટ્રની ચૂંટણીનાં પરિણામો નક્કી કરે એવી શક્યતા છે. મહારાષ્ટ્રની (જુઓ પાનું ૪) ▶▶

### મહારાષ્ટ્રની હાલની ચૂંટણી જુદી શા માટે?

મહારાષ્ટ્રમાં હાલની ચૂંટણી સાવ જુદી કરવામાં આવી છે. કારણ અહીંની રાજકીય પરિસ્થિતિ ખૂબ જ ખાનાખરાબીવાળી થઇ ગઇ છે. રાજ્યમાં બે મોટા પ્રાદેશિક પક્ષોમાં ફાટફૂટ થઇ ગઇ છે. શિવસેના પક્ષ એ બે જૂથમાં વહેંચાઈ ગયો છે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વનો સત્તાધારી શિવસેના પક્ષ અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વનો શિવસેના પક્ષ એમ બે પક્ષ બની ગયા છે. એનસીપી પક્ષની સુધ્ધાં એ જ અવસ્થા થઇ ગઇ છે. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનો પક્ષ અને શરદ પવારનો પક્ષ, એમ બે એનસીપી પક્ષ થઇ ગયા છે. હાલની પરિસ્થિતિમાં રાજ્યમાં માત્ર ભાજપ અને કોંગ્રેસ એમ બે જ પક્ષમાં કોઇ ભંગાણ નથી થયું.

મહારાષ્ટ્રમાં તડજોડના (જુઓ પાનું ૪) ▶▶

# ચૂંટણી પંચ રમત રમી ગયું, પ્રચાર માટે માત્ર ૩૫ દિવસ જ આપ્યાઃ વિપક્ષો ભડક્યા

મુંબઈઃ ચૂંટણી પંચે સરકારને તેમની યોજનાઓની જાહેરાત કરવા માટે પૂરતો સમય આપ્યો, પણ વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર કરીને પ્રચાર માટેનો સમય સામાન્ય કરતાં ઓછો આપ્યો હોવાનું વિપક્ષે મંગળવારે ચૂંટણીની જાહેરાત થયા બાદ જણાવ્યું હતું.

એ એવું પણ નિર્દેશ કરે છે કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ૨૮૮ સભ્યોની છે અને એ ઉત્તર પ્રદેશ (૪૦૩) પછી બીજા નંબરની સૌથી મોટી વિધાનસભાની ચૂંટણી ૨૦મી નવેમ્બરે એક જ તબક્કામાં યાજોશે, જ્યારે આ જ રાજ્યમાં લોકસભાની ચૂંટણી પાંચ તબક્કામાં યોજાઈ હતી. વિપક્ષના નેતા અને કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે જણાવ્યું હતું કે ચૂંટણી પંચ સામાન્ય રીતે રાજકીય પક્ષોને તેમના ઉમેદવારોને ફાઈનલ કરવા, નોમિનેશન સબમિટ કરવા અને (જુઓ પાનું ૪) ▶▶

### ૮૫ પ્લસના વૃદ્ધો ઘરેથી વોટ આપી શકશે

૮૫ વર્ષથી વધુ વયના મતદારોને ઘરેથી મતદાન કરવાની સુવિધા આપવામાં આવશે. આવા મતદારો પાસેથી ફોર્મ-૧૨ ભરવામાં આવશે. આ ફોર્મ ભરી દેનારાઓ પાસે ચૂંટણી પંચની ટીમ જશે. તમામ ઉમેદવારને રૂટ ચાર્ટ પણ આપવામાં આવશે. તમામ પ્રક્રિયાની વીડિયો શૂટિંગ કરવામાં આવશે. તેનો રેકોર્ડ રાખવામાં આવશે. ■

### મતદાન કેન્દ્રોમાં બેસવાની વ્યવસ્થા હોવી જ જોઈએ

ચૂંટણી પંચે મુંબઈના મતદારો માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. લોકસભાની ચૂંટણીમાં મુંબઈના અનેક મતદાન કેન્દ્રમાં યોગ્ય આયોજનના અભાવે લાંબી લાઇનો લાગી હતી. તેથી મતદારો કંટાળીને ઘરે જતા રહ્યા હતા. તેથી ચૂંટણી પંચે આ બાબતની ગંભીર નોંધ લઇને પાલિકાને મતદાન કેન્દ્ર પર મતદારો માટે બેસવાની વ્યવસ્થા કરવાનો આદેશ આપ્યો છે.■

### રોકડ લઈ જતાં વાહનો પર પ્રતિબંધ

એટીએમ માટે પૈસા લઇ જતા વાહનો પર ચૂંટણીના સમયમાં સાંજે છ વાગ્યાથી સવારે આઠ વાગ્યા સુધી પ્રતિબંધ રહેશે. રાજ્યમાં નાણાંની હેરફેર, ડ્રગ્સ અને દારૂના ટ્રાન્સપોર્ટ પર પ્રતિબંધ રહેશે. ચૂંટણી સમયમાં ઍમ્બ્યુલન્સ, બૅંક અને પતપેઢીઓ પર પણ નજર રાખવામાં આવશે. ■

### પ્રચારમાં કયા મુદ્દા મહત્ત્વના રહેશે

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં મહાયુતિ સરકારના પ્રચારમાં વિકાસકામો, લાડકી બહિણ યોજના જેવી વિવિધ મોટી જાહેરાત કેન્દ્રબિંદુમાં રહેશે. બીજી બાજુ મહાવિકાસ આઘાડીના પ્રચારમાં બળવાનો મુદ્દો મહત્ત્વનો રહેશે. ઉદ્ધવ ઠાકરે પર હાલમાં એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી છે. આવી પરિસ્થિતિમાં (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




AUTHORISED DEALERS: MUMBAI: (SOUTH & CENTRAL): EXCELL AUTOVISTA: BANDRA (W) 9209200071, SAI SERVICE: LOWER PAREL - 8879590112 / 02243030317, VITESSE: WORLI 4200 5464/ 02267304947/ 8108508617, SAH & SANGHI: KEMPS CORNER 8879939452 / 8108184122, AUTOMOTIVE: KURLA 1800 2100 021, KTS AUTOMOTORS: FORT 22101234, 9833246246. MUMBAI (EAST, WEST & NORTH): SHIVAM AUTOZONE: KANDIVALI (W) 8082666333, MY CAR: VILE PARLE (W) 9028146999, SAI SERVICE: ANDHERI 43030550, 43030505, GOREGAON 9594952100, 9594952213, BORIVALI 29678888, 29678800, KIRAN MOTORS: GHATKOPER (W): 7400362222, 7400483333, EXCELL AUTOVISTA: MALAD (W) 9209200071, FORTPOINT CARS: JOGESHWARI 9594973626. SUPREME AUTOMOBILES: MIRA ROAD: 8976877177. THANE: VELOX: MULUND 9111949494, FORTPOINT CARS: THANE 40791111, AHER AUTOPRIME: KALYAN 02512327344, 9702919919, PRAKASH AUTO: ULHASNAGAR 8983003363, 9967468558, SIMRAN MOTORS: AIROLI 9223161411, NAVNIT MOTORS: THANE 022-41556699, 9821807000, VELOX MOTORS: WAGLE ESTATE THANE 9920059595. PALGHAR: SHIVAM AUTOZONE: BOISAR 9664393939, SHIVAM AUTOZONE: WADA 9326721001, 9326721005, SAI SERVICE: VASAI 9594952175. NAVI MUMBAI: EXCELL AUTOVISTA: KHARGHAR 9209200071, AUTOMOTIVE: NAVI MUMBAI 1800 2100 021, SIMRAN MOTORS: PANVEL 7506278049, MY CAR - VASHI 7719800000. E-OUTLET: KIRAN MOTORS: KHOPOLI 9082564477/7400362222, SAI SERVICE: VIRAR 8605000904, PALGHAR 8308806721, DAHANU - 9167980093, SIMRAN: WADKHAL 9223161473, KARJAT 9223181114, MAHAD 9223161415, ALIBAG - 9223161461/9223161462, MANGAON 9223161426, AUTOMOTIVE: DOMBIVALI 1800 2100 021, SHIVAM AUTOZONE: TALASARI 9664666111, SHAHAPUR 9664222666, NALASOPARA 9870597777, VELOX: SHILPHATA 9111949494, PRAKASH AUTO: KONEGAON 9579298697, BADLAPUR 8097707770, MURBAD 9702639469, AHER AUTOPRIME: TITWALA 8422871736. R-OUTLET: SAI SERVICE: MANOR 7506448316, 8879685577, EXCELL AUTOVISTA: ROHA 9209200071, MY CAR: ULWE 8104906845, AHER AUTOPRIME: AMBERNATH 7208985578, MY CAR: URAN 8104906916.

Creative visualisation. Accessories and features shown may not be part of standard fitment and may vary according to variant. Images used are for illustration purposes only. Black glass on the vehicle is due to lighting effect. Colours shown may vary from actual body colours due to printing on paper. ^Fuel efficiency as certified by test agency Rule 115 of CMVR 1989.#The claim 'Best-in-Segment Mileage' is supported by JATO Dynamics certificate dated 30th April 2024 for Petrol & 27th August 2024 for CNG. **Offers may vary subject to the model and variant purchased. All offers are applicable till 31st October'24 or till stocks last.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**